પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**

કોઈની સાથે આપણી ઓળખાણ થાય, એ કારણ વગર થતી નથી. પૂર્વજન્મના પણ કંઈક સબંધ હોય, તો જ થાય છે.

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૭-૪-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૫, અંક : ૩૫





Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

### આને કહેવાય 'ગરજે ગધેડાને બાપ'

# મુનિર અને શરીફને મહાન ગણાવી ઈસ્લામાબાદ દોડી જવા ટ્રમ્પે "તત્પરતા" બતાવી!!!

## જો યુધ્ધ સમાપ્તની મંત્રણા સફળ રહેશે તો ૨૦ વર્ષ બાદ અમેરિકી રાષ્ટ્રપતિની પહેલી પાકિસ્તાન મુલાકાત હશે

લોકબોલીમાં કહેવાય છે કે ''ગાજ્યા મેઘ વરસે નહીં'', અને ડોનાલ્ડ ટ્રમ્પના કિસ્સામાં આ વાત સાચી પડતી દેખાય છે. ઈરાન સાથેના યુદ્ધની શરૂઆતમાં ટ્રમ્પે મોટી મોટી ડંફાસો મારી હતી કે ઈરાનને 'પથ્થર યુગ'માં ધકેલી દઈશું, પણ આજે પરિસ્થિતિ કંઈક અલગ જ વળાંક લઈ રહી છે. સતત



બોમ્બમારો અને આર્થિક નાકાબંધી પછી પણ ઈરાન નમતું જોખવા તૈયાર નથી, ત્યારે હવે અમેરિકા માટે આ યુદ્ધ લાંબુ ખેંચવું મજબૂરી બની ગયું છે. ટ્રમ્પ અત્યારે રઘવાયા થયા છે, કારણ કે અમેરિકાનું અર્થતંત્ર હવે યુદ્ધનો બોજ ખમી શકે તેમ નથી. એટલે જ, જે પાકિસ્તાનને અત્યાર સુધી ભાવ નહોતો મળતો, તેના વડાપ્રધાન શહેબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરને ટ્રમ્પ અત્યારે 'મહાન' ગણાવી રહ્યા છે. આપણા કાઠિયાવાડમાં એક કહેવત છે જે આ આખી સ્થિતિને એક જ વાકયમાં સમજાવી દે છે: ''ગરજે ગધેડાને બાપ કહેવો પડે.'' આજે ટ્રમ્પની હાલત પણ કંઈક આવી જ છે, મજબૂરીમાં તેમને ઈસ્લામાબાદ જવાના ફાંફા મારવા પડી રહ્યા છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે પત્રકારો સાથેની વાતચીતમાં ભારે નમ્રતા બતાવતા કહ્યું કે જો ઈરાન સાથેનો શાંતિ કરાર પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં નક્કી થાય, તો તેઓ પોતે ત્યાં જવા તૈયાર છે. ટ્રમ્પે પાકિસ્તાનના પીએમ શહેબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરના મોં ફાટ વખાણ કરતા કહ્યું કે, ''તેઓ અત્યંત શ્રેષ્ઠ સાબિત થયા છે.''

આવતા અઠવાડિયે અમેરિકા અને ઈરાન વચ્ચેનો સીઝફાયર (યુદ્ધવિરામ) પૂરો થઈ રહ્યો છે. ટ્રમ્પને આશા છે કે તે પહેલા ડીલ થઈ જશે. જોકે, પડદા પાછળની હકીકત એ છે કે ૨૧ કલાક સુધી ચાલેલી જે.ડી. વેન્સ અને ઈરાની પ્રતિનિધિઓ વચ્ચેની બેઠક કોઈ ચોક્કસ નિષ્કર્ષ વગર પૂરી થઈ છે. ઈરાને અમેરિકાની શરતોને ''અતાર્કિક'' ગણાવીને ફગાવી દીધી છે.

એક સમયે ઈરાનને જમીનદોસ્ત કરવાની વાતો કરનારા ટ્રમ્પ હવે પાકિસ્તાનના આશરે શાંતિ શોધવા નીકળ્યા છે. કાઠિયાવાડી લહેકામાં કહીએ તો, આ માત્ર રાજદ્વારી મુત્સદ્દીગીરી નથી, પણ અમેરિકાની 'ગરજ' છે જે તેમને ઈસ્લામાબાદ સુધી ખેંચી રહી છે. જો આ ડીલ થશે, તો ૨૦ વર્ષમાં કોઈ અમેરિકી રાષ્ટ્રપતિની આ પહેલી પાકિસ્તાન મુલાકાત હશે.

### ૨૦ વર્ષ સુધી ન્યુક્લિયર ઉપયોગ ન કરવાની સાથે યુરેનિયમ સોંપશે ઈરાન: ટ્રમ્પ

વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેહરાન (ઈરાન) તેના સંવર્ધિત યુરેનિયમનો તમામ જથ્થો સોંપવા માટે તૈયાર થઈ ગયું છે. ટ્રમ્પે આ યુરેનિયમને ''ન્યુક્લિયર ડસ્ટ'' ગણાવતા કહ્યું કે, ''તેઓ અમને પરમાણુ ધૂળ પાછી આપવા સંમત થયા છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે ઈરાન ક્યારેય પરમાણુ હથિયાર ન બનાવી શકે અને તેઓ આ વાત પર સંપૂર્ણ સહમત થયા છે.''સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનની મધ્યસ્થીમાં ચાલી રહેલી આ વાટાઘાટોમાં અમેરિકાએ ઈરાન સામે શરત મૂકી છે કે તેણે આગામી ૨૦ વર્ષ સુધી તેના પરમાણુ કાર્યક્રમ પર રોક લગાવવી પડશે.ઈરાને અગાઉ ૫ વર્ષની દરખાસ્ત મૂકી હતી, જેને વોશિંગ્ટને ફગાવી દીધી હતી. અત્યારે આ લાંબા ગાળાના પ્રતિબંધ અંગે આખરી ચર્ચાઓ ચાલી રહી છે.

### શેઠની શિખામણ ઝાંપા સુધી !!

### ઈઝરાયલ-લેબનોનની ૧૦ દિવસ યુધ્ધવિરામ જાહેરાતની સાથે જ ઈઝરાયલે હુમલો કર્યો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતા બાદ ઈઝરાયલ અને લેબનોન વચ્ચે ૧૦ દિવસના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ આ શાંતિની જાહેરાત માત્ર કાગળ પર જ રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. 'શેઠની શિખામણ ઝાંપા સુધી' જેવો ઘાટ સર્જાયો છે, કારણ કે યુદ્ધવિરામનો સમયગાળો શરૂ થતાની સાથે જ ઈઝરાયલે લેબનોનના સરહદી વિસ્તારોમાં ફરી શેલિંગ શરૂ કરી દીધું છે.

ટ્રમ્પે ટુથ સોશિયલ પર આશા વ્યક્ત કરી હતી કે ૧૯૮૩ પછી પ્રથમ વખત બંને દેશો વચ્ચે અર્થપૂર્ણ શાંતિ વાટાઘાટો થશે. જોકે, ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પહેલેથી જ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ દક્ષિણ લેબનોનમાંથી પોતાની સેના પાછી ખેંચશે નહીં. આ સુરક્ષા ઝોનની જિદ અને હેઝબુલ્લાહના વિરોધ વચ્ચે યુદ્ધવિરામનો અમલ શરૂઆતથી જ ડગમગતો જોવા મળ્યો હતો.

લેબનોનની સેનાના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામ લાગુ થયાના ગણતરીના કલાકોમાં જ ઈઝરાયેલ તરફથી તોપમારો કરવામાં આવ્યો હતો. આ સ્થિતિને જોતા સેનાએ વિસ્થાપિત થયેલા નાગરિકોને હાલ પોતાના ગામ પરત ન ફરવા તાકીદ કરી છે. શાંતિની જાહેરાત છતાં સરહદ પર ગુંજતા બોમ્બ ધડાકાઓએ સાબિત કર્યું છે કે મધ્ય પૂર્વમાં કાયમી શાંતિ હજુ પણ એક મોટો પડકાર છે.

### "દરિયો કોઈના બાપનો નથી"

### માલવાહક જહાજો પર હુમલા અસ્વિકાર્ય સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનો આકરો સૂર

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે હોર્મુઝની સામુદ્રધુનીમાં વાણિજ્યિક જહાજો પર થઈ રહેલા હુમલાઓ સામે લાલ આંખ કરી છે. ભારતીય રાજદૂત હરીશ પી. એ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર હુમલા બિલકુલ અસ્વીકાર્ય છે.ભારતે માલવાહક જહાજો અને નિર્દોષ ખલાસીઓને નિશાન બનાવવાની ઘટનાની સખત નિંદા કરી છે.આ માર્ગ ભારતની ઊર્જા અને આર્થિક સુરક્ષા માટે મહત્વનો છે. હુમલામાં ભારતીય ખલાસીઓએ જીવ ગુમાવ્યા હોવાની પણ ભારતે ગંભીર નોંધ લીધી છે. ભારતે તમામ દેશોને સંયમ રાખવા અને દરિયાઈ સરહદોના સન્માન સાથે તુરંત 'સેફ નેવિગેશન' પુનઃસ્થાપિત કરવા અપીલ કરી છે.ભારતે સ્પષ્ટ કર્યું છે કે વૈશ્વિક વેપારના માર્ગો સુરક્ષિત રાખવા માટે આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન થવું જ જોઈએ.

# અંબાણીને પાછળ રાખી અદાણી, બન્યાં એશિયાના નંબર વન ધનાઢ્ય

## છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં અદાણી ગ્રુપની કંપનીઓના ભાવ ખૂબ જ ઝડપથી વધ્યા જેથી અદાણીની સંપત્તિમાં રૂ.૨૯ હજાર કરોડથી વધુનો વધારો થયો

**અબતક, રાજકોટ**

શેરબજારમાં અદાણી ગ્રુપના શેરોમાં આવેલા ઉછાળાને કારણે ગૌતમ અદાણીએ ફરી એકવાર રિલાયન્સના માલિક મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં અદાણી ગ્રુપની કંપનીઓ (જેમ કે અદાણી પોર્ટ્સ, અદાણી પાવર અને અદાણી એન્ટરપ્રાઈઝ) ના ભાવ ખૂબ જ ઝડપથી વધ્યા છે. માત્ર એક જ દિવસમાં અદાણીની સંપત્તિમાં રૂ.૨૯,૦૦૦ કરોડથી વધુનો વધારો થયો. જ્યારે ગ્રુપના શેર વધે, ત્યારે માલિકની નેટ વર્થ પણ સીધી વધી જાય છે.



હવે અદાણી એશિયાના સૌથી અમીર અને દુનિયાના ૧૯મા નંબરના ધનિક

(અનુ. આઠમા પાને)

### 'ભ્રષ્ટ' નેપાળમાં જેન-જી સરકારનું સફાયો અભિયાન

# પૂર્વ વડાપ્રધાનો અને ૧૦૦ જેટલા મિનિસ્ટરો સહિતનાની મિલકતોની તપાસ કરશે નેપાળ સરકાર

## પીએમ બાલેન્દ્ર શાહની સરકારે નિવૃત્ત સુપ્રીમ કોર્ટના જજ રાજેન્દ્ર કુમાર ભંડારીના નેતૃત્વમાં ૫ સભ્યોની જ્યુડિશિયલ પેનલની રચના કરી: ૨૦૦૬ થી અત્યાર સુધીના તમામ નેતાઓ અને અધિકારીઓની સંપત્તિની તપાસ થશે

**અબતક, નવી દિલ્હી**

નેપાળમાં પીએમ બાલેન્દ્ર શાહના નેતૃત્વમાં નવી બનેલી સરકારે એક ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. સરકારે વર્ષ ૨૦૦૬ થી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી સાર્વજનિક હોદ્દા પર રહેલા લોકોની સંપત્તિની તપાસ કરવા માટે ૫ સભ્યોની

(અનુ. આઠમા પાને)

### કમિશનની રચના અને તેનું નેતૃત્વ

૫ માર્ચની ચૂંટણીમાં રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીની મોટી જીત બાદ અને યુવાઓના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના પગલે આ તપાસ પંચની રચના કરવામાં આવી છે. ૫ સભ્યોના કમિશનનું નેતૃત્વ નિવૃત્ત સુપ્રીમ કોર્ટના જજ રાજેન્દ્ર કુમાર ભંડારી કરી રહ્યા છે. આ કમિશન કાનૂની માપદંડો અને પુરાવાના આધારે પોતાની નિષ્પક્ષ તપાસ આગળ વધારશે.

### દિવંગત નેતાઓના પરિવારો પણ તપાસમાં

૨૦૦૬ થી ૨૦૨૫-૨૬ વચ્ચે પદ પર રહેલા તમામ મોટા માથાઓ આ તપાસનો સામનો કરશે. કમિશન માત્ર જીવિત નેતાઓ જ નહીં, પરંતુ ગિરિજા પ્રસાદ કોઈરાલા અને સુશીલ કોઈરાલા જેવા દિવંગત નેતાઓની સંપત્તિની પણ તપાસ કરશે, જેથી તેમના રાજકીય વારસદારોએ પણ હિસાબ આપવો પડશે.

### સત્તાધારી પક્ષના નેતાઓ બાકાત નહીં

આ તપાસ પંચ માત્ર વિરોધીઓને જ નિશાન નહીં બનાવે. વર્તમાન સરકાર અને શાસક પક્ષ સાથે જોડાયેલા એવા નેતાઓ કે જેમણે અગાઉ પદો સંભાળ્યા હતા, તેમની પણ તપાસ થશે. તેમાં વર્તમાન સ્પીકર ડોલ પ્રસાદ આર્યલ અને રવિ લામિછાને સહિતના કેટલાક વર્તમાન મંત્રીઓ પણ આ જાળમાં આવી શકે છે.

### રૂપિયો તૂટ્યો છે 'નબળો' નથી પડ્યો

# ડોલર સામે રૂપિયો તૂટવા છતાં ભારતનું અર્થતંત્ર સૌથી ઝડપી "વિકસીત": IMF

## આગામી ૭ વર્ષમાં અમેરિકાનું અર્થતંત્ર 30 ટકા વિકસીત થશે, જ્યારે ભારત ૭૫ ટકાથી વધુની વૃદ્ધિ નોંધાવશે

**અબતક, નવી દિલ્હી**

ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, વૈશ્વિક સ્તરે ભારત સૌથી ઝડપી ગતિએ વિકસતું અર્થતંત્ર બની રહ્યું છે. જોકે, ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં થયેલા ઘટાડાને કારણે વર્ષ ૨૦૨૫માં ભારત વિશ્વના અર્થતંત્રોની યાદીમાં પાંચમા સ્થાનેથી ખસીને છઠ્ઠા ક્રમે પહોંચ્યું છે. આ યાદીમાં બ્રિટન હાલ ભારતથી આગળ નીકળી ગયું છે.

આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવો એ ભારતની નબળાઈ નથી, પરંતુ વૈશ્વિક ચલણોમાં આવતા ઉતાર-ચઢાવનું પરિણામ છે. ભારતીય ચલણમાં (રૂપિયામાં) ભારતનો જીડીપી સતત મજબૂત વૃદ્ધિ દર્શાવી રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં ભારતનો જીડીપી ₹૩૧૮ લાખ કરોડ હતો, જે ૨૦૨૫માં ૯ ટકા વધીને ₹૩૪૭ લાખ કરોડ થયો છે. ચાલુ વર્ષે તેમાં ૧૧ ટકાના જંગી ઉછાળા સાથે તે ₹૩૮૫ લાખ કરોડ થવાનો અંદાજ છે.

ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડના પ્રોજેક્શન મુજબ, આગામી સાત વર્ષોમાં ભારતની આર્થિક પ્રગતિ આશ્ચર્યજનક હશે ૨૦૨૪ થી ૨૦૩૧ દરમિયાન ભારતનું અર્થતંત્ર ૭૫ ટકાથી વધુ વિકસિત થવાની ધારણા છે (૩.૭૬ ટ્રિલિયન ડોલરથી વધીને ૬.૭૯ ટ્રિલિયન ડોલર). આ જ સમયગાળામાં અમેરિકાનો વિકાસ દર અંદાજે ૩૦ ટકાની આસપાસ રહેશે.

(અનુ. આઠમા પાને)

### આજે ઉધાર, કાલે રોકડા

### પ્રવાહી પરિસ્થિતિમાં ઓઈલ રિફાઈનરોને સ્પોટની જગ્યાએ ક્રેડિટનો ઉપયોગ કરવા રિઝર્વ બેંકનું સૂચન

વૈશ્વિક બજારમાં પ્રવાહી અને અસ્થિર પરિસ્થિતિ વચ્ચે ભારતીય રૂપિયાના મૂલ્યને પછડાટથી બચાવવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફરી એકવાર 'ક્રાઈસિસ પ્લાન' અમલમાં મૂક્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરબીઆઈએ દેશની સરકારી ઓઈલ રિફાઈનરી કંપનીઓને બજારમાંથી સીધા ડોલર ખરીદવાને બદલે સ્પેશિયલ ક્રેડિટ લાઈનનો ઉપયોગ કરવા સૂચના આપી છે જ્યારે ઓઈલ કંપનીઓ તેલની આયાત માટે બજારમાંથી મોટા પાયે ડોલરની ખરીદી કરે છે, ત્યારે ડોલરની માંગ વધતા રૂપિયો નબળો પડે છે. આ દબાણ ઘટાડવા માટે છઇંઈએ નીચે મુજબના પગલાં લીધા છે ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને ભારત પેટ્રોલિયમ જેવી કંપનીઓને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા મારફતે ક્રેડિટ સુવિધાનો ઉપયોગ કરવા જણાવાયું છે. અલગ-અલગ બેંકો પાસેથી ડોલર ખરીદવાને બદલે તમામ વ્યવહારો માત્ર એસબીઆઈ મારફતે કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે જેથી માર્કેટમાં અફરાતફરી ન મચે. અગાઉ યુક્રેન યુદ્ધ વખતે પણ જ્યારે રૂપિયો દબાણમાં હતો, ત્યારે આરબીઆઈએ આ જ 'ઉધાર'ની રણનીતિ અપનાવી હતી.ઈરાન અને અન્ય ભૌગોલિક તણાવને કારણે તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. માર્ચના અંતમાં રૂપિયો ડોલર સામે ૯૫ ના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયો હતો. જોકે, છઇંઈના તાજેતરના હસ્તક્ષેપ અને ડોલરના વેચાણને કારણે રૂપિયો થોડો સુધરીને અત્યારે ૯૩.૨૦ ની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે.



### વિશ્વમાં અજંપા જેવી પરિસ્થિતિમાં સોનાના ભાવને કેવી રીતે અસર થાય છે


વૈશ્વિક બજારમાં જ્યારે પણ અસ્થિરતા કે અજંપાભરી સ્થિતિ સર્જાય છે, ત્યારે રોકાણકારો માટે 'સોનું' સૌથી સુરક્ષિત આશ્રયસ્થાન બની જાય છે. સામાન્ય રીતે સોનાના ભાવમાં આવતો ઉછાળો અણધાર્યો લાગી શકે છે, પરંતુ તેની પાછળ ચોક્કસ આર્થિક અને ભૌગોલિક કારણો જવાબદાર હોય છે. સોનાની કિંમતો મુખ્યત્વે માંગ, કરન્સીના મૂલ્યમાં ફેરફાર અને વૈશ્વિક અનિશ્ચિતતા પર આધારિત હોય છે ભારતમાં અક્ષય તૃતીયા, લગ્નસરાની સીઝન અને દિવાળી જેવા તહેવારોમાં સોનાની માંગમાં મોટો ઉછાળો આવે છે. અહીં સોનું માત્ર રોકાણ નહીં પણ પરંપરા સાથે જોડાયેલું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સોનું ડોલરમાં ટ્રેડ થાય છે. જો ડોલરની સરખામણીએ રૂપિયો નબળો પડે, તો આંતરરાષ્ટ્રીય ભાવ સ્થિર હોવા છતાં સ્થાનિક બજારમાં સોનું મોંઘું થઈ જાય છે.જ્યારે શેરબજારમાં તેજી હોય ત્યારે લોકો જોખમી અસ્કયામતોમાં રોકાણ કરે છે, પરંતુ જ્યારે બજારમાં વોલેટિલિટી (અસ્થિરતા) વધે છે ત્યારે સુરક્ષા માટે લોકો સોના તરફ વળે છે.જ્યારે પણ દુનિયામાં આર્થિક વિકાસ દર ઘટવાની આશંકા હોય, મોંઘવારી વધતી હોય કે રશિયા-યુક્રેન જેવા ભૌગોલિક તણાવ સર્જાય, ત્યારે સોનું એક 'ડિફેન્સિવ એસેટ' તરીકે ઉભરી આવે છે. અનિશ્ચિતતાના સમયમાં રોકાણકારો અન્ય જોખમી મિલકતોમાંથી નાણાં ખેંચીને સોનામાં રોકે છે, જેને કારણે તેની કિંમતોમાં તેજી આવે છે.



## લાલ રંગનો ડર નહીં, લાલ રંગનો આદર

# દુર્લભ છે, પણ 'અશક્ય' નહીં: હિમોફિલિયા સાથે પણ સંપૂર્ણ જીવન શક્ય

## દુનિયાભરમાં ૭૫% થી વધુ હિમોફિલિયાના દર્દીઓનું હજુ નિદાન જ થયું નથી: સૌરાષ્ટ્રમાં અંદાજે ૭૦૦, ગુજરાતમાં ૪૬૦૦ અને દેશમાં ૨૫ હજારથી વધુ દર્દીઓ: એક સર્વે મુજબ દર ૧૦ હજારે એક વ્યક્તિમાં આ સમસ્યા જોવા મળે છે




આજે વિશ્વ હિમોફિલિયા દિવસ, આ વર્ષની ઉજવણી થીમ ''નિદાનઃ સંભાળ માટે પ્રથમ પગલું'' છે, જે વિશ્વભરમાં હિમોફિલિયા ધરાવતા અંદાજિત ત્રણ-ચતુર્થાંશથી વધુ લોકોને ઓળખવાની મહત્વપૂર્ણ જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેઓ હાલમાં નિદાન થયા નથી. વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા આ અંતરને દૂર કરવાનો અને વધુ સારી સારવારની પહોંચ સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક નિદાન દરમાં વધારો કરવાનો હેતુ સભર વૈશ્વિક સ્તરે કાર્યક્રમનું આયોજન કરે છે. હિમોફિલિયા એ એક દુર્લભ રકતસ્ત્રાવ વિકાર છે જેમાં વ્યક્તિને નાના કાપ કે ઈજાથી દિવસો સુધી લોહી નીકળતું રહે છે. રકતસ્ત્રાવ બાહ્ય હોઈ શકે છે, જેમ કે કાપ, કે આંતરિક, જેમ કે સાંધા કે સ્નાયુઓમાં રકતસ્ત્રાવ. વ્યાપક રીતે, હિમોફિલિયા બે રીતે વિકસી શકે છે, જન્મજાત (વારસાગત) અને હસ્તગત (વારસાગત નહીં).

હળવા કે અવગણાયેલા કેસોની ઓળખ કરવી અને કિલનિકલ મૂલ્યાંકનમાં વિલંબ ઘટાડવો, પરિબળ પરીક્ષણની ઍક્સેસમાં સુધારો, નિવારક સંભાળને સક્ષમ બનાવવી જરૂરી છે. દર્દીઓ અને પરિવારો માટે, આ દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તે વહેલા નિદાન અને અસરકારક સારવારને પ્રોત્સાહન આપે છે. રક્તસ્ત્રાવના લક્ષણોની વહેલી ઓળખને પ્રોત્સાહન આપે છે. ડાયગ્નોસ્ટિક પરીક્ષણની ઍક્સેસને પ્રોત્સાહન આપે છે. લાંબા ગાળાના વ્યવસ્થાપન જાગૃતિને ટેકો આપે છે. દર્દીઓને વિશિષ્ટ સંભાળ કેન્દ્રો સાથે જોડે છે. મોટી ટકાવારી હજુ પણ તેમના ડિસઓર્ડરથી અજાણ છે,

તેનું મુખ્ય કારણ મૂળભૂત આરોગ્ય સંભાળ સુવિધાઓની સુલભતાનો અભાવ છે.

હિમોફિલિયા એક દુર્લભ આનુવંશિક રોગ, જે લોહીના ગંઠાઈ જવાની ક્ષમતાને કરે છે અસર કરે છે, તે એક રક્ત કોગ્યુલેશન બીમારી છે. આના દર્દીને લોહી ખૂબ જ ધીમેથી ગંઠાઈ જવાની પ્રક્રિયા કરતું હોવાથી ઘણા જોખમ ઉભા કરે છે. તે એક આનુવાંશિક રોગ પણ છે. સમગ્ર વિશ્વમાં હિમોફિલિયા જાગૃત્તિ દિવસ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજીને લોકોને રોગ વિષયક માહિતીને પ્રચાર-પ્રસાર કરાય છે. આ એક પ્રકારનો ડિસઓર્ડર છે, જેથી આપણા શરીરના લોહી પર તેની અસર થાય છે. પ્રાચીન ઈજીપ્તમાં હિમોફિલિયાના કિસ્સા જોવા મળેલ, ત્યારે આ 'શાહી રોગ' તરીકે ઓળખાતો હતો. ૧૯ મી સદીમાં ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયા બી કે તેના પરિબળ ૯ ની ઉણપની વાહક બની હતી. હીમોફીલિયા શબ્દ હેમોરાફિલિયા શબ્દનું ટૂંકો સંસ્કરણ છે. એ-બી ની સારવાર પરિબળ અને જીન થેરાપી સ્વરૂપે છે. તેના પ્રકારોમાં એ,બી સૌથી સામાન્ય જોવા મળે છે, તે એક્સ રંગસૂત્રો પર અનુક્રમે એફ ૮ કે એફ ૯ જનીનમાં ફેરફાર કે પરિવર્તનને કારણે થાય છે.

હિમોફિલિયા પીડિત વ્યક્તિને જ્યારે અંદરની તરફ અથવા બહારની તરફ ઈજા થાય છે ત્યારે લોહી વહવાનું ચાલુ જ રહે છે, આ લોહી જામી શકતું નથી, જેને હિમોફિલિયા કહેવાય છે. નાના બાળકોમાં આ બિમારીને કારણે તે મુક્ત રીતે રમી શકતુ નથી. આ બિમારીથી ઘણીવાર મોટો ખતરો પેદા થાય છે. વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા ફેડરેશનની સ્થાપના ૧૯૮૯ માં કરવામાં આવી ત્યારથી આ દિવસની ઉજવણી કરાય છે.

તેના સ્થાપક ફ્રેન્ક કેનેબલનું અવસાન ૧૯૮૭ માં સંક્રમિત બ્લડથી એઈડ્સને કારણે મૃત્યુ થયું હતું. આ રોગનું મુખ્ય કારણ બ્લડ પ્રોટીનની ખામી હોય છે. આપણા શરીરમાં લોહી ગંઠાઈ જવા માટે વિવિધ ફેક્ટરો કામ કરતા હોય છે. જેમાં ફેક્ટર ૮ અને ૯ સૌથી અગત્યના હોય છે. હિમોફિલિયાના દર્દીમાં આજ ફેક્ટરની ખામીને કારણે તેને ઈજા કે રકતસ્ત્રાવ થાય ત્યારે ફેક્ટર આપવા પડે છે. કલોટીંગ ફેક્ટર અને લોહીમાં થ્રામ્બોપ્લસ્ટિન નામના પદાર્થની પણ ખામી જોવા મળે છે. હિમોફિલિયાથી ડરવાની નહીં, સંભાળવાની જરૂર છે. હિમોફિલિયા લોહી સાથે જોડાયેલી હેરિડીટરી જિનેટીક ડિસોર્ડર ધરાવતી બિમારી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના આંકડા મુજબ દર દશ હજારે એક વ્યક્તિને આ બિમારી જોવા મળે છે. માનવ શરીરમાં કુલ ૧૩ ફેક્ટરમાંથી બનેલું છે પણ જ્યારે વ્યક્તિના શરીરમાં ફેક્ટર-૮ ની ખામી હોય ત્યારે આ બિમારી જોવા મળે છે. ઘણીવાર તો બાળકના જન્મ થયા બાદ કોર્ડ બ્લડ કાપતી વખતે પણ લોહી બંધ થતું નથી ત્યારે ડોક્ટરને ખ્યાલ આવતો હોય છે. સુનન્ત સમયે, દાંતની તકલીફ, ટોન્સિલ અથવા પટકાવાને કારણે બ્લિડીંગ થાય ત્યારે બંધ જ ન થાય ત્યારે મા-બાપને હિમોફિલિયાની ખબર પડતી હોય છે. આ રોગના શરીર પર દેખાતા કોઈ ચિન્હો ન હોવાથી સૌથી મહત્વની હોવાથી આ દિવસે પ્રચાર-પ્રસારમાં સહયોગ આપવો. હિમોફિલિયાના મુખ્ય ત્રણ પ્રકાર હોય છે, જો કે મોટે ભાગે આ સમસ્યા પુરૂષોમાં વધુ જોવા મળે છે. આની જીવતા લોકોને બીજી કોઈ તકલીફ હોતી નથી. તેના ચાર પ્રકારનાં રક્ત સ્ત્રાવ ઘાતક નીવડે છે. એક તો મગજમાં હેમરેજ, પેટમાં રક્તસ્ત્રાવ, ગળામાં રક્તસ્ત્રાવ માટે આ જગ્યાએ ઈજા ન થાય તેની તકેદારી રાખવી જરૂરી છે. આજે વિશ્વભરમાં તેના ચેપ્ટરો ચાલે છે. આપણા ગુજરાતમાં વિવિધ ચેપ્ટરો કાર્યરત છે. જે દર્દીઓની સાર-સંભાળ સાથે વિનામૂલ્યે સારવાર-ફિઝીયોથેરાપી જેવી સેવા આપે છે. સરકાર તરફથી પણ જીવન રક્ષક ફેક્ટર વિનામૂલ્યે મળવા લાગ્યા હોવાથી દર્દીઓને રાહત થઈ છે. આપણાં સૌરાષ્ટ્રમાં અંદાજે ૭૦૦ હિમોફિલિયાના દર્દી છે. જેમાં ફેક્ટર-૯ ની ખામીવાળા-૬૬ અને ફેક્ટર-૮ની ખામીવાળા ૫૯૦ દર્દીઓ છે. ૯ ના ૧૮ અને બીજા-૧૪ દર્દીઓ છે. ૧૧ પેનલ ડોક્ટર તેની સારવાર કરી રહ્યા છે. આવા દર્દીઓના સમર કેમ્પ સાથે મોટીવેશનલ સેમિનાર પણ આ ચેપ્ટરો યોજે છે. સાંધામાં લોહી નીકળવું આવા દર્દીઓનો સૌથી મોટી મુશ્કેલી છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

હિમોફિલિયાએ આજીવન રોગ છે અને જ્ઞાન એજ સામાન્ય જીવનની ચાવી છે. આ એક વારસાગત ઉતરી આવતો પ્રાણઘાતક રોગ છે.આપણું માનવ શરીર અમુલ્ય છે. આપણને કેન્સર, એઈડ્સ, હ્દયરોગ, બ્લડ કેન્સર, થેલેસેમીયા જેવા રોગની ખબર છે પણ હિમોફિલિયા વિશે બહું ઓછી જાણકારી છે, તે અસાધ્ય રોગ છે. તીવ્ર હિમોફિલિયાના દર્દીને મહિનામાં ૩ થી ૪ વાર ફેક્ટર ચડાવવા પડે છે. જો જીવન રક્ષક ફેક્ટર ન મળે તો કાયમી ખોડ, પંગુતા સાથે કરોડરજ્જુ કે મગજમાં આંતરીક સ્ત્રાવ જેવી સમસ્યા થાય છે. આ ફેક્ટર વિદેશથી આયાત કરવા પડે છે. ૧૯૩૭ માં હિમોફિલિયાના પ્રકાર- અ ઈ ને આનુવંશિક વિકાર તરીકે વર્ગીકૃત કરાયા હતા. આ રોગ દર્દીઓને સારવાર પરવડતી ન હોય તે માટે સતત ભંડોળની સમસ્યા રહેતી હોય છે. વૈશ્વિક સ્તરે આજે પણ ચોક્કસ નિદાન અને સારવારથી દર્દીઓ વંચિત રહી જાય છે. આ એક વારસાગત સમસ્યા હોવાથી માતા-પિતા દ્વારા બાળકને થઈ શકે છે.રંગ સુત્રો આ રોગના વાહક હોવાથી, લોહી ગંઠાઈ જતુ ન હોવાથી રકતસ્ત્રાવ થાય છે.

## દરેક વ્યક્તિમાં લોહીના ૧૩ ઘટકો હોય છે, જે લોહી ગંઠાવવાની પ્રક્રિયાનું કામ કરે છે: આ રોગના દર્દીમાં જન્મથી ૮-૯ અને ૧૧ની ખામી જોવા મળે છે, જેને કારણે ઈજા વગર રક્તસ્ત્રાવ થાય છે

### હિમોફિલિયા ફેડરેશનની ભારતમાં ૧૧૨ શાખા કાર્યરત

ભારતમાં દિલ્હી ખાતે ફેડરેશનની વડી કચેરી આવેલી છે. જેની છત્ર છાયામાં દેશના વિવિધ પ્રાંતોમાં હાલ ૧૧૨ શાખા કાર્યરત છે, જેનું કાર્ય રોગ વિશે જાગૃતિ લાવવા, દર્દીઓને વહેલાસર શોધવા અને સૌને પોસાય તેવા દરથી સારવાર ઉપલબ્ધ કરાવવી. સૌરાષ્ટ્ર-કચ્છમાં એક અને ગુજરાતમાં ૮ શાખા કાર્યરત છે. હાલ સૌરાષ્ટ્રમાં ૭૦૦, ભારતમાં ૨૫ હજાર અને ગુજરાતમાં સાડા ચાર હજાર હિમોફિલિયાના દર્દીઓ છે.

### દિવ્યાંગ ધારાની ૨૧ કેટેગરીમાં સમાવેશ

દિવ્યાંગ ધારાની ૨૧ કેટેગરીમાં પણ તેનો સમાવેશ કરાયો છે. આ ફેડરેશન દર્દીઓ સોશિયલ સપોર્ટ મહિલાઓના બાળકોના વિવિધ ગૃપો થકી એકબીજાને સધિયારો આપે છે. દર્દીઓ ઘેર બેઠા વિવિધ કલાત્મક નમુના બનાવીને પ્રદર્શન પણ યોજે છે. રાજકોટમાં ૩૦ વર્ષથી આ રોગનું ચેપ્ટર ચાલે છે, જેનો ફોન નંબર - ૯૮૨૪૦ ૫૯૫૪૭ છે.

### એક આનુવંશિક રક્તસ્ત્રાવ સમસ્યા, જેનો કોઈ ઈલાજ નથી

વિશ્વ હિમોફિલિયા દિવસ ઉજવણીને આજે ૩૭ વર્ષ થયા છે. બદલાવ માટે અનુકૂલન, નવા યુગમાં સંભાળ ટકાવવીના વિશેષ હેતું સાથે વૈશ્વિકસ્તરે કાર્યક્રમો આજે યોજાયા છે, તે સંદર્ભે લોકજાગૃત્તિ માટે એક વાત સમજવી જરૂરી છે કે આ એક આનુવંશિક રક્તસ્ત્રાવ સમસ્યા છે, જેનો કોઈ ઈલાજ નથી. આ સમસ્યાને કારણે પીડા, અપંગતા અને મૃત્યું પણ થઈ શકે છે, યોગ્ય સારવાર અને કાળજી સાથે આવા દર્દીઓ લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકે છે. ૧૯૮૯ માં પ્રથમવાર આ દિવસ ઉજવાયો હતો.

# સરહદી ડેરીના પ્લાન્ટમાં આગ ભભૂકી: અંતે મોકડ્રીલ જાહેર

## ઉનાળાના આકરી ગરમીમાં આગની ઘટનાઓની અગમચેતીના ભાગરૂપે મોકડ્રીલ યોજાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

તાજેતરમાં આગની ઘટનાઓ બનવાના ઘણા બધા સમાચારો મળી રહ્યા છે તેવામાં આગમચેતીના ભાગરૂપે સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલની સૂચના અને માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ અને શ્રમિકોના અમુલ્ય જીવનને ધ્યાનમાં રાખીને આગની મોકડ્રીલ સરહદ ડેરીના ચાંદરાણી સ્થિત પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે યોજવામાં આવી.



આ મોકડ્રીલ સરહદ ડેરીના પર્યાવરણ અને સ્વાસ્થ્ય સેફટી ઓફિસર તથા ફાયર એન્ડ સેફટી ટ્રેનીંગ ઓફિસર ડરવનસિંગ એસ. રાવત, ફાયર ટ્રેનીંગ ઓફિસર ખીમસિંગ પવારની આગેવાનીમાં યોજાઈ હતી. જેમાં આકસ્મિક રીતે આગ લાગે ત્યારે આગ ઉપર કઈ રીતે કાબૂ મેળવવો તે માટે માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સાથે કેટલા પ્રકારની આગ હોય છે તેમજ તેને કેવી રીતે કાબૂમાં લેવું, આગની ઘટના બને ત્યારે કેવા પ્રકારની કામગીરી કરવામાં તે અંગેની ઝીણવટ પૂર્વક ની માહિતી આપવામાં આવી હતી.

જેમાં ફાયર એકસ્ટીગ્યુઝર બોટલનો ઉપયોગ કઈ રીતે કરવો તે માટે તેનો ડેમો બતાવવામાં આવ્યો હતો. આગ લાગી હોય ત્યારે તાત્કાલિક આગ કઈ રીતે બુજાવી શકાય તેમજ કયા કયા પ્રકારની તકેદારી રાખવી તે માટે અધિકારી તેમજ કર્મચારી ને તાલીમ આપવામાં આવી હતી. આગ લાગી હોય ત્યારે જાન અને માલને કઈ રીતે બચાવ કરો તે માટે ફાયર સેફટીની સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે, સુરક્ષા એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આગ જેવી આકસ્મિક પરિસ્થિતિઓ સામે સજાગતા જ જીવન બચાવવાનો સૌથી મોટો માર્ગ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે આવી મોકડ્રીલ દ્વારા કર્મચારીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને આપત્તિના સમયે યોગ્ય અને ઝડપી નિર્ણય લેવામાં સહાય મળે છે.

# આવતીકાલનું રાશિફળ

## તા.૧૮.૪.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ એકમ, અશ્વિની નક્ષત્ર, પ્રીતિ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.

**વૃષભ (બ,વ,ઉ) :** આવક જાવક નો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.

**મિથુન (ક,છ,ઘ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી રહે, કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.

**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.

**સિંહ (મ,ટ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે.

**કન્યા (પ,ઠ,ણ) :** માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, દિવસ દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત) :** જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય.

**વૃશ્ચિક (ન,ય) :** તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે.

**ધન (ધ,ભ,ફ,ઢ):** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.

**મકર (ખ,જ) :** તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે, દિવસ આનંદ માં વીતે.

**કુંભ (ગ,સ,શ) :** નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .

**મીન (દ,ચ,ઝ,થ):** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાંથી પાઠ લેવો જરૂરી બને છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીને પગલે જામનગર-વડોદરા ઈન્ટરસિટી બે દિવસ રદ

## ગેરતપુર-અમદાવાદ વચ્ચે બ્લોકને કારણે રેલ વ્યવહારને અસર, સિકંદરાબાદ-રાજકોટ ટ્રેન ૪૫ મિનિટ મોડી દોડશે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીને વેગ આપવા માટે આગામી દિવસોમાં ગેરતપુર-અમદાવાદ રેલખંડ પર 'પ્રીકાસ્ટ પોર્ટલ બીમ' સ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મોટા ઓપરેશન માટે રેલવે દ્વારા બ્લોક લેવામાં આવનાર હોવાથી રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી મહત્વની ઈન્ટરસિટી ટ્રેનો રદ કરવામાં આવી છે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર ૧૮ એપ્રિલઃ વડોદરાથી જામનગર જતી ઈન્ટરસિટી અને ૧૯ એપ્રિલ જામનગરથી વડોદરા જતી ઈન્ટરસિટી (૨૨૯૬૦) રદ રહેશે.

આ ઉપરાંત, લાંબા અંતરની સિકંદરાબાદ-રાજકોટ સુપરફાસ્ટ એક્સપ્રેસ (૨૨૭૧૮) પણ ૧૯ એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં અંદાજે ૪૫ મિનિટ મોડી (રેગ્યુલેટ) થશે. વીકએન્ડમાં મુસાફરી કરતા લોકોએ મુશ્કેલીથી બચવા માટે રેલવેની સત્તાવાર વેબસાઈટ પર સમયની ખાતરી કરી લેવા વિનંતી કરવામાં આવી છે.

# ગીર સોમનાથ જીલ્લામાં ભગવાન પરશુરામ સાથે જોડાયેલી છે વિવિધ મંદિરોની વિરાસત

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ મહાદેવની પાવનકારી ભૂમિ પરશુરામ જયંતિએ ધર્મમય - ભક્તિમય શોભાયાત્રાથી પાવનમય બનશે. સોમનાથએ ભગવાન પરશુરામજીની તપોભૂમિ છે. હિરણ - સરસ્વતી અને કપિલા નદીના પવિત્ર ત્રિવેણી સંગમ તટે પ્રાચીન સમયમાં ભગવાન પરશુરામે તપ કરી શિવજીને પ્રસન્ન કર્યા હતા. જે સ્થળે હાલ સોમનાથ ટ્રસ્ટના નૂતન રામ મંદિર પાછળ પરશુરામ મંદિર આવેલું છે. જ્યાં જલ પ્રભાસ કુંડ, જલેશ્વર મહાદેવ સહિત પાવનકારી મંદિરો પણ બિરાજમાન છે. પ્રભાસ-પાટણ ગામમાં દરજીવાડાના નાકે ભગવાન પરશુરામ પરિવાર સાથે સંકળાયેલ જમદગ્નેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. તો ગીર સોમનાથ જીલ્લા મધ્યે જામવાળા ગીર પાસે શીંગોડા નદી ઉપરના નયનરમ્ય ધોધ પાસે જમદગ્ની આશ્રમ આવેલો છે.

ભગવાન પરશુરામ જયંતિ નિમિતે સોમનાથના પરશુરામ મંદિરે યજ્ઞ, ધજારોહણ, સંધ્યા આરતી તેમજ વેરાવળ - સુત્રાપાડા સહિત વિવિધ સ્થળોએ પરશુરામ ભગવાનની શોભાયાત્રા દેવદર્શન - પૂજા સહિતના પરંપરાગત કાર્યક્રમો યોજાયેલ છે.

## સૂડોકુ -૧૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | | | | | | ૧ |
| ૩ | | ૨ | | ૯ | ૮ | | | |
| | ૯ | | | ૬ | | | ૮ | ૭ |
| ૨ | | ૫ | ૭ | | ૪ | ૧ | ૬ | ૯ |
| | ૬ | | | | | ૫ | ૭ | |
| | | | | ૫ | | ૪ | ૩ | ૨ |
| | | | | | ૧ | | | |
| | ૨ | | | ૪ | ૫ | ૯ | | |
| ૧ | | | ૬ | | | | ૫ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૬ | ૮ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૯ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૮ | ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૫ | ૪ | ૭ | ૬ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૭ | ૨ | ૮ | ૯ |
| ૬ | ૭ | ૨ | ૪ | ૮ | ૯ | ૧ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૧ | ૫ | ૭ | ૮ | ૬ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ |

# તમારા ઘરમાં નકારાત્મક ઉર્જા તો નથી ને!? જાણો!

ઘરમાં નકારાત્મક ઉર્જાની હાજરી માનસિક અશાંતિ, આળસ અને કારણ વગરના ઝઘડાઓનું કારણ બની શકે છે. જો તમને લાગે કે ઘરમાં પ્રવેશતા જ ભારેપણું અનુભવાય છે, ઘરના સભ્યો વારંવાર બીમાર પડે છે અથવા આર્થિક તંગી સતત બની રહે છે, તો તે નકારાત્મક ઉર્જાનો સંકેત હોઈ શકે છે. આ ઉપરાંત તુલસી અને અન્ય છોડ ઉજરતા ન હોય વળી નળમાં થી પાણી વારંવાર ટપકતું હોય કે દીવાલમાં તિરાડ પડતી હોય તો સમજવું કે ઘરમાં કોઈને કોઈ રીતે નેગેટિવ એનર્જી આવે છે અને તેને દૂર કરવા ઉપાય કરવા જોઈએ. આ ઉર્જાને દૂર કરવા માટે નિયમિત સફાઈ અને ઘરમાં સૂર્યપ્રકાશ ની હાજરી છે ; સવારે ઘરની બારીઓ ખુલ્લી રાખો જેથી શુદ્ધ હવા અને કુદરતી પ્રકાશ અંદર આવી શકે. પોતું કરતી વખતે પાણીમાં દરિયાઈ મીઠું ઉમેરવાથી ઘરના ખૂણેખૂણામાં રહેલી નકારાત્મકતા શોષાઈ જાય છે. વળી અઠવાડીએ એક વાર ગૌમૂત્ર છાંટવાથી પણ લાભ થાય છે અને જૂનો ભંગાર કટાયેલી વસ્તુ અને બંધ ઘડિયાળ દૂર કરવા જોઈએ. ઘરમાં સવાર-સાંજ કપૂર અથવા ગુગળનો ધૂપ કરવો અત્યંત લાભદાયી છે. વળી ઘરમાં વાસ્તુદોષ દૂર કરવા માટે ક્યાં ખૂણામાં અયોગ્ય વસ્તુ કે બાંધકામ છે તે મુજબ ઉપાય યોજવાથી નકારત્મક ઉર્જા દૂર કરી સુખ શાંતિ સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૪-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (બે યાર )
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા પાર્ટ ૦૧)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોફ્તા ૦૩)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૪-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# અબતક પંચાગ

## તા.૧૮-૪ -૨૦૨૬ શનીવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ એકમ
**નક્ષત્ર** અશ્વિની
**યોગ** પ્રીતિ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૨૬ **સુર્યાસ્તઃ** ૭.૦૭
**ચંદ્ર રાશી** મેષ
**રાશિ અક્ષર** અ.લ.ઈ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# મતદારોનો મીઠો આવકારઃ વોર્ડ નં. ૨માં ભાજપની જીત નિશ્ચિત

## ભાજપના ઉમેદવાર ધૈર્ય પારેખ, ડો. શૈલેષ વસાણી, મીનાબા જાડેજા અને દક્ષાબેન વાઘેલાએ અબતકની મુલાકાત દરમિયાન વ્યક્ત કર્યો વિજય વિશ્વાસ

### પૂર્વ કોર્પોરેટરોએ કરેલા જનસુખાકારીના કામોના મીઠા ફળ અમને ચૂંટણી પરિણામમાં મળશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨ ના ભાજપના ઉમેદવાર ધૈર્ય પારેખ, ડો. શૈલેષ વસાણી, મીનાબા જાડેજા અને દક્ષાબેન વાઘેલાએ આજે અબતક સાંધ્ય દૈનિકની શુભેચ્છા મુલાકાત દરમિયાન એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, લોક સંપર્ક દરમિયાન અમોને મતદારોનો મીઠો આવકાર મળી રહ્યો છે. વર્ષોથી ભાજપના અડીખમ ગઢ મનાતા વોર્ડ નં. ૨ માં ભાજપને રેકોર્ડબ્રેક લીડ મળશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વોર્ડ નં. ૨ ના પૂર્વ કોર્પોરેટર એવા ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટિના પૂર્વ ચેરમેન જયમીનભાઈ ઠાકર અને પૂર્વ દંડક મનીષભાઈ રાડિયાએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વોર્ડના વિકાસ માટે કરેલા જનસુખાકારીના કામોના મીઠા ફળ અમને મળશે. હાલ લોક સંપર્ક પુર જોશમાં ચાલી રહ્યો છે ત્યારે મોટાભાગના વિસ્તારોમાં મતદારો અમને ઉમળકાભેર આવકાર આપી રહ્યા છે. અને જીતની એડવાન્સમાં જ શુભેચ્છા પાઠવી રહ્યા છે. મતદારોનો આ મીઠો આવકાર જોતા અમારી જીત નિશ્ચિત મનાઈ રહી છે.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

રાજકોટના સૌથી વિક્સિત વોર્ડ પૈકીના એક એવા વોર્ડ નં. ૨ માં ભાજપના શાસનમાં કલ્પનાતીત વિકાસકામો થયા છે. હાલ વોર્ડમાં એવું એક પણ કામ બાકી નથી જેના કારણે અમોને કોઈ સમસ્યાનો સામનો કરવો પડતો હોય જનપ્રતિનિધિ તરીકે ચુંટાયા બાદ અમે વોર્ડમાં આરોગ્યલક્ષી કામગીરીને વધુ વેગવાન બનાવીશું અને પર્યાવરણના જતન માટે જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

વોર્ડ નં. ૨ ના ઉમેદવાર ધૈર્ય પારેખ નાનીવયથી ભાજપના રંગે રંગાયેલા છે. તેઓને સંગઠનના માણસ કહેવામાં આવે છે. કારણ કે, ૩૮ વર્ષની ઉંમરમાં તેઓએ વોર્ડ પ્રમુખ અને મહામંત્રી જેવી જવાબદારી નિભાવી છે. પક્ષે જ્યારે જે જવાબદારી સોંપી તેને તેઓએ ખંત પૂર્વક નિભાવી છે. જ્યારે અન્ય ઉમેદવાર ડો. શૈલેષ વસાણી આરોગ્ય ક્ષેત્રે ખુબ જ મોટુ નામ ધરાવે છે. તેઓ ફેડરેશન ઓફ આયુષ ડોક્ટર ઓફ રાજકોટના ચેરમેન, પ્રેસિડન્ટ અને સેક્રેટરી રહી ચુક્યા છે.

ભાજપના ડોક્ટર સેલમાં તેઓએ સારીએવી સેવા આપી છે. ગત ટર્મની કામગીરીના આધારે મીનાબા જાડેજાને ભાજપે ફરી વોર્ડ નં. ૨ માંથી ચૂંટણીજંગમાં ઉતાર્યા છે. તેઓ સતત લોકોની વચ્ચે રહી કામ કરનાર નેતા તરીકેની નામના ધરાવે છે. જ્યારે દક્ષાબેન વાઘેલા પણ એક શિક્ષિત અને દિક્ષિત મહિલા ઉમેદવાર છે. વોર્ડ નં. ૨ આમ પણ ભાજપનો અડીખમ ગઢ મનાઈ રહ્યો છે.

# પીએસઆઈની પરીક્ષામાં અભેદ્ય સુરક્ષા કવચઃ તમામ કેન્દ્રો પર કલમ ૧૬૩ લાગુ

### પરીક્ષામાં ખલેલ પહોંચાડનારા તત્વો પર પોલીસની બાજ નજરઃ કમિશનર ઝાના કડક અમલવારીના આદેશ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર માં ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કેડરની ૨૦૨૬ ની લેખિત પરીક્ષાને શાંતિપૂર્વક અને ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરે નહીં તે માટે રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા કલમ ૧૬૩ જાહેરનામું પ્રસિદ્ધ કરી અને કડક અમલવારી ની સૂચનાઓ આપેલ છે

આ અંગે પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ



સબ ઈન્સ્પેક્ટર કેડરની લેખિત પરીક્ષા ૧૯ તારીખના રોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ અને બપોરે ૩:૦૦થી ૬:૦૦ વાગ્યા દરમ્યાન લેવામાં આવનાર છે આ અંગે પરીક્ષામાં કોઈપણ જાતની ખલેલ વિના અને શાંત વાતાવરણમાં અને ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરે નહીં તે માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો શાળાઓ કોલેજમાં પરીક્ષા લેવાના છે તે કેન્દ્રો પર કમ્પાઉન્ડની ચારે તરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં વ્યકિતએ એકત્રિત થવું નહીં અને કેન્દ્ર માં વાહનોને પ્રવેશબંધી, લાઉડ સ્પીકર પર અને મોબાઈલ પર પ્રતિબંધ, ઝેરોક્ષ મશીન નો બંધ રાખવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ ૧૬૩ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

## હાય રે ગરમી....!!! સુર્યપ્રકોપથી બચવા છત્રીની શિતળતા


તસવીરઃ શૈલેષ વાડોલિયા

હવે ઉનાળાએ પોતાનો રંગ બતાવ્યો તેમ લાગી રહ્યું છે ઉનાળાની કાળજાળ ગરમી અને બફારાને કારણે પરા બજાર શાક માર્કેટ સ્થિતિ અશહ્ય બની રહી છે શહેરમાં આવેલા શાક માર્કેટમાં બપોરે અસવ્ય ગરમી વચ્ચે શાકભાજી વેચાણ કરતા ફેરિયાઓ લું અને તડકાથી બચવા છત્રીનો સહારો લઈ રહ્યા છે શાક માર્કેટ ધમધમતું બજાર પણ બપોરે. સન્નાટો છવાઈ જાય છે ગરમી એ પોતાનું અસલી મિજાજ બતાવ્યું હોય તેમ લાગી રહ્યું છે રાજકોટ સતત સાતમા દિવસે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું આવનારા દિવસોમાં હજુ તાપમાન ૪૪ ડિગ્રીએ પહોંચે તેવી સંભાવના છે

# ઈવીએમ સ્ટ્રોંગરૂમમાં સીલઃ તમામ મતદાન મથકો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## ચૂંટણી તંત્ર દ્વારા રાજકોટ જિલ્લાના ૧૦૧૪ મતદાન મથક માટે ૧૦૦થી વધુ ઝોનલ ઓફિસરોના નિમણૂક ઓર્ડર જાહેર કરાશે

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની તૈયારીઓને વેગ મળ્યો છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા રાજકોટ જિલ્લાના ૧૦૧૪ મતદાન મથક માટે ૧૦૦થી વધુ ઝોનલ ઓફિસરોના નિમણૂક ઓર્ડર જાહેર કરવામાં આવ્યા છે. આ ઓફિસરોને મતદાન મથકોની વ્યવસ્થા, મતદારોની યાદીનું સત્યાપન, નિષ્પક્ષ મતદાન પ્રક્રિયા અને કાયદો-વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી છે.ઝોનલ ઓફિસરો વિવિધ વોર્ડ અને તાલુકાઓમાં કાર્યરત રહીને મતદાન કેન્દ્રોનું નિરીક્ષણ કરશે, તાલીમ આપશે અને કોઈપણ અનિયમિતતા અટકાવશે.

ઉલ્લેખનીય છે કે, આગામી ચૂંટણીને લઈ



દરેક મતદાન મથક પર પ્રિસાઈડિંગ અધિકારી, પોલિંગ ઓફિસર સહીત ૫ થી ૬ લોકોનો સ્ટાફ હશે. ૨૬મીએ મતદાન હોય, ચૂંટણી ફરજ પરનો સ્ટાફ ૨૫મીએ બપોરે વાગ્યે પોતાના મતદાન મથક પર પહોંચી જશે અને મતદાન મથક પર બેલેટ યુનિટ અને કંટ્રોલ યુનિટ તેમજ વિવિપેટ મશીનના સાથે મોક પોલની તૈયારી અને ટેસ્ટિંગ કરશે જેથી મશીનો સરળતાથી કામ કરે ત્યારબાદ ૩ વાગ્યા સુધીમાં ચૂંટણી અધિકારીને રિપોર્ટ સોંપી દેશે.પ્રીસાઈડિંગ ઓફિસર પાસે ફોમ્ર્સ, કવર, પેન્સિલ, ઈન્ડેલિબલ ઈંક, વોટર માર્કિંગ સ્લિપ સહિત ૧૦૯ જેટલી વસ્તુઓ ચૂંટણી કામગીરી માટે સોંપવામાં આવે છે.

મતદાન મથક પરનો તમામ સ્ટાફ ૨૫મીએ જે તે મતદાન મથક પર જ રાત્રીરોકાણ કરી, બીજા દિવસે એટલે કે ૨૬મીએ સવારે ૬ વાગે મોકપોલ ટેસ્ટિંગ કરશે અને સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મતદાનનો ધમધમાટ ચાલશે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં વિવિધ મતદાન મથકો પર બેલેટ યુનિટ, કન્ટ્રોલ યુનિટ અને વીવીપેટ મશીન પહોંચાડવા માટે ચૂંટણી વિભાગ દ્વારા ૪૦થી વધુ એસટી બસો મંગાવી હોવાનું જાણવા મળે છે.

### સાંજે ચૂંટણીપંચની જિલ્લા કલેકટરો-ચૂંટણી અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સાંજે એક મહત્વપૂર્ણ વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિડીયો કોન્ફરન્સમાં રાજયના તમામ જિલ્લાના કલેક્ટરો તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

ચૂંટણીનું સંદર્ભ અને તારીખો

રાજ્ય ચૂંટણી આયોગે ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. જે મુજબ આગામી ૨૬ એપ્રિલે મતદાન અને ૨૮'મીએ મતગણતરીની યોજાશે.

આ વિડીયો કોન્ફરન્સનું મુખ્ય ઉદ્દેશ્ય કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે. જેથી ચૂંટણી મુક્ત, ન્યાયી, પારદર્શક અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થાય. કલેક્ટરો સાથેની આ બેઠકમાં

મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ બંદોબસ્ત, પ્રિન્ટિગ પ્રેસ, મતગણતરી સ્થળ, સ્ટ્રોંગ રૂમ ખાતે પોલીસ ફોર્સ ડિપ્લોયમેન્ટ, સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ સતર્કતા, આચાર સંહિતાનું કડક પાલન, અનધિકૃત નાણાં, શરાબ, હથિયારો વગેરેની તપાસ અને જપ્તી, ઈવીએમ મશીનોની સુરક્ષા, મતદાન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટેની વ્યૂહરચના, જિલ્લા સ્તરે તૈયારીઓની સમીક્ષા અને જરૂરી માર્ગદર્શન

રાજ્ય ચૂંટણી આયોગના કમિશનર ડો. એસ. મુરલીકૃષ્ણ અને તેમના વરિષ્ઠ અધિકારીઓ આ વિડીયો કોન્ફરન્સનું નેતૃત્વ કરશે.

**સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાનના ઉપક્રમે**

# ભારત વર્ષના આદર્શ પાત્રોના જીવન આધારિત આખ્યાન કથાનો કાલથી દિવ્યારંભ

## 'અબતક'ની મુલાકાતમાં જ્ઞાનજીવનદાસજી સ્વામી, વૃંદાવન દાસજી સ્વામી, હરિભક્તો ડો.નિમેશ મૂંગરા, પ્રવીણભાઈ કાનાબારે આખ્યાન કથાની વિગતો આપી ભક્તોને કથા રસપાનનો ધર્મ લાભ લેવા કર્યું આહવાન

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ના ભાવિકો માટે આ સ્થાનનું કેન્દ્ર રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આખ્યાન તથા નું આયોજન કરવામાં આવ્યું છે તારીખ ૧૮ થી ૨૩એપ્રિલ દરરોજ રાત્રે ૮/૩૦વાગે યોજાનારા આખ્યાન મ ભારત વર્ષના આદર્શ પાત્રોના જીવન આધારિત પ્રેરણા જ્ઞાન તીરસવામાં આવશે બાપા સીતારામ ચોક મવડી ખાતે યોજાનારા આ જ્ઞાન મહોત્સવમાં વિદ્વાન સંત ચેતન્ય સ્વરૂપ દાસ સ્વામી કથા રસપાન કરાવશે.

અબતકની મુલાકાતે આવેલા જ્ઞાન જીવનદાસજી સ્વામી, વૃંદાવન દાસજી સ્વામી, ડો, નિમેશભાઈ મુંગરા અને પ્રવીણભાઈ કાનાબાર એ કથાની વિગતો આપતા જણાવ્યું હતું કે સ્વામિનાશા પણ ગુરુકુલ દ્વારા ભારત વર્ષના આદર્શ પાત્રોના જીવન ઉપર આધારિત આખ્યાન તથા૧૮/૪થી ૨૩/૪સુધી દરરોજ રાત્રે ૮/૩૦વાગ્યે કથા થશે

દેશ વિદેશમાં પ્રખ્યાત કથાકાર ચેતન્ય સ્વરૂપ દાસજી સંગીતમયશૈલીમાં કથા સમજાવશે પાંચ દિવસ ની કથા માં ભારત વર્ષના આદર્શ પૌરાણિક પાત્રોમાંથી આપણને શું શિખામણ મળે છે? અને પ્રેરણાનું મંથન કરવામાં આવશે જેમાં સંપત્તિની કમાણી માટે તો ઘણી મહેનત થાય છે પરંતુ રામ ભરત મિલાપ આખ્યાન દ્વારા સંબંધોની કમાણીની સાચી કળા શીખવાડવામાં આવશે, કેવલ પૂરું સાતવાદી લોકોને હળવું ફૂલ કેવી રીતે બનાવે છે તેની કળા શીખવાડવામાં આવશે, આ દુનિયામાં કોઈ કોઈનું નથી બધા પોતાના સ્વાર્થ માટે જીવે છે આ વાક્ય ઠેર ઠેર સંભળાય છે અને અંતે થાક નિરાશા અને હતાશા મળે છે, ત્યારે ભક્ત નરસિંહ મહેતાના આખ્યાન દ્વારા પુરુષાર્થની સાથે સાથે ઈશ્વર પર આસ્થા જીવનને

(અનુ. આઠમા પાને)

### વિશ્વભરમાં પ્રખ્યાત કથાકાર ચેતન્ય સ્વરૂપદાસજી સ્વામીનો સત્સંગ લાભ જીવનમાં અવિસ્મરણીય બનશે

સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે આવતીકાલથી શરૂ થનારા આખ્યાન કથા માં દેશ વિદેશમાં પ્રખ્યાત કથાકાર વક્તા ચેતન્ય સ્વરૂપદાસજી સ્વામી નો જ્ઞાન લાભ મળશે, આ કથામાં સંપત્તિની કમાણી ની મહેનત, પુરુષાર્થવાદ, સામાજિક સ્વાર્થ, વ્યકિતગત ઓળખ, આત્મખોજની સાથે સાથે જીવન ધર્મમય બનાવવા ની ટીપ્સ આપતી આ આખ્યાન કથા શ્રોતાઓ માટે અવિસ્મરણીય બની રહેશે.


તસવીરઃ શૈલેષ વાડોલિયા

### વર્તમાન યુગમાં આવતી કસોટીઓમાંથી પાર ઉતારવાની પ્રેરણા આપણા યુગ પુરુષોના જીવનમાં સંગ્રાયેલી છેઃ જ્ઞાન જીવનદાસજી સ્વામી


રાજકોટ ગુરુકુળમાં આખ્યાન કથા નાય આયોજન અંગે અબ તકના આંગણે પધારેલા જ્ઞાન જીવનદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે ભલે આજનો આધુનિક યુગ વિજ્ઞાન અને ટેકનોલોજી નીચરમ સીમાએ હોય પણ હજુ કોઈનું જીવન સંપૂર્ણપણે દુઃખ વિનાનું હોય તેવું નથી બન્યું, જીવનમાં આવતી અને સમસ્યાઓ ના નિવારણ અને પડકારોની કસોટી માંથી પાર ઉતારવું હોય તો આપણે આપણા યુગ પુરુષોના જીવનમાં જોવું જોઈએ ભગવાન શ્રીકૃષ્ણથી લઈ ભક્ત નરસિંહ મહેતા સુધીના યુગ પુરુષોના જીવનમાં આપણને જીવનના તમામ પડકારોને પહોંચી વળવા માટેની ટીપ્સ મળે છે આખ્યાન કથામાં પણ મહાનુભવોના જીવન આધારિત દુઃખ નિવારણની પ્રેરણા હરિભક્તોને મળે તેવા પ્રયાસો કરવામાં આવશે

# જીવનમાં સરખામણી છોડીને સ્વીકાર અપનાવોઃ પૂ. અપૂર્વમુનિ સ્વામી

## મહિલા પાંખ દ્વારા આજે લક્ષ્મણ રેખા થીમ હેઠળ વિશાળ મહિલા સંમેલનઃ ઘરથી મહોત્સવ સુધી નારી શકિતના અવિરત સમર્પણ, નિષ્ઠા અને શ્રદ્ધાએ મહોત્સવનો આધ્યાત્મિક ઉચ્ચાઈએ પહોંચાડયો







**અબતક, રાજકોટ**

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, રાજકોટ દ્વારા છેલ્લા ૫ દિવસથી ચાલતા માનવ ઉત્કર્ષ મહોત્સવના અંતિમ દિવસે પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીએ ઉપસ્થિત તમામ શ્રોતાજનોને 'માનવીને સાચી મોજનો રાજમાર્ગ' દર્શાવ્યો હતો. આ પ્રસંગે બીએપીએસ સંસ્થાના વરિષ્ઠ સદ્‌ગુરુ સંત અને સારંગપુર સંત તાલીમ કેન્દ્રના મુખ્ય સંચાલક સંત નારાયણમુનિ સ્વામીની પાવન ઉપસ્થિતિમાં કાર્યક્રમનો પ્રારંભ ભગવાનની ધૂન, પ્રાર્થના, વૈદિક પારાયણ, પૂજન વિધિ અને આરતી સાથે થયો હતો.

મહોત્સવના અંતિમ દિવસે અપૂર્વમુનિ સ્વામીએ મોજમાં રહે તે માનવ વિષય પર હૃદયસ્પર્શી અને ચિંતનપ્રેરક પ્રવચન આપ્યું. પ્રવચનમાં તેઓએ સમજાવ્યું કે આજના ભૌતિકવાદી યુગમાં માણસે મોજનો અર્થ ખોટી રીતે વૈભવ, દેખાવ, સુખ-સગવડો અને સામાજિક સરખામણી સાથે જોડી દીધો છે, જ્યારે સાચી મોજ આંતરિક શાંતિ, મનનો સંતોષ, સ્નેહસભર સંબંધો, કૃતજ્ઞતા અને પરમાત્માના સ્મરણમાં વસે છે. તેઓએ પ્રેરણાદાયી ઉદાહરણો દ્વારા સમજાવ્યું કે પૈસા, પ્રસિદ્ધિ અને ભૌતિક સુખ હોવા છતાં મનુષ્યને શાંતિ મળે જ એવું જરૂરી નથી. બીજી તરફ, સાદગી, સેવાભાવ, આધ્યાત્મિકતા અને સ્વીકાર સાથે જીવતા લોકો પરિસ્થિતિઓ વચ્ચે પણ સાચું સુખ અનુભવી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, સાચી મોજ કોઈ મોંઘા સાધનોમાં નહીં, પરંતુ જે મળ્યું છે તેમાં રાજી રહેવામાં અને ભગવાનના ભજન-સ્મરણ સાથે જીવવામાં સમાયેલી છે. પારાયણના અંતે સ્વામીએ સૌને સંદેશ આપ્યો કે, જીવનમાં સરખામણી છોડીને સ્વીકાર અપનાવો, ચિંતાને બદલે પ્રાર્થના અને ફરિયાદને બદલે આભારની ભાવના વિકસાવો, પરિવાર સાથેનો સમય સાચવો અને પરમાત્મા પ્રત્યે વિશ્વાસ રાખો.

આજે તા. ૧૭ એપ્રિલ, શુક્રવારે સાંજે ૬ થી ૯ દરમિયાન 'લક્ષ્મણ રેખા' થીમ હેઠળ મહિલા પાંખ દ્વારા વિશાળ મહિલા સંમેલન ઉજવાશે.

રાજકોટના રેસકોર્સ મેદાન પર છેલ્લા ૬ દિવસથી ભવ્ય રીતે ઉજવાઈ રહેલો ઈઅવ્જનો 'માનવ ઉત્કર્ષ મહોત્સવ' ભકિત, સેવા અને સંસ્કારનો જીવંત ઉત્સવ બનીને હજારો લોકોના હૃદયને સ્પર્શી રહ્યો. આ મહોત્સવની જવલંત સફળતા પાછળ એક અદૃશ્ય પરંતુ અત્યંત શકિતશાળી શક્તિ કાર્યરત છે, મહિલાશકિત. નારીશકિતના અવિરત સમર્પણ, નિષ્ઠા અને શ્રદ્ધાએ આ મહોત્સવને એક નવી આધ્યાત્મિક ઊંચાઈ પર પહોંચાડ્યો છે.

આ મહોત્સવમાં ૪ વર્ષની બાલિકા લઈને ૮૦ વર્ષથી વધુ ઉંમરની બહેનો વિવિધ વિભાગોમાં સેવા આપી રહી છે. હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી યુવતીઓ તેમજ પરીક્ષાઓ આપતી દીકરીઓ સેવા

(અનુ. આઠમા પાને)

# એલ.આર.શાહ કોલેજના વિદ્યાર્થીઓને હોમિયોપેથીના આધુનિક સંશોધન અંગે અપાયું માર્ગદર્શન

## એલ.આર. શાહ હોમિયોપેથીકથી કોલેજ દ્વારા નેશનલ ગાર્ડી હોમિયોપેથીક કોલો ક્વિયમની ઉજવણી થઇ





**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત ગાર્ડી વિદ્યાપીઠની એલ.આર.શાહ હોમિયોપેથી કોલેજ દ્વારા તાજેતરમાં ચોથો નેશનલ ગાર્ડી હોમિયોપેથી કોલોકિવસ્ય ભવ્ય અને સફળતા પૂર્વક યોજાયો હતો. આ બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનો મુખ્ય હેતુ હોમિયોપેથી વિષયક આધુસ્નક જ્ઞાન, સાંશોધન અને કિલનિકલ અનુભવનું સ્તિરણ કરી વિદ્યાર્થીઓ અને પ્રેકિટશનર્સને વધુ સશક્ત બનાવવાનો હતો.


આ સેમિનારમાં હોમિયોપેથી ક્ષેત્રના પ્રખ્યાત નિષ્ણાતો ડૉ. મયુરેશ મહાજન અને ડૉ. સુનિલ ઘોડકે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. બંન્ને વક્તાઓએ તેમના વિસ્તૃત અનુભવ અને ઊંડાણપૂર્ણ જ્ઞાનના આધારે હોમિયોપેથીના ના વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર વ્યાખાન આપ્યા હતા. જે ઉપસ્થિત સૌ માટે અત્યંત માર્ગદર્શક અને પ્રેરણાદાયી સાબિત થયા હતા. સેમિનારના પ્રથમ દિવસે ગાર્ડી વિદ્યાપીઠનાવિદ્યાર્થીઓ માટે ખાસ સત્રો યોજાયા હતા. જેમાં વિદ્યાર્થીઓએ હોમિયોપેથીના સિધ્ધાંત,કિલનિકલ એપ્લિકેશન તેમજ કેસ સ્ટડી વિશે વિગતવાર માહીતી મેળવી હતી.

સેમિનારના બીજા દિવસે ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આવેલા પ્રેકિટશનર્સ, ઈન્ટર્ન્સ અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ દિવસે પ્રેકિટકલ અને કિલનિકલ અભિગમ પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. જેના કારણે ઉપસ્થિત સૌએ

(અનુ. આઠમા પાને)

# ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજાની પુત્રી સંસ્કૃતિબા ૯૩% માર્કસ સાથે સીબીએસઇ ધો. ૧૦ની પરીક્ષામાં ઝળક્યાં

## ગાંધીનગરની સ્વામિનારાયણ સ્કૂલમાં અભ્યાસ કરતી સંસ્કૃતિબાએ પોલીસ પરિવાર અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યું



**અબતક, રાજકોટ**


રાજકોટ શહેર પોલીસ પરિવાર અને ક્ષત્રિય સમાજ માટે ગૌરવ લેવા જેવી ઘટના સામે આવી છે. ગાંધીનગરની સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ ખાતે સીબીએસઈ બોર્ડમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી સંસ્કૃતિબા જાડેજાએ ૯૩% ગુણ મેળવીને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. દીકરીબાની આ ઊંચી ઉડાનથી સમગ્ર પરિવાર, સગા-સ્નેહીઓ અને પોલીસ પરિવારમાં ખુશી અને આનંદની લહેર વ્યાપી ગઈ છે.

સંસ્કૃતિબાએ પોતાની મહેનત અને લગનથી શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરીને સમાજનું નામ રોશન કર્યું છે. સંસ્કૃતિબા જાડેજાના પિતા હરપાલસિંહ મનહરસિંહ જાડેજા હાલ રાજકોટ શહેરમાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી ટ્રાફિક) તરીકે પોતાની નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી રહ્યા છે.

પિતાની ફરજ પ્રત્યેની સમર્પણ ભાવના અને દીકરીની શૈક્ષણિક સિદ્ધિનો સુમેળ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ શાનદાર સફળતા બદલ સંસ્કૃતિબા પર સોશિયલ મીડિયા અને ટેલિફોનિક માધ્યમથી ઠેર-ઠેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# મહિલાઓ માટે 'ફિયર ર ફેરોસીટી' બિઝનેસ શુક્રવારે સેમિનાર

## ઈન્ફિનિટી લેડીઝ કલબના ઉપક્રમે આયોજિત વુમન પાવર મીટમાં સી.એ. હર્ષલ સેવક બિઝનેસ ગ્રોથ અને લીડરશીપની ગુરૂચાવી આપશે



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

શહેરની મહિલાઓને ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે પ્રોત્સાહન પૂરું પાડવા માટે ઈન્ફિનિટી લેડીઝ કલબ દ્વારા આગામી ૨૪ એપ્રિલ, ૨૦૨૬ ને શુક્રવારના રોજ એક ભવ્ય બિઝનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે 'ફિયર ર ફેરોસીટી' થીમ હેઠળ યોજાનાર આ 'વુમન પાવર મીટ' બપોરે ૩-૦૦ વાગ્યાથી શાસ્ત્રી મેદાન સામે આવેલી હોટેલ કે. રોઝ ખાતે યોજાશે, જે સમગ્ર રાજકોટની મહિલાઓ માટે ખુલ્લો રહેશે. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે એકસપર્ટ ટ્રેનર સી.એ. હર્ષલભાઈ સેવક ઉપસ્થિત રહેશે. તેઓ મહિલાઓને નવો બિઝનેસ શરૂ કરવાની પદ્ધતિઓ, હાલના વ્યવસાયને વિસ્તૃત કરવાની વ્યૂહરચના, વ્યક્તિત્વ વિકાસ અને લીડરશીપ સ્કીલ વિશે માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમની વિશેષતા એ રહેશે કે તેમાં નેટવર્કિંગ દ્વારા નવા સંપર્કો બનાવવાની તક સાથે મહિલાઓના વ્યવસાયિક અને જીવનના પ્રશ્નોનું સ્થળ પર જ લાઈવ નિરાકરણ લાવવામાં આવશે.આ લાઈફ ચેન્જિંગ સેમિનાર માટે ટોકન ફી રાખવામાં આવી છે અને કાર્યક્રમના અંતે અલ્પાહારનું પણ આયોજન છે. રજીસ્ટ્રેશન માટે રચનાબેન રૂપારેલ (૯૮૯૮૦૬ ૯૯૫૭), હિરબેન રાણપરા (૯૦૩૩૩ ૩૩૦૦૮), નીધિબેન લાખાણી (૯૨૨૭૫ ૭૩૧૮૧) અથવા દિવ્યાબેન દત્તાણી (૯૭૨૭૯ ૩૩૮૨૮)નો સંપર્ક કરી શકાશે. આ આયોજનને સફળ બનાવવા રચનાબેન, હિરબેન, નીધિબેન, દિવ્યાબેન અને સી.એ. હર્ષલભાઈ ભારે જહેમત ઉઠાવી રહ્યા હોવાનું વિકૃતિ બારડે એક યાદીમાં જણાવ્યું છે.

### અવસર આવ્યો લોકશાહીનો..


# રાજકોટ જિલ્લાના નાગરિકોએ મતદાનના શપથ લીધા

## મતદાન જાગૃતિ ઝુંબેશ હેઠળ કામદારોને ચૂંટણી પર્વમાં ભાગીદાર બનવા પ્રેરિત કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓમાં મહત્તમ મતદાન થાય તે માટે જાગૃતિ







લાવવા માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ઓદ્યોગિક સંસ્થાઓમાં મતદાન જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે જે અંતર્ગત વિદ્યાર્થીઓ-કામદારોએ મતદાનના શપથ લીધા હતાં. જિલ્લા રમતગમત અધિકારી દ્વારા રાજકોટ શહેરના વિવિધ રમતગમત સંકુલો જેવાકે ક્રિકેટ મેદાન, સ્વિમિંગ પૂલ રેસકોર્ષ ખાતે રાજકોટ શહેરના નાગરિકોએ મતદાન કરવા અંગે તથા અન્યોને મતદાન અંગે જાગૃત કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

શાપર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ગુજરાત ઈન્ટ્રક્સ લિ. તથા મેટોડા , રાજકોટમાં આવેલી એન્જલ પમ્પ્સ પ્રાઈવેટ લિમિટેડ ખાતે મતદાન અને મતદાન જાગૃતિ અંગે ક્વિઝ સ્પર્ધા અને અવેરનેશ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં કામદારોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે લોકશાહીમાં મતના મહત્વ અને મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં નાગરિકોની ભૂમિકા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ફેક્ટરીઓના કામદારોએ મતદાન કરવાના સંકલ્પ સાથે કોઈપણ લોભ-લાલચ વગર મતાધિકારનો ઉપયોગ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# વી.જે. મોદી સ્કૂલ દ્વારા શિક્ષા સે સંસ્કારઃ હિંસામુક્ત અને કરૂણામય વિશ્વ તરફ એક ડગલુંઃ કાલે કાર્યક્રમ

**અબતક, રાજકોટ**




વી.જે. મોદી સ્કૂલ દ્વારા રાજકોટનીદરેક જીવદય પ્રેમી જનતાને એક વિશેષ આમંત્રણશિક્ષા સે સંસ્કારઃ હિંસામુક્ત અને કરુણામય વિશ્વ તરફ એક ડગલું કાર્યક્રમ અંતર્ગત એક અનોખું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આજના સમયમાં દરેક જીવ પ્રત્યે દયા અને કરુણા રાખવી માત્ર એક મૂલ્ય નથી, પરંતુ એક જરૂરીયાત બની ગઈ છે. આ પ્રદર્શન દ્વારા સમાજને હિંસામુક્ત અને સંવેદનશીલ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાનો એક નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા પોસ્ટર્સ, પ્રોજેક્ટ્સ તેમજ વર્કિંગ અને નોન-વર્કિંગ મોડેલ્સ દ્વારા વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર પ્રકાશ પાડવામાં આવશે,

આ સમગ્ર આયોજન મોદી સ્કૂલના સ્થાપક ડો. રશ્મિકાંત મોદીના માર્ગદર્શન હેઠળ, શાળાના સ્ટાફ અને ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન ૧૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ વાગ્યાથી સાંજ સુધી વી.જે. મોદી સ્કૂલ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાસે, રાજકોટ ખાતે યોજાયો છે. રાજકોટના તમામ જીવદયા પ્રેમીઓ, કાર્યકરો અને જાગૃત નાગરિકોને વિનંતી છે કે

(અનુ. આઠમા પાને)

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં આકાર લેશે 'ઉમિયા ભવન'

## ઉમિયા સેવા પ્રગતિ મંડળ આયોજિત સરદાર ગાથામાં શૈલેશભાઈ સગપરિયા દ્વારા સરદારના જીવનના પ્રેરક પ્રસંગોનું જીવંત વર્ણન ૫૦૦૦ થી વધુ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં ૧૦ કરોડના દાનની સરવાણી



**અબતક, રાજકોટ**

ઉમિયા સેવા પ્રગતિ મંડળ-રાજકોટ દ્વારા સામાજિક એકતા, અખંડિતતા અને સદભાવનાના ઉમદા હેતુ સાથે એક વિશિષ્ટ સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયની જટિલ સમસ્યાઓના નિરાકરણ માટે સમાજને નવી દિશા મળે અને લોકોમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય તે માટે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શ જીવન ચરિત્રને કેન્દ્રમાં રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા સમાજના દરેક વર્ગમાં ઉચ્ચ નૈતિક મૂલ્યોનું સિંચન થાય અને લોકો સામાજિક જવાબદારી પ્રત્યે પ્રેરાય તેવો મક્કમ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. રાજકોટ શહેરમાં સૌ પ્રથમ વખત આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં જાણીતા યુવા મોટીવેશનલ સ્પીકર અને પૂર્વ કલાસ-૧ અધિકારી શૈલેશભાઈ સગપરિયા દ્વારા ''સરદાર ગૌરવ ગાથા'' રજૂ કરવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી ચાલેલા આ જ્ઞાનસભર આયોજનમાં વક્તાએ સરદાર સાહેબના જીવનના સંઘર્ષો અને તેમની કુશળ વહીવટી શક્તિને અત્યંત પ્રભાવશાળી રીતે વર્ણવી હતી. આ વ્યાખ્યાન માળાનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢી સરદાર પટેલના જીવનમાંથી પ્રેરણા લઈ સમાજ માટે પ્રેરણારૂપ બને તેવો રહ્યો હતો.

આ ભવ્ય આયોજનમાં સમાજના વડીલો, અગ્રણી આગેવાનો, ઉદ્યોગપતિઓ સહિત પાંચ હજારથી વધુ લોકોની ગરિમામય હાજરી જોવા મળી હતી. આ કાર્યક્રમ માત્ર વિચારો પૂરતો સીમિત ન રહેતા એક મોટી સિદ્ધિમાં પરિણમ્યો હતો; જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા મૈયાના પવિત્ર સાનિધ્યમાં ઉમિયા સમાજ ભવનના નિર્માણ અર્થે સમાજના દાતાઓએ ઉદાર હાથે ફાળો આપ્યો હતો. કાર્યક્રમના અંતે અંદાજે દસ કરોડ રૂપિયા જેટલી માતબર રકમનું દાન જાહેર કરવામાં આવ્યું હતું, જે સમાજની શક્તિ અને એકતાનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.

# રૈયા ચોકડી પાસેથી બે બાંગ્લાદેશી મહિલા ઝડપાઇ

## એસઓજી પીઆઇ એસ.એમ.જાડેજાની ટીમે દરોડો પાડી કરી કાર્યવાહી: સ્ટેટ અને સેન્ટ્રલ એજન્સીની મદદથી બંને મહિલાની પૂછપરછ

## ગેરકાયદે ઘૂસણખોરી કરી રાજકોટ કેવી રીતે પહોંચી અને તેનો ઈરાદા સહિતના મુદ્દે તપાસનો ધમધમાટ

**અબતક રાજકોટ**

સમગ્ર દેશના જુદા-જુદા રાજ્યમાંથી બાંગ્લાદેશીઓને શોધી કાઢવાની ચાલતી મુહિમ વચ્ચે રાજકોટ શહેરના રૈયા ચોકડી નજીક રહેણાંક વિસ્તારમાં રહેતી બાંગ્લાદેશી બે મહિલાને એસઓજીની ટીમે ઝડપી લેતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઘૂસણખોરી કરી રાજકોટ સુધી પહોંચેલી બંને બાંગ્લાદેશી મહિલાની વિશેષ પૂછપરછ માટે સ્ટેટ અને સેન્ટ્રલની એજન્સીની મદદથી બંને મહિલાઓના ઈરાદાઓ જાણવા માટે તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે.

વધુ વિગત મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરના તમામ પોલીસ મથક અને મહત્વની બ્રાન્ચો સઘન પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે રાજકોટ શહેરમાં ગેરકાયદે ઘૂસણખોરી કરી વસવાટ કરી દેશ વિરોધી પ્રવૃત્તિ કરતા એસઓજીને મળેલી બાતમીના આધારે રૈયા ચોકડી પાસે રહેણાંક વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. જેમાં બે બાંગ્લાદેશી મહિલાઓની અટકાયત કરવામાં આવી છે. પોલીસે બંને મહિલાઓની જીણવટભરી તપાસ માટે એટીએસ, આઈબી, સીઆઈડી અને સેન્ટ્રલની એજન્સીઓની મદદ લેવામાં આવી છે તેમજ પ્રાથમિક તપાસમાં એક મહિલા બે વર્ષથી અને બીજી મહિલા ચાર વર્ષથી અહિં રહેતી હોવાનું ખુલ્યું છે. આ બંને મહિલાઓ ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરી ભારતમાં કોની મદદથી તેમજ કેટલા સમયથી રહે છે તેમજ દેશ વિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલ છે કે કેમ? તેમજ તેઓએ બોગસ દસ્તાવેજ ઉભા કર્યા છે કે કેમ અને તેઓને કોને ભાડે મકાન સહિતની મદદ આપી તે મુદ્દે તપાસ હાથ ધરી મૂળ સુધી પહોંચવા તપાસનો ધમધમાટ આદર્યો છે.

# શ્રીજી ટ્રેડલિંક પેઢીને રાજસ્થાની બેલડીએ રૂ. ૬૧.૦૮નો ચૂનો ચોપડયો

## મોરબીની 'બાબો-બેબીકિડ્સ વેર' અને 'ટાબરિયા કિડ્સ વેર'ના રાહુલ ગેહલોત અને ધનારામ ચૌધરી દુકાનને તાળા મારી રફૂચકર

## પાંચ વર્ષમાં ૭૭.૬૫ લાખના કપડાં મંગાવ્યા જેની સામે ૧૬,૫૬,૭૭૫ જમા કરાવી બાકીની રૂપિયાનો ધુંબો માર્યો

**અબતક રાજકોટ**

શહેરના ડો. યાજ્ઞિક પર રાજલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતા મનદીપભાઈ અર્જુનભાઈ ચરાડવા નામના વેપારી 'શ્રીજી ટ્રેડલિંક' ઓફિસ ધારક અને કપડાંના હોલસેલ વેપાર સાથે સંકળાયેલા વેપારી સાથે મોરબીના રાહુલ ગણપતલાલ ગેહલોત અને ધનારામ જગતરામ ચૌધરી નામના શખ્સે રૂ.૬૧.૦૮ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી હતી

આ અંગે પોલીસ પાસે થી મળતી મુજબ, ડો.યાજ્ઞિક રોડ પર રાજલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતા અને 'શ્રીજી ટ્રેડલિંક' નામે વેપાર કરતા મનદીપભાઈ અર્જુનભાઈ ચરાડવા સાથે મોરબીના જેનિશ ગાર્મેન્ટમાં કામ કરતા રાહુલ ગણપતલાલ ગેહલોત અને ધનારામ જગતરામ ચૌધરી સાથે તેમનો સંપર્ક થયો હતો. આ બંને શખ્સે મોરબીમાં ભાગીદારીમાં બાબો-બેબીકિડ્સ વેર' અને 'ટાબરિયા કિડ્સ વેર' નામે નવી પેઢીઓ શરૂ કરી હતી.નવી પેઢી શરૂ કર્યાનું કહી આરોપીઓએ મનદીપભાઈ પાસેથી ઉધારમાં માલ લેવાનું શરૂ કર્યું હતુ. બંને શખ્સે કુલ રૂ.૭૭,૬૫,૦૨૨ની કિંમતના બાળકોના કપડાં મગાવ્યા હતા. જેની સામે ટુકડે-ટુકડે માત્ર રૂ. ૧૬,૫૬,૭૭૫ જ ચૂકવ્યા હતા. બાકી નીકળતી રૂ. ૬૧,૦૮,૨૪૭ ની રકમ ચૂકવવા વાયદાઓ કરતા રહ્યા હતા.જ્યારે વેપારી ઉઘરાણી માટે મોરબી તેમની દુકાને પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે, રાહુલ અને ધનારામ બંને દુકાન બંધ કરી નાસી ગયા છે. વેપારીએ જ્યારે રાજસ્થાન જઈને તેમનો સંપર્ક કર્યો ત્યારે આરોપીઓએ અભદ્ર વર્તન કરી અને જણાવેલ કે, તમારે જ્યાં જવું હોય ત્યાં જાવ, જે કરવું હોય તે કરી લો. અમે બંનેમાંથી કોઈપણ એક રૂપિયો આપીશું નહીં. આ મામલે મનદીપભાઈએ છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગેની ફરિયાદ નોંધાવતા એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધી હાલમાં તપાસ માં પીએસઆઈ ભૌતિક રામજીભાઈ સાવલિયા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# એઈમ્સના અધિકારી તરીકે ઓળખ આપી બે મહિલા સાથે રૂ. ૫.૬૦ લાખની ઠગાઈ

## મહિલાને આયુષ્માન મિત્ર તરીકે અને યુવકને નોકરી આપવાની લાલચે મહિલાએ કરી છેતરપિંડી

**અબતક રાજકોટ**

સરકારી નોકરી અપાવવાના નામે છેતરપિંડીના કિસ્સાઓ છાશવારે બનાવો સતત વધી રહ્યા છે, ત્યારે રાજકોટમાં વધુ એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે.શીતલ પાર્ક મેઈન રોડ પર મેલડી માના મંદિર પાસે અવંતિકા પાર્ક રહેતી સોમાબેન સુકુમાર ઘોષ નામના મહિલા સાથે આરોપી મિલોન કંચન ચેટર્જી એ સીમાબેન ના પુત્ર ને એઈમ્સ નોકરી આપવાની લાલચ આપી ૫.૬૦ લાખની છેતરપિંડી આચરી હતી .આ અંગે મળતી માહિતી મુજબ શીતલ પાર્ક મેઈન રોડ પર મેલડી માના મંદિર પાસે અવંતિકા પાર્ક ગેટ નં.૪માં બ્લોક નં.૧૫૬માં રહેતા સોમાબેન સુકુમાર ઘોષ નામના મહિલાની મુલાકાત આજથી છ મહિના પહેલા ભૂપેન્દ્ર રોડ પર બાલાજી મંદિર પાસે દુર્ગા પૂજા દરમિયાન આરોપી મિલોન કંચન ચેટર્જી નામના વ્યક્તિ સાથે થઈ હતી. પોતે પણ બંગાળી હોવાનું કહી મિલોને આ પરિવાર સાથે ઘરોબો કેળવ્યો હતો. તેણે પોતાની ઓળખ રાજકોટ એઈમ્સના મોટા અધિકારી તરીકે આપી હતી અને મહિલાના દીકરાને ત્યાં નોકરીએ લગાડી દેવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધી હતી અને નોકરી માટે ૫ લાખ થશે એવું જણાવ્યું હતું પુત્રનો ભવિષ્યનો વિચાર કરી તેને કટકે કટકે ૫ લાખ રૂપિયા આરોપી મહિલાને આપ્યા હતા ગત જાન્યુઆરી માં આરોપી એ સુકુમાર ને જણાવેલ કે તમારું કામ થાય ગયું છે અને લેટર લઈ ને અમદાવાદ આવી છું અને ત્યાર બાદ ફોન બંધ આવતા ફરિયાદ સુકુમાર આરોપી ના ઘરે જતા ફ્લેટ માં રહેતા મમતાબેન અનુરાગભાઈ માંકડે જણાવેલ આરોપી એ પોતે આયુષમાન કાર્ડ વિભાગ ઓડિટર હોવાની કહી અને આયુષમાન આરોગ્ય મિત્ર ની નોકરી આપવાની લાલચએ ૮ લાખ માગ્યા હતા જેમાં મમતાબેન દ્વારા આરોપી ને ૬૦ હજાર અપાયા બાદ ગુમ થઈ હતી આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી સમગ્ર મામલે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીએસઆઈ જીતેન્દ્રભાઈ જોષી દ્વારા તપાસ ચલાવી રહ્યા છે

# મુંજકા નજીક દંપતી પર પાડોશીઓનો ધોકા વડે હુમલો: ધમકી

## મોબાઈલમાં વીડિયો ઉતાર્યાની શંકા રાખી માર માર્યો

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલ મુંજકા આર્ષ વિદ્યામંદિર પાસેના ટિટોડિયા કવાર્ટરમાં રહેતા યુવાને વીડિયો ઉતારવા બાબતે શંકા રાખી પડોશમાં રહેતા શખસોએ દંપતીને ધોકા અને ઢીકાપાટુ વડે મારમાર્યો હતો. આ મામલે યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી સોનલબેન જયેશભાઈ હડિયલ(ઉ.વ. ૩૬ રહે. ટીટોડીયા કવાર્ટર) દ્વારા નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પડોશમાં રહેતા મયુર, જીતુ, મુના અને ગોપાલના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રીના તેઓ અને તેમના પતિ જયેશભાઈ ઘરની બહાર હાજર હતા. તેમના ઘરની ઉપર રહેતા મયુરભાઈ નામના શખસે રસ્તામાં ફર્નિચરનો સામાન રાખ્યો હતો. આ દરમિયાન જયેશભાઈએ પોતાનો મોબાઈલ ઘરની બહાર ચાર્જિંગમાં મૂક્યો હોવાથી મયુરભાઈને શંકા ગઈ હતી કે તેઓ તેમનો વીડિયો ઉતારી રહ્યા છે. આ બાબતે જયેશભાઈએ વીડિયો નહીં ઉતાર્યો હોવાનું કહ્યું હોવા છતાં મયુરભાઈએ તેમની સાથે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો કર્યો હતો. થોડીવાર બાદ જ્યારે જયેશભાઈ પડોશી સાથે બહાર જઈ રહ્યા હતા ત્યારે મયુરભાઈ, જીતુભાઈ, મુનાભાઈ અને ગોપાલભાઈએ તેમને રોકી ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન આરોપી મયુરભાઈએ લાકડાનો ધોકો લઈ જયેશભાઈને માર મારવાનો પ્રયત્ન કર્યો હતો. પતિને બચાવવા વચ્ચે પડેલા સોનલબેન પર પણ મયુરભાઈએ ધોકા વડે હુમલો કર્યો હતો અને લોહી નીકળવા લાગ્યું હતું. આ ઉપરાંત આરોપીઓએ જયેશભાઈને પણ માથાના ભાગે ધોકાનો ઘા ફટકારી દીધો હતો. હુમલા બાદ આરોપીએ સોનલબેન અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. મહિલાની ફરિયાદના આધારે પોલીસે મયુર, જીતુ, મુના અને ગોપાલ વિરુદ્ધ કલમ ગુન્હો નોંધ્યો છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ જાડેજા ચલાવી રહ્યા છે.

### તાપમાનનો પારો ઉંચકાતા...

# શહેરમાં ચાર સ્થળોએ બઘડાટી બોલી, મહિલા સહિત પાંચ ઘાયલ

## કરણસિંહજી સ્કૂલ પાસે પત્નીને મળવા ગયેલા જમાઈને સસરાએ છરી ઝીંકી અને ગાયકવાડીમાં મહિલા પર હુમલો

## આજીડેમ પાસે પારકા ઝઘડામાં વચ્ચે પડેલા પિતરાઈ પર હુમલો, હાઉસિંગ બોર્ડમાં યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ અલગ-અલગ વિસ્તારોમાં મારામારીના ચાર બનાવો પ્રકાશમાં આવ્યા છે. જેમાં ઘરકંકાસ, જમીન-મકાનના પ્રશ્નો અને અજાણ્યા શખ્સોના હુમલામાં મહિલા સહિત પાંચ લોકોને ઈજાઓ પહોંચી છે. જેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલના ભુણાવા ગામે રહેતા સંજયભાઈ ભીમાભાઈ મકવાણા (ઉ.વ. ૨૭) રાજકોટમાં કરણસિંહજી સ્કૂલ પાસે ૨ મહિનાથી માવતરે આવેલી પોતાની પત્ની શીતલને મળવા આવ્યા હતા. ત્યાં આવતા જ તેમના સસરા રઘુભાઈ બચુભાઈ પરમાર (ઉ.વ. ૬૩) એ લીધેલ કે અહીં કેમ આવ્યો છે?'' તેમ કહી બોલાચાલી થઈ હતી. વાત વધતા સસરાએ જમાઈ સંજયને માથામાં છરી ઝીંકી દીધી હતી. સામા પક્ષે જમાઈના હુમલામાં સસરા રઘુભાઈને પણ પથ્થર વાગતા ઈજા થઈ છે. સસરા રઘુભાઈના જણાવ્યા અનુસાર, દીકરી અને જમાઈ ઝઘડતા હોય તેમાં વચ્ચે પડતા તેમને માર લાગ્યો હતો. બંનેને ઈજાઓ થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

બીજા બનાવમાં કુવાડવા રોડ પર રહેતા અને જમીન-મકાનની લે-વેચનું કામ કરતા પ્રવીણભાઈ ભુરાભાઈ નકુમ (ઉ.વ. ૪૫) આજીડેમ ચોકડી પાસે ભારત નગરમાં હતા ત્યારે આ બનાવ બન્યો હતો. તેમના કાકાના છોકરાનો અજાણ્યા શખ્સો સાથે ઝઘડો થતો હોય, પ્રવીણભાઈ વચ્ચે પડ્યા હતા. આ દરમિયાન અજાણ્યા માણસોએ તેમને પથ્થર વડે બેફામ માર મારતા માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને સર્વર અર્થ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પ્રવીણભાઈ જમીન મકાનનું કામ કરે છે તેમને સંતાનમાં બે દીકરા પાંચ દીકરી છે

ત્રીજા બનાવમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ કવાર્ટર્સમાં રહેતા હિતેશભાઈ મુકેશભાઈ મકવાણા (ઉ.વ. ૨૩) પોતાના ઘર પાસે હતા ત્યારે એભલભાઈ, રવિભાઈ અને અર્જુનભાઈ નામના શખ્સોએ કોઈ અગમ્ય કારણોસર ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા શખ્સોએ હિતેશભાઈ પર લોખંડના પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

ચોથા બનાવમાં ગાયકવાડી પ્લોટમાં રહેતા કોમલબેન લાલભાઈ છાલરીયા રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘર પાસે હતા ત્યારે લાલભાઈ અને તેમની સાથેના માણસોએ ઝઘડો કરી ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો. ઈજાગ્રસ્ત મહિલાને માથાના ભાગે મુંઢ ઈજાઓ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમામ બનાવો અંગે હોસ્પિટલ ચોકી દ્વારા સંબંધિત પોલીસ મથકોને જાણ કરવામાં આવી છે અને પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રીબડા નજીક ઓમ પેકેજિંગ કારખાનામાં ભીષણ આગ

## શોર્ટ સર્કિટથી આગ લાગ્યાનું પ્રાથમિક અનુમાન: રાજકોટ-ગોંડલ અને શાપરના ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો

**અબતક રાજકોટ**

ગોંડલ હાઈવે પર આવેલા રીબડા ચોકડીથી આગળ ગુંદાસરા રોડ પર ગત મોડી રાત્રે પૂઠાના કારખાનામાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં આખું કારખાનું ઝપેટમાં આવી ગયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખો રૂપિયાનો માલસામાન બળીને રાખ થઈ ગયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગુંદાસરા રોડ પર આવેલા મનસુખભાઈની માલિકીના 'ઓમ પેકેજિંગ' નામના પૂઠાના કારખાનામાં રાત્રિના સમયે અચાનક આગ લાગી હતી. રાત્રે અંદાજે ૩:૩૮ કલાકે જગદીશભાઈ નામના વ્યક્તિએ ફાયર બ્રિગેડને આ અંગે જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક ફાયર ફાઈટરોનો કાફલો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યો હતો.



આગ પર કાબૂ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સૌપ્રથમ કોઠારિયા ફાયર સ્ટેશનથી ગાડી રવાના થઈ હતી, ત્યારબાદ નાગરિક બેંક ફાયર સ્ટેશનથી બીજી ગાડી મોકલવામાં આવી હતી. આગની તીવ્રતા વધતા રાજકોટ, ગોંડલ અને શાપર વેરીવેલથી પણ ફાયર ફાઈટરોની મદદ લેવામાં આવી હતી. કારખાનામાં રહેલા કાગળના મટીરિયલ (રો-મટીરિયલ) અને મોંઘીદાટ મશીનરીઓ આગમાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા છે. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

જે સમયે આગ લાગી ત્યારે કારખાનામાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. હાલમાં ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને ઘટનાસ્થળે કુલિંગની કામગીરી ચાલુ રાખવામાં આવી છે જેથી ફરીથી આગ ન ભભૂકે. પોલીસ અને સંબંધિત તંત્રો દ્વારા નુકસાનીનો આંકડો મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

**આગથી લાખોની મશીનરી અને રો-મટીરિયલ બળીને ખાખ, સદનસીબે જાનહાનિ ટળી**

# મોરબી હાઉસ નજીક ક્રિકેટ સટ્ટો રમતો યશ સરધારા ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચે મોબાઈલ કબ્જે કરી, અમદાવાદનો ID આપનાર શખ્સની શોધખોળ

**અબતક રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા મોરબી હાઉસ પાસે આવેલા કસુંબા હોટલની સામેથી ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો યસ સરધારા નામના પંટરને મોબાઈલ સાથે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ઝડપી લઈ, આઈ ડી આપનાર અમદાવાદના શખ્સની શોધ ખોળ હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ જામનગર રોડ પર પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, મોરબી હાઉસ પાસે આવેલી કસુંબા હોટલ ની સામે એક શખ્સ મોબાઈલમાં ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ તુર્તજ મોરબી હાઉસ પાસે કસુબા ચાની હોટલ પાસે પહોંચી શખ્સ પાસેથી મોબાઈલ કબ્જે કરી, મોબાઈલની ચેક કરતા મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચ , કસીનોઅને અન્ય અલગ અલગ ગેમ્સમાં હરજીતના સોદા થઈ શકે તે માટે ઉંઘછઉઅગર૪૫ નામની આઈ ડી દ્વારા મુંબઈ ઈન્ડિયન અને પંજાબ કિંગ્સ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર સોદા કરતો હતો. ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે અંબિકા ટાઉનશીપ નજીક આર્યશ્રી સોસાયટીમાં રહેતો યશ રમણીકભાઈ સરધારા નામના યુવકની મોબાઈલ સાથે ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ધરપકડ કરી છે. પોલીસે યશની પૂછપરછ કરતા તેને અમદાવાદમાં રહેતો કર્મરાજ અશોક સિંહ ગોહિલ નામના શખ્સ પાસેથી આઈ ડી મેળવી ક્રિકેટ સટ્ટો રમતો હોવાની કબુલાત આપી હતી. પોલીસે કર્મરાજ ગોહિલ વિરુદ્ધ ગુન્હો નોંધી, શોધખોળ હાથ ધરી છે. દરોડા ની કામગીરી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ અનિલભાઈ સોનારા ,કનકસિંહ, હરપાલસિંહ અને રાજેશભાઈ ચાવડા સહિતના સ્ટાફે બજાવી છે.


## કોટડાસાંગાણી તાલુકાના અબતક દૈનિકના એજન્ટ અને રિપોર્ટર

- આપના વિસ્તારમાં કોઈપણ પ્રકારના પ્રશ્નો હોય તો અમોને જાણ કરશો
- કોઈપણ સંસ્થાની કે જાહેર પ્રેસ નોટ આપવા માટે
- તમારા કોઈપણ ધંધાની આકર્ષક જાહેરાત અને જાહેર નોટિસ આપવા માટે
- અવસાન નોંધ (શ્રદ્ધાંજલિ) આપવા માટે
- અબતક ચેનલના સમાચાર હોય તો અમને જણાવશો
- અબતકનું લવાજમ મેળવવા માટે



**સલીમ પતાણી**
(રિપોર્ટર અને એજન્ટ - કોટડાસાંગાણી તાલુકો)

સંપર્ક સ્થળ:
**પતાણી ન્યુઝ એજન્સી**
ભાડવા રોડ, કોટડાસાંગાણી
સલીમ પતાણી ૯૭૨૩૮ ૪૪૭૮૬
સોયબ પતાણી ૯૪૨૯૮ ૭૬૭૮૬

અથવા રૂબરૂ મુલાકાત માટે મળો


### સરધારમાં ભાડા પટ્ટેથી મળેલી જમીનમાં આંબેડકરની પ્રતિમા ખંડિત

# સ્વામિનારાયણ મંદિરના ત્રણ સાધુ-ટ્રસ્ટીઓ અને અજાણ્યા ૨૫થી વધુ શખ્સો સામે નોંધાતો ગુનો

## અઘટિત ઘટના ન બને તે માટે પોલીસના ધાડેધાડા ઉતારી દેવાયાં અને ડીવાયએસપી ભાવેશકુમારને તપાસ સોંપાઈ

**અબતક રાજકોટ**

રાજકોટ ભાવનગર ધોરીમાર્ગ પર આવેલા સરધાર ગામમાં બૌદ્ધ વિહારમાં સ્થાપિત ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને

૨૫ જેટલા અજાણ્યા શખ્સો એ આંબેડકરની પ્રતિમાને ખંડિત કરી કમ્પાઉન્ડ વોલમાં ફેંકી દીધી હોવાની ઘટના સામે આવી છે. આજી ડેમ પોલીસ સ્ટેશનમાં સ્વામિનારાયણ મંદિરના સાધુઓ અને ૨૫ અજાણ્યા શખ્સ વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી છે. આ અંગે મળતી માહિતી મુજબ શહેરના સરદાર ગામે ધારેશ્વર મંદિર ની પાછળ રહેતા અને બોધ્ધવિહાર ના સંચાલક બીપીનભાઈ બધાભાઈ મકવાણાએ સરધાર સ્વામિનારાયણ મંદિરના સાધુ નિત્યસ્વરૂપદાસજી, બાલમુકુંદસ્વામી, પતીત પાવન સ્વામી ,સંસ્થાના ટ્રસ્ટી સહિત અજાણ્યા ૨૦ થી ૨૫ લોકો તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના રેસમાં આવેલા બે સાધુ સહિતના શખ્સોએ સ્વામિનારાયણ મંદિરની પાછળ આવેલ જગ્યામાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને નુકસાન પહોંચાડી બાજુની સરકારી ખરાબાની જમીનમાં ફેંકી દઈ નાસી છુટ્યા અંગેની આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. અગાઉ ૨૦૨૧માં પણ બૌદ્ધ વિહાર તોડવા બાબતે અને ૨૦૨૩માં સ્વામિનારાયણ મંદિરના સાધુઓ સહિત ૧૫૦ લોકો સામે ફરિયાદ થઈ હતી. ત્યારબાદ ફરી ૨૨/૧૨/૨૦૨૫ના રોજ પણ પ્રતિમા ખંડિત કરાતા વિવાદ થયો હતો. હાલમાં આજી ડેમ પોલીસે ગુનો નોંધી નાયબ પોલીસ અધીક્ષક ભાવેશકુમાર જાદવને તપાસ સોંપી છે.અગાઉ પણ ઉપરોક્ત મુદ્દે જ જબરી માથાકૂટ થઈ હતી. ત્યારબાદ સંબંધિત તંત્ર દ્વારા યોગ્ય પગલાં ન લેવાતા ફરી એકવાર જૂના મુદ્દે જ ડખ્ખો થયો છે ત્યારે પોલીસે હવે કાયદા મુજબ જવાબદારો સામે કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે




તંત્રી લેખ

# મતદારોના મન કળવા ઉમેદવારોની ‘‘મથામણ’’

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ માં મતદાન આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, રાજકીય પક્ષોએ આ વખતે ફૂકી ફૂકીને ઉમેદવારોની પસંદગી કરવાની મેરેથોન કવાયત હાથ ધરી હતી છતાં ઘણી જગ્યાએ આંતરિક અસંતોષ ના પ્રશ્નો ઉકેલવા દરેક રાજકીય પક્ષના આગેવાનો ને સામ-દામ ની નીતિ અપનાવી પડી છે, ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે

ઉમેદવારો અને રાજકીય પક્ષો ફિલ્ડમાં ઉતરી ચૂક્યા છે ત્યારે હવે ઉમેદવારો માટે મતદારોના અકળ મનની સમસ્યા પડકાર બનીને સામે આવી છે, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો માટે આ વખતે ઉમેદવારોની જાહેર કરવાની પ્રક્રિયાથી શરૂઆતમાં ચૂંટણીનો રાજકીય માહોલ ઉભો કરવામાં ઘણી ફાવટ દેખાઈ હતી પરંતુ હવે દડો મતદારોના આંગણે પહોંચી ગયો છે ,ત્યારે મતદારો માં નીરસ્તા નો માહોલ પ્રવૃતિ રહ્યો છે, ઉમેદવારો અને પક્ષની ચૂંટણી કાર્યાલયની ગતિવિધિમાં પણ મતદારો ની પાખી હાજરી અને ઉત્શાહ નો અભાવ જોવા મળી રહ્યો છે,

ઉનાળાના દિવસો શરૂ થયા છે ત્યારે મોટાભાગના રાજકીય પક્ષોઅને ચૂંટણી વ્યવસ્થા ગોઠવનાર આયોજકો એ ગ્રામ્ય વિસ્તારો અને શહેરમાં રાત્રે મીટીંગો અને જન સંપર્ક માટે તખતો તૈયાર કર્યો છે, ઉમેદવારોના જન સંપર્કમાં પણ લોકોની હાજરી ઓછી દેખાય છે ,મીટીંગોમાં પણ સામાન્ય મતદાર ની સંખ્યા કાર્યકર્તાઓ કરતા પણ ઓછી રહે છે..

આ વર્ષે એસ આઈ આર ની કામગીરીથી બોગસ અને વધારાના મતદારો નીકળી ગયા છે એટલે મતદાર ની વાસ્તવિક સંખ્યા નોંધાય છે આ કારણે મતદાન વધશે તે નક્કી છે, મતદારો મત આપશે પણ અત્યારે કયા પક્ષ અને કયા ઉમેદવારનું પલડું ભારે છે તે મતદારો મોઢે આવવા દેતા નથી...

મતદારો નુંશાણપણ વધ્યું છે , મતદાન ની દિશા વધુમાં વધુ ગુપ્ત રહે તેવા મતદારોના પરિપકવ અભિગમથી આ વખતે ઉમેદવારોની મૂંઝવણ વધી છે દેખીતી રીતે ચૂંટણી પ્રચાર દરમિયાન ચૂંટણીમાં જોઈએ એવો માહોલ જાગતો નથી તેનાથી મતદારોમાં સ્વસ્થતા પણ ઉમેદવારો અને રાજકીય પક્ષો ભારે મૂંઝવણ માં મુકાઈ ગયા છે.

આ વખતે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં બિનહરીફ બેઠકોની સંખ્યા અને વિરોધી પક્ષોની નબળી તૈયારીને કારણે ચૂંટણીનો માહોલ નિરસ લાગે છેઘણી જગ્યાએ મજબૂત રાજકીય ‘‘લડાઈ‘‘ વગરની ચૂંટણી થવાથી લોકોમાં ઉત્સાહ ઓછો છે. તેમ છતાં ૨૬એપ્રિલે મતદાન છે અને ૨૮મીએ પરિણામો આવશે. પહેલાની જેમ હવે સામાન્ય મતદાર ચૂંટણીને લઈને પોતાનો ઉત્સાહ પ્રદર્શિત કરવા માટે આગળ આવતો નથી દરેક વિસ્તારમાં દરેક મતદાર માટે પોતાનું વલણ અને પ્રશ્નોના પ્રકાર અલગ અલગ હોય છે અત્યારે નગરપાલિકા કોર્પોરેશન જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની અલગ અલગ કેડરની ચૂંટણી નો માહોલ જાગ્યો છે ત્યારે મતદારો હવે સમજદારી પૂર્વક મતદાન કરવા ગંભીર બન્યા છે લોકોને સ્થાનિક કાર્યકર આગેવાનો અને પોતાના ઉમેદવાર ની રાજકીય પ્રતિભા અને પક્ષ પ્રત્યેની વફાદારી ને મુલવવા ની સમજ આવી ગઈ છે ચૂંટણીમાં થતા પ્રચાર અને ઉમેદવારો દ્વારા હથેલીમાં ચાંદ બતાવવા જેવા ચૂંટણી વચનો ની હવે મતદારો પર પહેલાની જેમ અસર થતી નથી. અવાસ્તવિક પ્રચાર નુંદરેક મતદાર મૂલ્યાંકન કરતા થયું છે

ફેસ્ટીવ એન્ટરટેઇનમેન્ટ દ્વારા આયોજીત

# કાલે આશા ભોંસલેને શ્રદ્ધાંજલી અર્પતો ભવ્ય મ્યુઝિકલ કાર્યક્રમ

## આશાજી સાથે લાઈવ શો કરનાર દેશના ખ્યાતનામ ગાયિકા પ્રિયંકા મિત્રા અને નાનુ ગુર્જર સુંદર ગીતો રજુ કરશે



**અબતક, રાજકોટ**

હિન્દી ફિલ્મ જગતના ખ્યાતનામ ગાયિકા આશા ભોંસલેને શ્રદ્ધાંજલી અર્પતો ગુજરાતમાં પ્રથમવાર રાજકોટ આંગણે કાલે શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે ફેસ્ટીવ એન્ટર ટેઇનમેન્ટ અને ફેમીલ કલબ દ્વારા યોજવામાં આવેલ છે. સમગ્ર કાર્યક્રમમાં જાણીતા ગાયિકા સ્વર-સામાજ્ઞી આશાજીના જીવનને સમર્પિત જુના નવા શ્રેષ્ઠ ગીતો દેશના ખ્યાતનામ કલાકારો હજુ કરશે.

આ ભવ્ય મ્યુઝિકલ ઈવેન્ટ વિશે માહીતી આપતા અભિનવ પટેલ અને જયેશ ઓઝાએ જણાવેલ છે કે, આ સંગીત કાર્યક્રમમાં સ્વ. આશાજી સાથે લાઈવ સ્ટેજ શો કરનાર ભારતની સુપ્રસિદ્ધ ગાયિકા વોઈસ ઓફ આશા પ્રિયંકા મિત્રા અને વર્સેટાઈલ સિંગર નાનુ ગુર્જર સુંદર કર્ણપ્રિય ગીતો રજુ કરશે.

આ સંગીત કાર્યક્રમનું સંચાલન જાણીતા એન્કર મોહસીન શેખ કરશે, જયારે સમગ્ર સંગીન સંચાલીન મ્યુઝિક અરેન્જર મનીષ જોશી સંભાળશે. આ કાર્યક્રમની પ્રવેશ ટીકીટ બુક માય શો અને હેમુ ગઢવીના બુકિંગ વિન્ડો ઉપર મળી શકશે. વિશેષ માહીતી માટે મો. નં. ૯૪૨૯૦ ૪૫૨૧૪ ઉપરથી મળી શકશે.

અભીન જાઓ છોડ કે, જાઈએ આપ કર્હા જાયેગે, યે મેરા દિલ પ્યાર કા દિવાના જેવા શ્રેષ્ઠ કર્ણપ્રિય ગીતોથી મઢેલા આ કાર્યક્રમ માણવા જેવો છે. સંગીતના ચાહકો માટે એક અનોખો સંગીત અવસર છે, ત્યારે વહેલા સર ટીકીટ બુકી કરીને તમારી સીટ સિકયોર કરી લેવી તેમ આયોજક જયેશ ઓઝા અને અભિનવ પટેલે જણાવેલ છે.

# રામાનંદી નવનિર્માણ સેનાના મધ્યસ્થ કાર્યાલયનો સંતોએ કરાવ્યો પ્રારંભ

## રામાનંદી સમાજના કામો માટે કાર્યાલયમાં થશે મંથન





**અબતક, રાજકોટ**

રાજકોટમાં રામાનંદી સાધુ સમાજની મુખ્ય સંસ્થા રામાનંદી નવનિર્માણ સેના ટ્રસ્ટના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન સંતો, મહંતો, રાજકીય મહાનુભાવો, જ્ઞાતિ અગ્રણી સમાજ બંધુઓની હાજરીમાં મંગલમ એપાર્ટમેન્ટ, પહેલા માળે, મધુરમ હોસ્પિટલની બાજુમાં ગોંડલ રોડ રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટનમાં સંત ગોકર્ણદાસજી મહારાજ, રામાયણી મુકુંદદાસજી મહારાજ, મહંત મનુ બાપુ, સાંસદ પુરુષોત્તમ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા ઉધયભાઈ કાનગડ, રામાનંદી નવનિર્માણ સેના રાષ્ટ્રીય અધ્યક્ષ નીખીલભાઈ નિમાવતના હસ્તે મધ્યસ્થ કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ સમારોહમાં રામાનંદી નવનિર્માણ સેના રાષ્ટ્રીય અધ્યક્ષ નિખિલભાઈ નિમાવત, શિવ સેના પ્રભારી જીમ્મીભાઈ અડવાણી, દુર્ગેશભાઈ કુબાવત (જસદણ), સંદિપભાઈ નિમાવત (પડધરી), બિપીનભાઈ નિમાવત (ગોંડલ), રવિભાઈ નિમાવત, કિશોરભાઈ કુવાબત, નિર્મળભાઈ નિમાવત, વિનોદભાઈ કુબાવત, પ્રવિણભાઈ દેવમુરારી, પરશુરામભાઈ દેવમુરારી, રાધેશ્યામભાઈ વિષ્ણુસ્વામી, પ્રવિણભાઈ નિમાવત, ભરતભાઈ કુબાવત, હસમુખભાઈ, વૈષ્ણવ, સુરેશભાઈ જલાલ, તુષારભાઈ નિમાવત, ઉપસ્થિત રહ્યા હતાં. રામાનંદી નવનિર્માણ સેનાના મુખ્ય કામો સમાજને પડતી મુશ્કેલીઓ, પારિવારીક સમસ્યાનું નિરાકરણ લવજેહાદના કિસ્સાઓના નિકાલ આરોગ્યલક્ષી સમસ્યા અને સામાજિક કામોમાં આ સંસ્થા સમગ્ર સૌરાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં દરેક જિલ્લા-તાલુકામાં મોટી સંખ્યામાં ટીમ કાર્યરત છે.

આ ઉદ્ઘાટન સમારોહને સફળ બનાવવા હિતેષભાઈ નિમાવત, આશિષભાઈ પુર્ણવૈરાગી, દિલીપભાઈ અગ્રાવતે જહેમત ઉઠાવી હતી.

સાહિત્ય સેતુ મથુરદાસ નરભેરામ પારેખ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# વાંચન પ્રવૃત્તિને વેગ અપાવવા ચોથા પુસ્તક પરબનો પ્રારંભ કરાશે



**અબતક, રાજકોટ**

પ્રવર્તમાન ડિજિટલ યુગમાં વાંચન પ્રવૃતિ ઠપ થઈ ગઈ છે, નાના મોટા સૌ કોઈ વાંચનથી વિમુખ થઈ રહ્યા છે, પુસ્તકાલયો સુના પડ્યા છે, પુસ્તકો પુસ્તકાલયના કબાટમાં ધૂળ ખાય છે ત્યારે જીવન ઘડતરમાં વ્યક્તિત્વ વિકાસમાં અતિ ઉપયોગી એવી વાંચન પ્રવૃતિને વેગ મળે, રશહેરીજનો વાંચતા થાય તેવા શુભાશયથી દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃતિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત દર મહિનાના પહેલા રવિવારે શહેરના કાલાવડ રોડ પર આવેલ કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલમાં સાડા ચાર વર્ષથી પુસ્તક પરબ ચાલી રહેલ છે.

વાંચન પ્રવૃત્તિને વેગ મળે તેમજ શહેરીજનોને પુસ્તક પ્રેમીઓને પોતાના ઘરથી નજીકની જગ્યાએથી પુસ્તકો વાંચવાની સુવિધા મળી રહે તે માટે શહેરના જાહેર જીવનના જૂની પેઢીના મોભી, મોઢવણિક સમાજના અગ્રણી સાહિત્ય પ્રેમી સ્વ. રસિકભાઈ મહેતા પરિવારના ટ્રસ્ટ મથુરદાસ નરભેરામ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા જ્યોતિનગર, શારદાનગર, એ.જી. સોસાયટી સહિતના વિસ્તારમાં રહેતા લોકો લાભ લઈ શકે તે માટે તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ રવિવારના રોજ સવારના ૧૦ વાગ્યે કાલાવડ રોડ પર આવેલ ક્રિસ્ટલ મોલ પાછળ આવેલ આઈ.ઓ.સી. કવાટર પાછળ ઈશાવાસ્ય બિલ્ડિંગમાં દર મહિનાના ત્રીજા રવિવારે પુસ્તક પરબ યોજાશે.

વણિક સમાજના વરિષ્ઠ મહિલા અગ્રણી તરલિકાબેન મહેતાના હસ્તે અખાત્રીજના પવિત્ર દિવસે શહેરમાં ચોથા પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવશે.

સાહિત્ય સેતુ રાજકોટ અને મથુરદાસ નરભેરામ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શરૂ થનાર આ પુસ્તક પરબમાં વાંચકો માટે ઐતિહાસિક, ધાર્મિક, સામાજિક, ચિંતનાત્મક, જ્ઞાનવર્ધક, વિજ્ઞાન સહિતના પાંચસો જેટલા પુસ્તકો પ્રારંભ રાખવામાં આવશે. પુસ્તક પરબ સરસ રીતે ચાલે અને વધુને વધુ નાગરિકો લાભ લે તે માટે હરેનભાઈ મહેતા, નરેન્દ્રભાઈ મહેતા, નમ્રતાબેન મહેતા, હીનાબેન મહેતા, કાર્યરત છે.

અખાત્રીજના શુભ દિવસે શરૂ થઈ રહેલ ચોથા પુસ્તક પરબનો લાભ લેવા પુસ્તક પ્રેમીઓ, સાહિત્યપ્રેમીઓ તેમજ જ્યોતિનગર આસપાસના વિસ્તારના લોકોને લાભ લેવા જાહેર અપીલ કરી છે.

શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા

# મોદી સ્કુલની તમામ શાખા ખાતે રવિવારે મહા રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

ઉનાળાના સખત તાપમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડની સખત અછત રહેતી હોય ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભાઆશયથી શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી મોદી સ્કુલના ચેરમેન ડો.રશ્મીકાંત મોદી સરની પ્રેરણાથી તેમની ત્રણ શાખામાં ૩૮માં મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૯/૦૪/૨૬, રવિવારના રોજ સવારે ૮:૩૦થી બપોરે ૧૨:૩૦ સુધી પી.વી.મોદી સ્કુલ, ઈન્દ્રપ્રસ્થનગર, ભક્તિનગર રેલ્વે લાઈન પાસે, રાજકોટ મોદી સ્કુલ - અંબિકા ટાઉનશીપ સામે મવડી પોલીસ હેડ ક્વાર્ટર સામે રાજકોટ મોદી પ્રી સ્કુલ ‘શીવ’ પ્લોટ નં.૩૭, સમન્વય સોસાયટી, તુલસી સુપર માર્કેટ પાસે, હેમાદ્રી સુપર માર્કેટ, રૈયા રોડ, રાજકોટ અત્યાર સુધીમાં થયેલા ૩૭ બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૮૩૨ બોટલ (૨૩,૯૧,૨૦૦) બ્લડ એકત્રીત કરી અર્પણ કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ - ૨૬-૨૭નો પ્રથમ બ્લડ ડોનેશન કેમ્પ ૧૯-૪-૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યો છે. અત્યાર સુધીના તમામ કેમ્પ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં ડો.રશ્મિકાંત મોદી સર, ધવલ મોદી, સમગ્ર મોદી સ્કુલ પરિવાર, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવિલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોક્ટર્સની ટીમ માનદ્ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા અપીલ છે.

# બી. જે. મેડિકલ કોલેજના ડો.જીલ મેસ્વાણી એમ.એસ. (ઓર્થોપેડીક)માં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ

## ડો.જીલ મેસ્વાણીએ ગોલ્ડ મેડલ હાંસલ કરી કોલેજ પરિવારનું ગૌરવ વધાર્યું



**અબતક, રાજકોટ**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બી. જે. મેડીકલ કોલેજ ખાતે યોજવામાં આવેલા દીક્ષાંત સમારોહમાં મેસ્વાણી પરિવારના પુત્ર ડો. જીલ એ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. ડો. જીલને એમ.એસ. (ઓર્થોપેડીક) બ્રાન્ચમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ મહાનુભાવોના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. શ્રીનાથજી બાવા અને વડીલોના આશીર્વાદથી પ્રાપ્ત થયેલી આ સિદ્ધિએ મેસ્વાણી પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે ડો. જીલએ પોતાનો એમબીબીએસ તથા એમ.એસ. (ઓર્થોપેડિક) નો ઉચ્ચ અભ્યાસ અને ત્યારબાદની એસ.આર. (સિનિયર રેસિડેન્સી) પણ પ્રતિષ્ઠિત બી. જે. મેડીકલ કોલેજ - અમદાવાદ ખાતેથી જ પૂર્ણ કરી છે. તેમની આ અસાધારણ મહેનત અને સફળતા બદલ પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. મેસ્વાણી પરિવારે ડો. જીલની આ સિદ્ધિને બિરદાવી તેમને અંતરપૂર્વક અભિનંદન પાઠવ્યા છે અને તેઓ આગામી જીવનમાં તબીબી ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી સમાજનું ગૌરવ વધારે તેવી મંગલ કામનાઓ સહ શુભાશિષ પાઠવ્યા છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૯ બોટલ રકત એકત્રિત



**અબતક, રાજકોટ**

સાત હનુમાન મંદિર, ખોડીયાર રાસ મંડળ તથા જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન કરેલ. તેમાં ૧૯ બોટલ રકત એકત્ર થયેલ. આ જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટનો ૫૬મો રકતદાન કેમ્પ હતો. સર્વ રક્તદાતાઓનો ખુબ ખુબ આભાર તથા બહોળા પ્રમાણમાં ચક્ષુદાન, દેહદાનના સંકલ્પ પત્રો ભરાવાયા હતા. આ કેમ્પને સફળ બનાવવા પ્રમુખ હિરેનભાઈ હાપલિયાનો સહયોગ મળ્યો હતો.

આ કેમ્પમાં ચેરમેન, ઉમેશ મહેતાની સાથે ખજાનચી - કનુભાઈ પરમાર, કાર્યાલય મંત્રી - પ્રદીપભાઈ પંડ્યા, કમલેશભાઈ પંડ્યા, ચોટલીયાભાઈ, અશોકભાઈ, અતુલભાઈ શાહ, રાજુભાઈ ઠાકર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા કાળઝાળ ગરમીમાં છાશ વિતરણ



**અબતક, રાજકોટ**

રાજકોટમાં જંકશન પ્લોટ ખાતે શ્રીમનહરલાલજી મહારાજ સ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ (રજિસ્ટર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ) દ્વારા છેલ્લા ૬૦ વર્ષોથી બાળ સંસ્કાર કેન્દ્ર, ગીતા પ્રચાર, સંસ્કૃત પ્રચાર, સાર્વજનિક વાચનાલય, રાહત દરે નોટબુક વિતરણ, નિઃશુલ્ક નિદાન-સારવાર કેમ્પ, જ્ઞાનયજ્ઞ, બાળમજુરી નાબુદી, વ્યસનમુક્તિ વગેરે સેવાપ્રવૃત્તિઓનું સંચાલન થાય છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં તાજી અને અમૃતરૂપી છાશ લોકોના કાળજે ટાઢક પહોંચાડે તેવા ઉમદા હેતુથી ઈ.સ.૧૯૭૩થી શરૂ થયેલો આ સેવાયજ્ઞ છેલ્લા ૫૪ વર્ષોથી સતત દર વર્ષે અવિરતપણે ચાલી રહ્યો છે. દર વર્ષે ઉનાળાના પ્રારંભે રામનવમીએ છાશકેન્દ્રનો પ્રારંભ થાય છે અને જુન માસમાં વરસાદ થઈ જાય ત્યારે છાશકેન્દ્રનું સમાપન થાય છે. ઉનાળાની ગરમીમાં છેક રેલનગર, પોપટપરા, જામનગર રોડથી લાભાર્થીઓ છાશ લેવા આવે છે.

આ સંસ્થાને મળતું દાન આવકવેરાની કલમ ૮૦-જી હેઠળ કરમુક્ત છે. સર્વે દાતાઓ, શ્રેષ્ઠીઓ, ભાવિકોને આ માનવસેવાયજ્ઞમાં યથાશક્તિ સહકાર આપવા સંસ્થાએ હાર્દિક અનુરોધ કરેલ છે. જેને માટે જંકશન પ્લોટ પોલીસ ચોકી પાસે ગીતા વિદ્યાલય ટ્રસ્ટમાં રૂબરૂ અથવા મોબાઈલ નં.૯૮૯૮૩ ૧૮૨૮૬ પર સંપર્ક કરવાનું સંસ્થાની યાદીમાં જણાવાયું છે.



# ડો.કૃષ્ણકુમાર મહેતાના વ્યાસાસને ચાલતી ભાગવત સપ્તાહમાં શ્રદ્ધાળુઓ ભક્તિરસમાં તરબોળ



**અબતક, રાજકોટ**

રાજકોટમાં રૈયા ગામની નજીક રૈયા રોડ પર સવન સરફેસ પરિવાર દ્વારા ચૈત્ર માસમાં સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થયું હતું. જેમાં વક્તાપદે બ્રહ્મલીન ભાગવતાચાર્ય શ્રીમનહરલાલજી મહારાજના પુત્ર શાસ્ત્રી ડો.કૃષ્ણકુમાર મહેતાએ સંગીતમય શૈલીમાં અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરીને ભાગવતજીના રહસ્યોનું સરળ સમજૂતી સાથે વર્ણન કર્યું હતું તેમજ શુદ્ધ કથા, મૂળ કથાની ત્રણ પેઢીની પરંપરાને અનુસરીને બોધદાયી દ્રષ્ટાંતો, પર્યાવરણ, રાષ્ટ્રપ્રેમ, વ્યસનમુકિત, દહેજપ્રથા, વાચન ટેવ વગેરેને આવરી લઈને લોકજાગૃતિનું કર્તવ્ય નિભાવ્યું હતું તેમજ સીમાબેન કણજારીયા, ડો.મનીષ સંચાણીયા, વિશાલભાઈ મેંઢાં, વિશાલભાઈ પોપટ, શીતલબેન હિમાંશુભાઈ માધાણી, વ્યોમ મોરઝરિયા, સંજય રાયઠ્ઠા, સ્વ.રીતેશભાઈ પારેખ પરિવાર, રાજેશ્રી હરેશભાઈ હિન્ડોચા સહિત કથા પ્રસંગોના યજમાન તરીકે પૂજાવિધિમા સહભાગી થયા હતા. ભવ્ય પોથીયાત્રા સાથે કથાનો શુભારંભ થયો હતો. ભાગવત કથામાં વરાહ નારાયણ, કપિલ ભગવાન, સતીચરિત્ર, ધ્રુવચરિત્ર, નૃસિંહપ્રાગટ્ય, વામનજન્મ, રામજન્મ, કૃષ્ણજન્મ-વેશભૂષા સાથે ભવ્ય નંદમહોત્સવ, બાળલીલા, ગીરીરાજ ઉત્સવ, રૂકમણી વિવાહ, સુદામા ચરિત્ર વગેરે પ્રસંગો ભાવપૂર્વક ઉજવાયા હતા. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે સૌ યજમાનો અને કાર્યકરોનું સન્માન થયું હતું. આ તકે આયોજકોએ કથાકાર ડો.કૃષ્ણકુમાર મહેતાની સંગીતમય કથાશૈલીને બિરદાવી હતી.




# ભાજપ જીતે તો ટીકુભાઈ કે નેહલ મેયર : કોંગ્રેસને સત્તાસુખ મળે તો અતુલ રાજાણી માટે તક

## સ્ટેન્ડિંગ કમિટીનું ચેરમેન પદ માટે કેતન પટેલ, ઘનશ્યામભાઈ હેરભા, દિલીપ લુણાગરિયા અને પ્રદિપ ડવ સહિતના અનેક દાવેદારો : ડેપ્યુટી મેયર પદ મહિલાને મળશે તે નિશ્ચિત

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે આગામી ૨૬ એપ્રિલના રોજ મતદાન થવાનું છે. જ્યારે ૨૮મી એપ્રિલે ચૂંટણીનું પરિણામ આવી જશે. હાલના સમીકરણોને નજરમાં રાખીને જોવામાં આવે તો જો ભાજપને બહુમતી મળે તો સિનિયર નેતા નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભાઈ) કે નેહલ શુક્લને મેયર પદ મળી શકે છે. જો કોંગ્રેસને સત્તાસુખ મળે તો અતુલભાઈ રાજાણીને પ્રથમ નાગરિક બનવાની તક સાપડી શકે છે. કોર્પોરેશનમાં કદાવર એવી સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પદ માટે કેતન પટેલ,



ઘનશ્યામભાઈ હેરભા, દિલીપભાઈ લુણાગરિયા અને પ્રદિપભાઈ ડવ જેવા અડધો ડઝનથી વધુ દાવેદારોના નામ ચર્ચામાં હોવાનું મનાઈ રહ્યું છે. રાજ્યની અલગ અલગ ૧૫ મહાનગરપાલિકાઓમાં જ્ઞાતિ અને જાતિના સમીકરણોને ધ્યાનમાં રાખી રાજકીય પક્ષો દ્વારા મેયરની નિયુક્તિ કરવામાં આવશે. તેવું હાલ દેખાઈ રહ્યું છે.

શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે હાલ ત્રિપાંખિયો જંગ ચાલી રહ્યો છે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આપ એમ ત્રણેયના ઉમેદવારો મતદારોને રિઝવવા માટે હાલ ચુંટણી પ્રચારમાં એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે. મહાપાલિકાના ૫૩ વર્ષના ઈતિહાસમાં ભાજપે ૪૮ વર્ષ સુધી શાસન કર્યુ છે. જ્યારે મતદારો એક વખત પાંચ વર્ષ માટે શાસનધુરા કોંગ્રેસને આપી હતી હાલના સમીકરણો અને વાતાવરણને જોતા રાજકોટમાં સત્તા પરિવર્તન થાય તેવું દેખાતુ નથી. ભાજપ ફરી એકવાર પૂર્ણ બહુમત સાથે સત્તામાં આવે તેવું વાતાવરણ દેખાઈ રહ્યું છે. આવામાં રાજકોટના ભાવી મેયર અંગે ચર્ચા કરવામાં આવે તો મેયરપદ માટે પ્રથમ અઢી વર્ષની ટર્મ સામાન્ય કેટેગરી માટે અનામત છે. આવામાં ભાજપ ટીકુભાઈ જાડેજા કે,



નેહલભાઈ શુક્લને મેયરપદે બેસાડી શકે છે. ભાજપે ૪૮ વર્ષના શાસન દરમિયાન ક્યારેય મેયર પદ ક્ષત્રિય સમાજને આપ્યું નથી. આવામાં ટીકુભાઈનું નામ પ્રબળ દાવેદાર તરીકે મનાઈ રહ્યું છે. પરંતુ જે રીતે ટિકિટ કપાયા બાદ નેહલભાઈ શુક્લ વટથી દિલ્હી દરબારની ભલામણથી ફોર્મ ભરાવાના ત્રણ કલાક અગાઉ જ ભાજપનું મેન્ડેટ લઈ આવ્યા તેના પરથી એવું મનાઈ રહ્યું છે કે, તેઓ મેયર પદ પણ લઈ આવશે પરંતુ હવે પક્ષ તેના માટે શું વિચારે છે તે જોવાનું રહ્યું ભાજપમાં મેયર પદ માટે આ હાલ બે નામો જ ચર્ચામાં છે. બીજી તરફ જો મતદારો પરિવર્તનનો પવન ફુંકે અને કોંગ્રેસને બહુમતી મળે તો અતુલભાઈ રાજાણીને રાજકોટના પ્રથમ નાગરિક બનવાનું બહુમાન મળી શકે છે. કોંગ્રેસની સત્તા આવે તો વશરામભાઈ સાગઠિયા સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન પણ બની શકે છે. આ બધા સમીકરણો હાર અને જીતના આધારે લખવામાં આવી રહ્યા છે.

ભાજપની સત્તા આવશે તો કોર્પોરેશનમાં સૌથી મહત્વપૂર્ણ અને જેની પાસે સમગ્ર વહીવટી તાકાત છે તેવા સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનપદ માટે પણ ભાજપમાં ચાર નામો ચર્ચામાં છે. જેમાં કેતનભાઈ પટેલ, દિલીપભાઈ લુણાગરિયા, ઘનશ્યામભાઈ હેરભા અને પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવનું નામ આ કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે ચૂંટણી પરિણામો બાદ ભાજપ કોના પર પસંદગીનું કળશ ઢોળે છે બીજા



અઢી વર્ષ માટે મેયરની ટર્મ એસસી કેટેગરીના મહિલા કોર્પોરેટર માટે અનામત હોવાના કારણે પ્રથમ અઢી વર્ષ માટે ડેપ્યુટી મેયર પર કોઈ મહિલા નગરસેવીકાને બેસાડવામાં આવે તેવું ચિત્ર હાલ સામે આવી રહ્યું છે. ચૂંટણીના પરિણામ આવ્યા બાદ એક સપ્તાહ પછી ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના નામ રાજ્ય સરકારને ગેજેટમાં પ્રસિદ્ધ થતાં હોય છે. જે પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વહીવટદાર પ્રથમ જનરલબોર્ડ બોલાવવા માટેના એજન્ડા પ્રસિદ્ધ કરતા હોય છે. જેમાં પ્રથમ બોર્ડમાં મેયરની નિયુક્તિ, ડેપ્યુટી મેયરની નિયુક્તિ અને સ્ટેન્ડિંગ કમિટિના ૧૨ સભ્યોની નિયુક્તિ કરવામાં આવતી હોય છે. શાસકપક્ષના નેતા અને પક્ષના દંડકનું પદ બંધારણીય હોતુ નથી. પરંતુ તેના નામની પ્રથમ બોર્ડમાં જાહેરાત કરી દેવામાં આવે છે. ત્યાર બાદ બે સપ્તાહની અંદર અલગ અલગ ખાસ ૧૫ સમિતિઓની રચના માટે ખાસ બોર્ડ બોલાવામાં આવે છે.

# આસારામને હાઈકોર્ટની ફટકાર: અમદાવાદ આશ્રમની જગ્યા ખાલી કરવી પડશે

## રાજ્ય સરકાર માટે આ જમીનનો કબજો કોમનવેલ્થ ગેમ્સ ૨૦30 અને ભવિષ્યના ઓલિમ્પિક આયોજન માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં મહત્ત્વની કડી સાબિત થશે



**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે અમદાવાદના મોટેરા વિસ્તારમાં આવેલી વિવાદિત જમીન મામલે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગરવાલ અને ન્યાયાધીશ ડી. એન. રેની ડિવિઝન બેન્ચે આસારામ આશ્રમ ટ્રસ્ટની તમામ અપીલો ફગાવી દેતા હવે ૪૫,૦૦૦ ચોરસ મીટરથી વધુ કિંમતી જમીન રાજ્ય સરકારના હસ્તક પરત આવશે.

આ જમીન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની બિલકુલ નજીક આવેલી છે. હાઈકોર્ટના આ નિર્ણય બાદ હવે આ વિસ્તારને શહેરના ભવિષ્યના 'સ્પોર્ટ્સ હબ' તરીકે વિકસાવવામાં આવશે. રાજ્ય સરકાર માટે આ જમીનનો કબજો કોમનવેલ્થ ગેમ્સ ૨૦30 અને ભવિષ્યના ઓલિમ્પિક આયોજન માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં મહત્ત્વની કડી સાબિત થશે.

કેસની વિગતો મુજબ, દાયકાઓ પહેલા ધાર્મિક હેતુ માટે આશ્રમને આશરે ૩૩,૯૮૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી હતી. જોકે, સરકારે કોર્ટમાં પુરાવા રજૂ કર્યા કે આશ્રમે શરતોનો ભંગ કરીને વાસ્તવિક કબજો ૫૦,૦૦૦ ચોરસ મીટર સુધી વધારી દીધો હતો. સરકારે જીપીએસ અને સેટેલાઈટ મેપિંગ દ્વારા સાબિત કર્યું કે આશ્રમે મોટા પાયે સરકારી અને નદીની જમીન દબાવી દીધી છે.ડિવિઝન બેન્ચે અગાઉના સિંગલ જજના ચુકાદાને યોગ્ય ઠેરવતા નોંધ્યું હતું કે સરકારી શરતોનો વારંવાર ભંગ કરનારને કોઈ રાહત આપી શકાય નહીં. આશ્રમે સ્ટે મેળવવા માટે વર્ષો જૂના કબજાની દલીલ કરી હતી, પરંતુ ન્યાયાધીશોએ સ્પષ્ટ કર્યું કે ગેરકાયદેસર દબાણને કાયદેસર કરી શકાય નહીં.

### સ્પોર્ટ્સ હબ તરીકે વિકસશે મોટેરા

આ ચુકાદા સાથે જ હવે આશ્રમ પર બુલડોઝર ફરવાનો અને જમીન ખાલી કરાવવાનો માર્ગ સાફ થઈ ગયો છે. સરકાર આ જમીનનો કબજો મેળવીને ત્યાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પોર્ટ્સ સુવિધાઓ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ શરૂ કરવાની તૈયારીમાં છે.

# નિવૃત્ત થયા પણ મુક્તિ ન મળી! સિવિલના પૂર્વ આરએમઓએ પત્ર લખી ઠાલવી વેદના

## પૂર્વ આરએમઓ ડો. ચાવડાની એપ્લિકેશન અને પીએમજેવાય પોર્ટલ પર ડેટા અપડેટ કરવાની માંગ

**અબતક રાજકોટ**

શહેરના સિવિલ હોસ્પિટલના પૂર્વ આર.એમ.ઓ. ડો. મહેન્દ્ર ચાવડા ગત ઓક્ટોબર ૨૦૨૫માં નિવૃત્ત થયા હોવા છતાં, સરકારી પોર્ટલ પર હજુ પણ તેમનું નામ અને મોબાઈલ નંબર દર્શાવવામાં આવતા હોવાની ગંભીર બેદરકારી સામે આવી છે. ખાસ કરીને આઈઆરઈડી એપ્લિકેશન, પીએમજેવાય યોજના અને જેમ વેબસાઈટ પર જૂની વિગતો હોવાથી અકસ્માતના કેસોમાં પોલીસ અને દર્દીઓના સગા સતત ડો. ચાવડાને ફોન કરી રહ્યા છે. નિવૃત્ત તબીબે આ અંગે તબીબી અધિક્ષકને કટાક્ષભર્યો પત્ર લખી પોતાની વેદના ઠાલવી છે.

ડો. ચાવડાએ પત્રમાં જણાવ્યું છે કે, વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. તેમણે લખ્યું છે કે હોસ્પિટલના આર.એમ.ઓ. કેબિનેટ મંત્રી કરતા પણ વધુ વ્યસ્ત રહે છે અને ફોન ઉપાડવાની તસ્દી લેતા નથી. પોલીસ અને જનતા સાથે થતા ઘર્ષણના ઓડિયો રેકોર્ડિંગ મોકલવા છતાં તંત્ર દ્વારા કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. આ વિલંબને કારણે સરકારી યોજનાઓના લાભાર્થીઓને મુશ્કેલી પડી રહી છે અને સરકારની છબી ખરડાઈ રહી હોવાનું પણ તેમણે પત્રમાં ટાંક્યું છે.

હવે જોવાનું એ રહે છે કે આ પત્ર બાદ તંત્ર જાગશે કે કેમ?

# વાછકપર બેડીમાં સાસરીયા ઘરે આવી યુવાનની પત્નીનું અપહરણ કરી ગયા

## યુવાને પ્રેમલગ્ન કર્યા હતા: યુવાનને મારમારી મારી તેની પત્નીને કારમાં ઉઠાવી ગયા: કુવાડવા પોલીસમાં ફરિયાદ

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે વાછકરપર બેડી ગામે રહેતા અને પ્રેમલગ્ન કરનાર યુવાનની પત્નીને સાસરિયાઓ અહીં આવી અપહરણ કરી ગયા હતા. યુવાનને આ શખસોએ ઢીકાપાટુનો મારમાર્યો હતો. જે અંગે યુવાને કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.વાછકરપર બેડી ગામે રહેતા રોનીલભાઈ અમૃતભાઈ ચંદ્રાલા (ઉ.વ.૨૭) દ્વારા કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે કિશોર કુકરવાડિયા, જય કુકરવાડીયા (રહે. હરીઓમ પાર્ક, મોરબી) અને આકાશ ગામી, કુલદીપ ઘોડાસરા તથા અન્ય ચાર અજાણ્યા શખસોના નામ આપ્યા છે.

રોનીલભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે મોરબીમાં પીપડીયા ચાર રસ્તા પાસે શિવમ પ્લાસ્ટિક નામના કારખાનામાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરે છે. છ માસ પૂર્વે યુવાન મોરબી હરિ ઓમ પાર્ક કેનાલ રોડ ખાતે રહેતી ઈશિતા કુકરવાડિયાના પરિચયમાં આવ્યો હતો બાદમાં બંને વચ્ચે પ્રેમ સંબંધ થતાં તારીખ ૧૩/૨/૨૦૨૬ ના અમરેલીમાં કુકાવાવ મોટી ગ્રામ પંચાયત ખાતે બંને લગ્ન કરી લીધા હતા. ત્યારબાદ તારીખ ૨૯/૩/૨૦૨૬ ના બંને મોરબીથી ભાગી ગયા હતા. તા.૪/૪ ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે હાજર થયા હતા અને બાદમાં મોરબી નિવેદન લખાવવા આવ્યા હતા. ત્યારબાદ તારીખ ૭/૪ ના મૂળ ગામ બેડીવાછકપર ખાતે આવેલ મકાને રોકાયા હતા.

તારીખ ૧૩/૪ ના રાત્રીના પોણા એક વાગ્યા આસપાસ કોઈએ દરવાજો ખખડાવતા યુવાનના માતાએ દરવાજો ખોલતા ઘરમાં દેકારો થવા લાગતા તેણે જઈ જોતા ચાર શખસો ઘરમાં ઘૂસી ગયા હતા. જેમાં યુવાનની પત્નીના મોટા બાપુ કિશોરભાઈ તેનો પુત્ર જય, યુવાનની પત્નીના ફઈનો પુત્ર કુલદીપ અને તેની સાથે બીજા ચાર અજાણ્યા શખસો હતા અને તેઓ ગાળો આપવા લાગ્યા હતા. બાદમાં યુવાનની પત્નીને પકડી કિશોરભાઈએ કહ્યું હતું કે, તું ઘરે આવી જા નહીંતર તારા પતિને જાનથી મારી નાખીશું. બાદમાં આકાશ ગામીએ યુવાને ઢીકાપાટુનો માર માર્યો હતો ત્યારબાદ જય તથા કુલદીપે યુવકની પત્ની ઈશીતાને પકડી ઘર બહાર નીકળી ગયા હતા અને બળજબરીથી તેનું કારમાં અપહરણ કરી ગયા હતા.

આ બાબતે ઘરમેળે સમાધાનની વાત ચાલુ હતી જેથી જે તે સમયે ફરિયાદ કરી ન હતી. પરંતુ આજદિન સુધી યુવાનની પત્નીને પરત મૂકવા ન આવતા અંતે તેણે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે કુવાડવા પોલીસે રાયોટીંગ, અપહરણ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# રૈયા રોડ પર પરિચિત સગીરા પર આચર્યુ દુષ્કર્મ

## હવસખોરની પત્ની સાથે સગીરાને મિત્રતા હોવાથી અવાર નવાર ઘરે આવતી હોવાથી ફસાવી આચર્યું કૃત્ય

**અબતક રાજકોટ**

શહેર માં રૈયારોડ વિસ્તારમાં ૧૭ વર્ષની સગીરા પર દુષ્કર્મ ની ઘટના પ્રકાશમાં આવી છે જેમાં હવસખોર વંશ પરમારની પત્ની સાથે સગીરાને મિત્ર હોવાથી આરોપીના ઘરે રોકાવા આવી હતી અને સગીરા ને લગ્નની લાલચ આપી ને દુષ્કર્મ આચર્યું હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે

આ મળતી માહિતી મુજબ, આરોપી વંશ પરમાર નામનો યુવક સગીરાના પરિચયમાં હતો. આ પરિચિત યુવકે જ આશરે ત્રણેક મહિના પૂર્વે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પોલીસ

ચોપડે નોંધાઈ છે. આ મામલે જ યુનિવર્સિટી પોલીસનો સ્ટાફ સગીરા પક્ષેથી ફરિયાદ નોંધી અને તાત્કાલિક આરોપીને ઝડપી લીધો હતો.આ અંગે વધુ માં આરોપી વંશ પરિણીત હોવાનું અને એક પુત્રીનો પિતા હોવાનું બહાર આવ્યું છે. ભોગ બનનાર વંશની બીજી પત્નીના પૂર્વ પતિના મામાની દીકરી થાય છે અને વંશની પત્ની સાથે મિત્રતા હોવાથી તેના ઘરે રોકાવા આવી હતી ત્યારે આરોપીએ લગ્નની લાલચ આપી દુષ્કર્મ કર્યાનું ખૂલ્યું છે. હાલમાં યુનિવર્સિટી પોલીસે આરોપી વંશ પરમારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# પિતાએ બકરા ચરાવવાનું કહેતા ગુસ્સામાં પુત્રએ પોતાના જ પેટમાં છરીના ઘા ઝીંક્યા

## તામસી મગજ અને જિદ્દી સ્વભાવના કારણે અગાઉ પણ ઝેર પી મોતનો પ્રયાસ કર્યો હતો, સારવાર અર્થે સિવિલ ખસેડાયો

**અબતક રાજકોટ**

વર્તમાન સમયમાં યુવા પેઢીમાં સહનશક્તિનો અભાવ અને ક્ષણિક આવેશ કેવા ગંભીર પરિણામો લાવી શકે છે તેનો જીવંત અને હચમચાવી દેતો કિસ્સો ગોંડલ તાલુકાના લૂણીવાવા ગામે પ્રકાશમાં આવ્યો છે. પિતાએ માત્ર બકરા ચરાવવા જવાનું કહેતા ૨૫ વર્ષીય પુત્રએ ઉશ્કેરાઈ જઈને પોતાના જ પેટમાં છરીના આડેધડ ઘા મારી આંતરડા બહાર કાઢી નાખતા ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો મુજબ, લૂણીવાવા ગામે રહેતા વિનોદ ઉર્ફે વિનુ ભીખુભાઈ સાડમીયા (ઉં.વ. ૨૫) ગઈકાલે સાંજે સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો. વિનોદનો પરિવાર ખેતમજૂરી અને પશુપાલન કરી ગુજરાન ચલાવે છે. પિતા ભીખુભાઈએ વિનોદને બકરા ચરાવવા જવાનું કહેતા જ વિનોદનો મગજનો પારો છટક્યો હતો. પિતા-પુત્ર વચ્ચે થયેલી બોલાચાલી બાદ આવેશમાં આવી ગયેલા વિનોદે ઘરમાં રહેલી છરી ઉપાડી પોતાના જ પેટમાં હુલાવી દીધી હતી. વિનોદ જ્યારે પોતાને ઈજા પહોંચાડી રહ્યો હતો ત્યારે ત્યાં હાજર તેના ભાભી ભાનુબેને તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો અને તેની પાસેથી છરી ઝૂંટવી લીધી હતી. જોકે, ત્યાં સુધીમાં વિનોદે પેટના ભાગે બે-ત્રણ ઘા ઝીંકી દીધા હોવાથી તેના આંતરડા બહાર નીકળી ગયા હતા. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો. યુવાનની હાલત અત્યંત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં ફરજ પરના તબીબોએ સ્થિતિની ગંભીરતા જોઈ મધરાત્રે જ તાકીદે ઓપરેશન હાથ ધર્યું હતું. હાલ વિનોદ આઈસીયુ વિભાગમાં સારવાર હેઠળ છે અને તેની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. પરિવારના જણાવ્યા મુજબ, વિનોદ ત્રણ ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો અને કુંવારો છે. તે સ્વભાવે ખૂબ જ જિદ્દી અને તામસી મગજનો છે. અગાઉ બે વર્ષ પહેલા પણ નાની વાતમાં માઠું લાગી આવતા તેણે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના અંગે ગોંડલ તાલુકા પોલીસે નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માતા-પિતાના સામાન્ય ઠપકા કે શિખામણને કારણે યુવાને ભરેલા આ પગલાથી પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

### હું ભૂખ્યો નથી, તરસ્યો નથી, અને હૈયને જંગલમાં મોજ કરૂં છું''....

# ગિરનાર અભ્યારણ્યમાં ઉનાળામાં વન્યપ્રાણીઓને પૂરતું પીવાનું પાણી મળી રહે તે માટે ૫૬ જેટલા વોટર પોઈન્ટ જીવંત

## વન વિભાગ દ્વારા જંગલમાં સોલાર, પવનચક્કી અને ટેન્કર દ્વારા વન્યપ્રાણીઓને પાણી પૂરું પાડવાની સઘન વ્યવસ્થા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લાના ગિરનાર અભ્યારણ્યમાં કાળજાળ ગરમી અને હિટ વેવમાં વન્યપ્રાણીઓને પૂરતું અને સ્વચ્છ પાણી મળી રહે તે માટે વન વિભાગ દ્વારા ૫૬ જેટલા વોટર પોઈન્ટ જીવંત કરાયા છે.

જૂનાગઢ જિલ્લામાં વિશાળ પ્રમાણ જંગલ વિસ્તાર આવેલો છે, અહીં વૃક્ષો વિપુલ પ્રમાણમાં હોવાથી વર્ષા ઋતુમાં વરસાદ પણ વિપુલ પ્રમાણમાં થાય છે, જેના કારણે ચોમાસા અને શિયાળાની ઋતુમાં જંગલ વિસ્તાર સોળે કળાએ પ્રકૃતિથી ખીલી ઊઠી છે, પરંતુ અહીંનો ઉનાળો વધુ અઘરો હોય છે, ભૌગોલિક સ્થિતિ મુજબ, ઢાળ વાળો અને પથરાળ વિસ્તાર હોવાથી અહીં પડતા ખૂબ વરસાદ છતાં, પાણી ટકતું નથી, જેના કારણે ઉનાળામાં કુદરતી નદી, નાળા સુકાઈ જાય છે, જેના કારણે ગિરનાર વન્યપ્રાણી અભ્યારણ્યમાં રહેણાંક કરી વસવાટ કરતા અગણિત પશુ, પક્ષી અને પ્રાણીઓ માટે પીવાના પાણીની સમસ્યા સર્જાતી હોય છે,

ગિરનાર વન્યપ્રાણી અભ્યારણ્યમાં સિંહ અને દિપડા જેવા માંસાહારી વન્યપ્રાણીઓની સાથે ભુંડ, સસલા, નિલગાય, ચિત્તલ, અને સાબર જેવા તૃણાહારી પ્રાણીઓ કુદરતી રીતે મુક્ત પણે વિચરે છે, અને આ વન્યપ્રાણીઓ માટે જંગલમાં વિપુલ પ્રમાણમાં ખોરાક ઉપલબ્ધ છે. એટલે વન્યપ્રાણીઓ માટે ખોરાકની કોઈ ચિંતા રહેતી નથી. પરંતુ ધોમ ધખતી



ઉનાળાની આકરી ઋતુમાં જંગલ વિસ્તારના કુદરતી નદી, નાળાઓ સુકાઈ જતા હોય છે. ત્યારે આવી કાળઝાળ ગરમીમાં મૂંગા વન્યપ્રાણીઓને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી બને છે.

જો કે, વન વિભાગ દ્વારા દર વર્ષે વન્ય પ્રાણીઓના પીવાના પાણી માટે આગવું આયોજન કરી રાખે છે અને અલગ અલગ જગ્યાએ કૃત્રિમ વોટર પોઈન્ટ બનાવવામાં આવે છે. જેથી વન્ય પ્રાણીઓને જરા પણ પીવાના પાણીની તકલીફોનો સામનો કરવો ના પડે,

હાલ અભ્યારણ્યમાં કુલ ૫૬ વોટર પોઈન્ટ આવેલા છે. જેમાંથી ગ્રીન એનર્જીનો ઉપયોગ કરીને ૨૦ વોટર પોઈન્ટ સોલારથી અને ૮ વોટર પોઈન્ટ પવનચક્કીથી ચલાવવામાં આવે છે. આ ઉપરાંત બાકીના ૨૮ વોટર પોઈન્ટ ટેન્કર મારફતે ભરવામાં આવે છે. આ વ્યવસ્થા સુચારુ રૂપે ચાલતી રહે તે માટે દરેક રાઉન્ડ દીઠ ૨ માણસોને ખાસ આ વોટર પોઈન્ટની સાફ સફાઈ તેમજ વોટર પોઈન્ટ ભરવાની કામગીરી સોંપવામાં આવેલ છે. વોટર પોઈન્ટ ખાલી થતાં જ તેને ફરીથી ભરવામાં આવે છે.



આમ વન્ય પ્રાણીઓને પીવાના પાણીની શોધમાં જંગલ માંથી બહાર ન જવું પડે તે માટે જૂનાગઢ વન વિભાગ દ્વારા દર વર્ષે વન્યપ્રાણીઓ માટે પીવાના પાણીની ખૂબ સારી વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે.

# સ્વામીનારાયણ મંદિર ઘનશ્યામ મહારાજને મયુર પંખ વાઘાનો અલૌકિક શણગાર



**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર (પ્રસાદીની બોરડી વાળું) માં બિરાજમાન મહાપ્રતાપી ઘનશ્યામ મહારાજને આજે અમાવસ્યાના પવિત્ર દિવસે વિશેષ રીતે પુષ્પ મયૂર વાઘામાં અલૌકિક શણગાર રાજકોટ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે અમાવસ્યાના પવિત્ર દિવસે મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજને વિશેષ રીતે પુષ્પ મયૂર વાઘામાં અલૌકિક શણગાર કરવામાં આવ્યા છે. મંદિરમાં આજે ભાવભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો, જ્યાં હરિભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાનના દિવ્ય દર્શનનો લાભ લીધો હતો. પુષ્પોથી તૈયાર કરાયેલ મયૂર વાઘા ઘનશ્યામ મહારાજના રૂપને વધુ આકર્ષક અને મનમોહક બનાવી રહ્યા હતા.આ વિશેષ શણગારને નિહાળવા માટે ભક્તજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

# સેટેલાઈટ પાસે પિયરિયાઓના અબોલાથી વ્યથિત પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

## માતા-પિતા યુવતી સાથે વાતચીત બંધ રાખતા હોવાથી ટેન્શનમાં આવી ઝેરી દવા ગટગટાવી, સારવાર અર્થે સિવિલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

શહેરના સેટેલાઈટ ચોક વિસ્તારમાં પરણીતાએ માતા પિતાના ટેન્શનમાં ઝેરી દવા પી ચકચાર મચી જવા પામી છે, તબિયત લથડતા તાત્કાલિક તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના સેટેલાઈટ ચોક વિસ્તારમાં રહેતા ઉષાબેન રવિભાઈ મહેતા (ઉ.વ. ૩૬) એ ગઈકાલે બપોરે ત્રણ વાગ્યે ઝેરી દવા પી લીધી હતી, પરિવારને જાણ થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. પરિવારના જણાવ્યા અનુસાર, ઉષાબેને દોઢ વર્ષ પૂર્વે પ્રેમ લગ્ન કર્યા હતા, જેનાથી નારાજ થઈને તેમના માતા-પિતાએ તેમની સાથે સંબંધ તોડી નાખ્યા હતા. પીયરીયાઓ બોલાવતા ન હોવાથી ઉષાબેન સતત ટેન્શનમાં રહેતા હતા, જેના કારણે તેમણે આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. ઉલેખનીય છે મેં ઉષાબેનના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂની કલેકટર કચેરીએ કુપનના કામે ગયેલા વૃદ્ધાનુ પાકીટ ગુમ

## સોનાની બૂટી અને દાણો સહિત રૂ.૫૦ હજારની માતાની ચોરી

**અબતક, રાજકોટ**

શહેરની જૂની કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાંથી કુપનના કામ માટે ગયેલા વૃદ્ધાનુ પાકીટમાં રહેલી સોનાની બુટ્ટી અને દાણો મળી રૂ. ૫૦ હજારની મતા સાથેનું પાકીટ ચોરી થયાનો બનાવ પ્ર. નગર પોલીસ મથકમાં નોંધાયો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, માંડા ડુંગર નજીક આવેલી નકળંગ સોસાયટી શેરી નંબર ૦૨ માં રહેતા શારદાબેન અશોકભાઈ દેરોતરા નામના વૃદ્ધા ત્રણ દિવસ પહેલા તેમને કુપનનું કામ હોવાથી, જૂની કલેકટર કચેરીએ ગયા હતા , જ્યાં કચેરી ખુલવાનું વાર હોવાથી બાંકડા પર બેઠા હતા અને તેમને પ્લાસ્ટિકની થેલીમાં પર્સ રાખ્યું હતું જેમાં સોનાની વીંટી અને સોનાનો દાણો હતો. જ્યાંથી વૃદ્ધાની નજર ચુકવી કોઈ ગઠિયો વૃદ્ધા નું પાકીટ ચોરીને જતો રહ્યો હતો. બાદમાં વૃદ્ધાને જાણ થતાં તેઓએ પ્ર. નગર પોલીસમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે. પ્ર. નગર પોલીસે શારદાબેનની ફરિયાદ નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. ચોરીના ગુનાની વિશેષ તપાસ પી.એસ.આઈ જે બી રાણીંગા ચલાવી રહ્યા છે.

# ધોરણ ૧૦ અભ્યાસ કરતી સગીરા સાથે ૧૯ વર્ષના વંશ કુબાવત આચર્યુ દુષ્કર્મ

## ટ્યુશન દરમિયાન ધો. ૧૨ સાથે અભ્યાસ કરતો યુવક પરિચયમાં આવ્યો તો ભાભીના ઘરે લઈ જઈ હવસનો શિકાર બનાવી

**અબતક, રાજકોટ**

શહેરમાં દિવસે ને દિવસે દુષ્કર્મ ની ઘટના ચિંતા જનક રીતે વધી રહી છે અને હાલ કલીકાળ માં નાની ઉંમર હવસ વધી રહી છે સમાજમાં કલંકિત ઘટના સામે આવે છે શહેર ની ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી સગીરા પર ધોરણ ૧૨ માં ભણતો અને કૈલાશ પાર્ક રણુજા મંદિર પાસે રહેતા વંશ પરેશભાઈ કુબાવત ઉંમર વર્ષ ૧૯ ના છાત્ર દ્વારા અવારનવાર દુષ્કર્મ આચર્યાની ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ ભોગ બનનાર ના પિતા પાસે થી મળતી માહિતી મુજબ તાજેતર ધોરણ૧૦ ની પરીક્ષા આપી છે અને ગત તા ૪ ના રોજ બહેનપણીના ઘરે જવાનું કહી ઘરેથી નીકળી હતી

માતાને જાણ કરતા પિતા સહિત ના લોકો એ સગીરાની શોધખોળ આદરી હતી અને સાંજે સગીરા પરત ફરતા પૂછ પરછ કરતા યોગ્ય જવાબ આપ્યો ન હતો સગીરા ગુમ શુંમ રહેતી હોવાથી હોસ્પિટલે લઈ જવાંમાં આવી હતી

બાદ શાંતિપૂર્વક પૂછપરછ કરતા સગીરાએ જણાવ્યું હતું કે ટ્યુશન માં જતી હતી ત્યાં રણુજા મંદિર પાસે કૈલાસ પાર્ક રહેતો અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતો વંશ પરેશભાઈ કુબાવત નામનો શખ્સ દ્વારા બાઈક પર બેસાડીને વાવડી રહેતા ભાભી ધારાબેનના ઘરે લઈ જાય ને શરીર સબંધ બાંધ્યો હતો અને જાન્યુઆરી માસમાં આરોપી એ આ જગ્યા ૩ થી ૪ વખત દુષ્કર્મ આચર્યુ હતું આખરે ટ્યુશન કલાક થી આરોપીનો નંબર મેળવી અને સગીરા દ્વારા ભક્તિનગર પોલીસે સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી ની અટકાયત કરી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

# ૧૫૦૦ કરોડના મ્યૂલ એકાઉન્ટ કૌભાંડમાં આરોપી સાગરીત મનજીતસિંહ ઝડપાયો

## ભુજ જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ, કૌભાંડમાં અત્યાર સુધી કુલ ૧૭ શખ્સો પોલીસ સકંજામાં

**અબતક, રાજકોટ**

દેશભરમાં ચકચારી બનેલા ૧૫૦૦ કરોડના મ્યૂલ એકાઉન્ટ કૌભાંડમાં રાજકોટ રૂરલ સાયબર ક્રાઈમ સેલે વધુ એક મોટી સફળતા મેળવી છે. પોલીસ તપાસમાં મુખ્ય સાયબર ઠગોના સીધા સંપર્કમાં રહેલા મૂળ હરિયાણાના અને અંજારમાં રહેતા મનજીતસિંહ ચૌહાણને ભુજની જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે ઝડપી લેવામાં આવ્યો છે. આ કૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ ૧૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જે સાયબર ફ્રોડ અને જીએસટી ચોરી જેવા ગુનાઓના નાણાંના વ્યવહારમાં સંડોવાયેલા છે.

તપાસમાં ખૂલેલી વિગતો મુજબ, મનજીત ચૌહાણ સાયબર માસ્ટરમાઈન્ડ્સ માટે 'બેંક કિટ' એટલે કે ભાડાના ખાતાની વ્યવસ્થા કરી આપતો હતો. તેણે અગાઉ પકડાયેલા આરોપી અજય વાઢેર અને પરેશ બુદ્ધદેવને રાજસ્થાન બોલાવી ત્રણ દિવસ રોકાણ કરાવ્યું હતું. આ દરમિયાન પરેશના બેંક ખાતાનો ઉપયોગ કરી માત્ર એક જ ટ્રાન્ઝેક્શનમાં ૧.૫૦ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. આ મોટા વ્યવહારને કારણે નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ પર ખાતું રડારમાં આવતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ પોલીસથી બચવા માટે 'સિંગલ યૂઝ' ફોર્મ્યુલા અપનાવતા હતા, જેમાં એક બેંક ખાતાનો માત્ર એક જ વાર ઉપયોગ કરી કરોડોના વ્યવહાર થતા હતા. હાલ મનજીતને પડધરી કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડની માગણી કરવામાં આવી છે. રિમાન્ડ દરમિયાન હરિયાણા અને રાજસ્થાનના અન્ય મોટા નેટવર્ક તેમજ મુંબઈના અન્ય ફરાર આરોપીઓ અંગે મહત્વના ખુલાસા થવાની શકયતા છે. સાથોસાથ સીએ ફર્મ દ્વારા આટલા મોટા આર્થિક વ્યવહારોની આંટીઘૂંટી ઉકેલવાની કાર્યવાહી પણ તેજ કરવામાં આવી છે.

# પડધરીના ખંભાળા ગામે ઝીબ્રાનો વુડસ વિકેન્ડ વિલામાંથી જુગારધામ ઝડપાયું

## એલસીબીએ દરોડો પાડી ગોંડલ, રાજકોટ, બાબરા અને પડધરીના મળી ૬ શખ્સની ધરપકડ કરી: રૂ.૧.૪૫ લાખના મુદ્દામાલ કબજ

**અબતક, રાજકોટ**

રાજકોટ જામનગર ધોરીમાર્ગ પર આવેલા પડધરી તાલુકાના ખંભાળા ગામની સીમમાં ઝીબ્રાનો વુડસ વિકેન્ડ વિલામા એલસીબીએ દરોડો પાડી ગોંડલ, રાજકોટ, બાબરા અને પડધરીના મળી ૬ શખ્સની ધરપકડ કરી રૂ.૧.૪૫ લાખના મુદ્દામાલ કબજે કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે આ બનાવની વધુ તપાસ મેટોડા પોલીસ મથકના પીઆઈ ને સોંપવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે સઘન પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ હાથ ધરવા રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઈ વીવી વડોદરા ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એચસી ગોહિલ સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે પડધરીના ખંભાળા ગામે ઝીબ્રાનો વુડસ વિકેન્ડ વિલા નંબર છ માં રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલા આલાપ ગ્રીન સિટીમાં રહેતા દિનેશ પ્રાણજી પ્રાણજીવન વિઠ્ઠલપરા નામના ૭૪ વર્ષના વૃદ્ધ જુગારનો અખાડો ચલાવતા હોવાની એએસઆઈ જયવીરસિંહ રાણા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો. નરોડા દરમિયાન જુગાર રમતા વિલાના માલિક દિનેશ પ્રાણજીવન વિઠ્ઠલપરા, ગોંડલના મેતા ખંભાળિયાના ચુનીલાલ ગાગજી પટેલ, ગોંડલ શહેરના ભવનાથ સોસાયટીમાં રહેતા ભરત કરસન મકવાણા બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામનો અશરફ બહાઉદીન પઠાણ પડધરી તાલુકાના ખંભાળા ગામનો પ્રિતેશ મહાદેવ પટેલ ગોંડલ તાલુકાના મેતા ખંભાળિયા ગામનો અનિલ કેસુ પટેલ સહિત ૬૭૦૦ ની ધરપકડ કરી રોકડા ૧.૧૪ લાખ અને મોબાઈલ મળી ૧.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ બનાવની વિશેષ તપાસ મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના એમ જે પરમાર દ્વારા ચલાવવામાં આવી રહી છે

# બેડી ગામના પુલ પાસે બે બાઈક સામસામે અથડાતા વૃદ્ધનું મોત

**અબતક, રાજકોટ**

શહેરના બેડી ચોકડીથી બેડી ગામના પુલ પાસે ગત ૨૮ માર્ચના રોજ સર્જાયેલા માર્ગ અકસ્માતમાં કાગદડી ગામના ૭૫ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નિપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ તાલુકાના કાગદડી ગામે રહેતા અને ખેતીકામ કરતા ભગવાનજીભાઈ કરમલભાઈ ઢોલરીયા (ઉં.વ. ૭૫) ગત ૨૮ માર્ચના રોજ પોતાનું મોટરસાયકલ લઈને કાગદડીથી રાજકોટ દાંતનું ચોખ્ખું કરાવવા માટે આવી રહ્યા હતા. આ દરમિયાન બેડી ચોકડીથી બેડી ગામના પુલ પાસે પહોંચતા સામેથી આવતા અન્ય એક મોટરસાયકલ સાથે તેમનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતા ભગવાનજીભાઈને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર માં તેમનું મોત થયું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ભગવાનજીભાઈ ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ ભાઈઓ અને પાંચ બહેનોમાં વચેટ હતા. સંતાનમાં તેમને બે દીકરા છે. એક સામાન્ય કામ અર્થે રાજકોટ આવતા સમયે કાળ આંબી જતાં ઢોલરીયા પરિવાર અને કાગદડી ગામમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### અંબાણી-અદાણી...

વ્યક્તિ બની ગયા છે.આ વર્ષે અદાણીની સંપત્તિમાં ૮.૧ બિલિયન ડોલરનો વધારો થયો છે. માત્ર એક દિવસમાં જ તેમની સંપત્તિમાં અંદાજે ૩.૫૬ બિલિયન ડોલરનો જંગી વધારો જોવા મળ્યો હતો.

બીજી તરફ, મુકેશ અંબાણીની સંપત્તિમાં આ વર્ષે ૧૬.૯ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે, જેને કારણે તેઓ બીજા ક્રમે સરકી ગયા છે. ટેસ્લાના માલિક એલોન મસ્ક ૬૫૬ બિલિયન ડોલર સાથે હજુ પણ દુનિયાના સૌથી અમીર માણસ છે. એલોન મસ્કની સંપત્તિ ગૌતમ અદાણી અને મુકેશ અંબાણીની સંયુક્ત સંપત્તિ કરતા પણ અનેકગણી વધારે છે. જ્યાં ગૌતમ અદાણી ૯૨ બિલિયન ડોલર અને અંબાણી ૯૦ બિલિયન ડોલરની આસપાસ છે.

### નેપાળ સરકાર...

ન્યાયિક પેનલની રચના કરી છે. આ નિર્ણયથી દેશના રાજકીય અને અમલદારશાહી વર્ગમાં ખળભળાટ મચી ગયો છે.

આ તપાસના દાયરામાં ભૂતપૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહ, ૩ રાષ્ટ્રપતિઓ, ૨૦૦૫-૦૬ પછીના તમામ વડાપ્રધાનો અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સામેલ થશે. તેમાં બે વચગાળાના શાસકો, ઘણા મંત્રીઓ, બંધારણીય હોદ્દેદારો અને વરિષ્ઠ અમલદારોનો પણ સમાવેશ થાય છે. આ પેનલ રાજાશાહીના પતન પછીના સૌથી મોટા સ્તરની તપાસ હાથ ધરશે. આ તપાસમાં જે દિગ્ગજ નેતાઓ રડારમાં છે તેમાં અનેક મોટા નામો છે. આ યાદીમાં મુખ્યત્વે પૂર્વ રાષ્ટ્રપતિ રામ બરણ યાદવ, વિદ્યા દેવી ભંડારી અને વર્તમાન રાષ્ટ્રપતિ રામ ચંદ્ર પૌડેલ, પૂર્વ પીએમ ગિરિજા પ્રસાદ કોઈરાલા, પુષ્પ કમલ દહલ, માધવ કુમાર નેપાળ, ઝલનાથ ખનાલ, બાબુરામ ભટ્ટરાઈ, કેપી શર્મા ઓલી અને શેર બહાદુર દેઉબા, બે વચગાળાના વડાઓ ખીલરાજ રેગ્મી અને સુશીલા કાર્કી

આશ્ચર્યજનક રીતે, મૃત્યુ પામેલા નેતાઓની સંપત્તિની પણ તપાસ કરવામાં આવશે, જેના કારણે તેમના પરિવારો અને રાજકીય વારસદારો પણ હવે કાયદાકીય સ્ક્રુટિની હેઠળ આવશે.

આ તપાસનો વ્યાપ માત્ર વિપક્ષ કે પૂર્વ શાસકો પૂરતો સીમિત નથી. તેમાં બાલેન્દ્ર શાહની પોતાની રાજકીય ઈકોસિસ્ટમ સાથે જોડાયેલા લોકો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વર્તમાન સ્પીકર ડોલ પ્રસાદ આર્યલ, મંત્રીઓ બિરાજભક્ત શ્રેષ્ઠા અને શિશિર ખનાલ તથા રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના પ્રમુખ રવિ લામિછાને પણ આ તપાસના દાયરામાં આવી શકે છે, કારણ કે તેમણે અગાઉની સરકારોમાં પણ પદો સંભાળ્યા હતા.

કેબિનેટ પ્રવકતા સસ્મિત પોખરેલે જણાવ્યું હતું કે કાયદા અને પુરાવાના આધારે રાજકીય પદાધિકારીઓ અને વરિષ્ઠ અધિકારીઓની સંપત્તિની તપાસ કરવામાં આવશે. તેમણે ખાતરી આપી હતી કે કાનૂની ધોરણો મુજબ નિષ્પક્ષ તપાસ થશે અને તેનો રિપોર્ટ સરકારી એજન્સીઓ દ્વારા લાગુ કરવામાં આવશે. નોંધનીય છે કે રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના જોરે ૫ માર્ચની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવી હતી અને ત્યારબાદ આ કમિશનની રચના કરવામાં આવી છે.

### ભારતનું અર્થતંત્ર...

જોકે ભારત અત્યારે છઠ્ઠા સ્થાને છે, પણ આવતા વર્ષ સુધીમાં તે બ્રિટન અને જાપાન બંનેને પછાડીને ચોથા સ્થાને પહોંચી શકે છે. ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડના ડેટા સૂચવે છે કે ૨૦૩૧ સુધીમાં ભારત જર્મની અને જાપાનને પાછળ છોડી વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ મજબૂત ડગલાં માંડી રહ્યું છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### આખ્યાન કથા...

અનુભવાય છે તેથી ચંદ્રહાસ આખ્યાનથી કાયમી સગુ કોણ છે? તેની ઓળખ આપવામાં આવશે, જીવનમાં આપણે કેવા બનશો ?તેનું આધાર આપણે શું કરીએ છીએ એ કરતા પણ આપણે કોના સંઘમાં છીએ તેના પર રહેલો છે ભકતરાજ કાછિયા ભાઈના આખ્યાન દ્વારા સારી સંગત અનેકુસંગ ને ઓળખવા ની દ્રષ્ટિ આપવામાં આવશે બીજાના ઉપકારને કાયમ યાદ રાખવા એ મહાનતા નો માર્ગ છે બીજાના ઉપકારને ભૂલી જવાય અપમાન અને અધમતા નો માર્ગ છે આપણે કયા માર્ગે છીએ ?તે સેવક રામજીના આખ્યાન દ્વારા આત્મસાત કરાવવામાં આવશે.

દેવ કૃષ્ણદાસજી સ્વામી અને મહંત સ્વામી દેવ પ્રસાદ જી ની પ્રેરણાથી દર વર્ષે ઉનાળામાં વ્યાખ્યા કથાનું આયોજન થાય છે આ વર્ષે પણ આયોજન દરમિયાન એકવીસ એપ્રિલે રક્તદાન કેમ્પ અને ૨૩ એપ્રિલે મહિલા મંડળ નું આયોજન રાત્રે ૮/૩૦ થી ૧૧દરમિયાન કરાશે

આ વ્યાખ્યાનકથામાં સંતો મહંતો અને ભાવિકો વચ્ચે રાજધાની આગેવાનોમાં મંત્રીકુંવરજીભાઈ બાવળીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, ધારાસભ્યઉદયભાઈ કાનગડ, દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, જયેશભાઈ રાદડિયા, મહેન્દ્રભાઈ પાડલીયા ખાશ ઉપસ્થિત રહેશે. આખ્યાન કથા માંઅતિથિ વિશેષ તરીકે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ, સીદસર મંદિરના પ્રમુખ મોલેશ ભાઈ ઉકાણી, બાલાજી વેફર વાળા ચંદુભાઈ વિરાણી, વૃંદાવન ડેરી વાળા વસંતભાઈ લીંબાસીયા, વસંત બિલ્ડર વાળા મુલજીભાઈ ભીમાણી, સદભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયા, ગોપાલ નમકીન વાળા બીપીનભાઈ અડવાણી, યુનિટી ગ્રુપના પુનિતભાઈ ચોવટીયા, બેકબોન ગ્રુપનાભવાનભાઈ રંગાણી, હાઈ બોન્ડ ગ્રુપના મનસુખભાઈ પાણ, એજલ પંપ ના શિવલાલભાઈ આદરજા, બિલ્ડર પ્રવીણભાઈ કાનાબાર, વડાલીયા ગ્રુપ ના રાજાભાઈ વડાલીયા, સહજાનંદ વિલેજ વાળા પ્રવીણભાઈ પીપડીયા ખાસ ઉપસ્થિત રહેશે સાથે સાથે કથાના યજમાન તરીકે રીયલ ગ્રુપ વાળા ડાયાભાઈ, જયંતીભાઈ અને મનસુખભાઈ સોરઠીયા ઝેનાગાર્ડન ગ્રુપના સમીરભાઈ હાંસલીયા નીધી સીડવાળા નરેન્દ્ર ભાઈ અમૃતભાઈ માથોલિયા પરિવાર અમદાવાદ જોડાયા છે પ્રસાદ ના યજમાન તરીકે યુનિટી ગ્રુપ, ફિલ્ડ લાઈટ કેમિકલ, ન્યુ શ્રીજી આઈસ્ક્રીમ ગેલ કૃપા એન્ટરપ્રાઈઝ સહજાનંદ ડેવલોપર ને લાભ આપવામાં આવશે જ્ઞાન જીવનદાસજી સ્વામી અને હરિદાસજી સ્વામીએ સમગ્ર રાજકોટની જનતાને સત્સંગ નો લાભ લેવા અનુરોધ કર્યો છે.

(ચોથા પાનાનું ચાલુ)

### પૂ. અપૂર્વમુનિ સ્વામી...

દરમિયાન પોતાના પુસ્તકો સાથે લાવી નવરાશના પળોમાં અભ્યાસ પણ કરે છે.

પ્રસાદ વિભાગમાં આશરે ૯૦ જેટલી યુવતીઓ રોજ હજારો ભક્તોને પ્રસાદી બેગ (મીઠાઈ, ફરસાણ, પાણી અને કોલ્ડ્રિન્ક્સ)નું વિતરણ કરે છે. તેઓ સાંજથી મધરાત સુધી સતત ઊભી રહી સેવા આપે છે અને ખાસ કરીને વૃદ્ધ તથા અશક્ત ભક્તોની સહાય માટે હંમેશા સજ્જ રહે છે. પૂજન વિભાગમાં ૧૦૦ બહેનો સવારે ૪:૩૦ વાગ્યાથી હાજર થઈ પૂજન માટેની થાળીઓ તૈયાર કરવાથી લઈને સમગ્ર વ્યવસ્થા અને સફાઈ સુધીની તમામ જવાબદારીઓ નિભાવે છે. યજમાનોની સેવા તેઓ એટલી લાગણીપૂર્વક કરે છે કે જાણે પોતાના ઘરના પ્રસંગની સેવા હોય.

પાણી વિભાગમાં ૪૦ બહેનો સાંજે ૪ થી રાત્રે ૧ વાગ્યા સુધી અવિરત સેવા આપે છે. હજારો લોકોની વચ્ચે શિસ્ત જાળવી દરેક વ્યક્તિ સુધી ઠંડુ અને શુદ્ધ પાણી પહોંચાડવું એ સરળ કાર્ય નથી, છતાં આ બહેનો આનંદભેર સેવા આપે છે. ઘણી બહેનોને પગનો દુખાવો અથવા અન્ય શારીરિક તકલીફ હોવા છતાં તેઓ દવા લઈને સેવા કરવા આવે છે. જ્યારે તેમને પૂછવામાં આવે કે આટલી તકલીફ છતાં કેમ સેવા કરો છો, ત્યારે તેઓ એક જ જવાબ આપે છે - ભગવાનને રાજી કરવા માટે.

સ્વયંસેવક ભોજનશાળામાં ૮૦ બહેનો છેલ્લા ૧૫ દિવસથી નિયમિત સેવા આપી રહી છે. તેઓ સાંજે ૫ વાગ્યે હાજર થઈ રાત્રે ૧૧ વાગ્યા સુધી સેવા આપે છે અને કાર્યક્રમ પૂર્ણ થયા પછી જ ઘરે પરત ફરે છે. શરૂઆતથી જ દરેક પ્રકારની સેવા સ્વીકારી તેઓએ 'સેવામાં કોઈ મોટું-નાનું નથી' તે સિદ્ધાંત જીવંત કર્યો છે.

ડેકોરેશન, સ્વચ્છતા, ફૂલહાર અને પ્રદર્શન વિભાગોમાં યુવતીઓ તેમની સર્જનાત્મકતા અને આયોજનશક્તિથી મહોત્સવને આકર્ષક બનાવી રહી છે. પ્રદર્શન વિભાગમાં તેઓ શાકાહાર અને વ્યસનમુક્તિ અંગે પ્રેરણા આપી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા પ્રયત્નશીલ છે.

આ સમગ્ર મહોત્સવમાં એક ખાસ બાબત સ્પષ્ટપણે જોવા મળે છે - સંપન્ન અને પ્રતિષ્ઠિત પરિવારોમાંથી આવતી બહેનો પણ અહંકાર વિના વાસણ સાફ કરવાથી લઈને નાની સેવા સુધી આનંદથી કરે છે. રાત્રે ૧ વાગ્યા સુધી સેવા પૂર્ણ કર્યા બાદ પણ તેઓ હસતા મુખે ઘરે પરત ફરે છે, જે તેમની આંતરિક ભક્તિ અને સંતોષનું પ્રતિબિંબ છે.

આ રીતે 'માનવ ઉત્કર્ષ મહોત્સવ' માત્ર એક ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ નારીશક્તિના સમર્પણ, શ્રદ્ધા અને સેવાનો જીવંત દસ્તાવેજ બની ગયો છે. મહિલાશક્તિએ સંપ, શિસ્ત અને સમર્પણના આદર્શોને જીવન્ત બનાવી આ મહોત્સવને એક નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે. આ મહોત્સવ દરેક માટે પ્રેરણાસ્રોત બની રહ્યો છે જ્યાં સેવા છે, ત્યાં સંતોષ છે, અને જ્યાં સમર્પણ છે, ત્યાં સાચો ઉત્કર્ષ છે.

### એલ.આર.શાહ કોલેજ...

પોતાના દૈનિક પ્રેકિટસમાં ઉપયોગી થઈ શકે તેવું જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમ સ્ટેટ કાઉન્સિલ ફોર હોમોયોપેથીક મેડિસીન્સ, ગુજરાત સ્ટેટ સાથે સંકળાયેલ હતો અને તેના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમની ગુણવતા અને પ્રામાણિકતા દર્શાવે છે.

આ કાર્યક્રમમાં વિશેષરુપે સ્ટેટ કાઉન્સીલ દ્વારા સૌરાષ્ટ્ર યુનિ. ભકત કવિ નરસિંહ મહેતા યુનિ. તથા મહારાજા સયાજીરાવ ભાવનગર યુનિ. ના શ્રેષ્ઠ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને મેડલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓ માટે ગૌરવની બાબત બની હતી.

એલ.આર. શાહ હોમિયોપેથી કોલેજના પ્રિન્સિપાલ ડો. અનુપ કુમાર દાસ તથા ગાર્ડી વિદ્યાપીઠના મેનેજીંગ ડિરેકટર જય મહેતા દ્વારા આસફળ આયોજન બદલ તમામ આયોજકો ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત મહાનુભાવોને અભિનંદન પાઠવી સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### વી.જે. મોદી સ્કૂલ...

આ પ્રદર્શનની મુલાકાત લઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપે અને આ સંદેશને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડે. આવો, સાથે મળીને રિપોર્ટ કાર્ડથી પર જઈને જીવનમાં સાચા સંસ્કારોનું સિંચન કરીએ.

વધુ માહિતી માટે મો.૭૦૬૯૦૦૫૨૪૪ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ભાણવડ...

૧.૨૮. ૮૮.૦૦૦ની કિંમતનો ૧૦,૭૪૦ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે ભાણવડના સાહિદ જુસબ સંધી નામના શખ્સની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ, વાહન અને મોબાઈલ મળી રૂા. ૧.૪૬ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઝડપાયેલા સાહિદ સંધીની પુછપરછમાં આ દારૂનો જથ્થો બાણવડના રાણપર ગામના ચના દેવા રબારીએ મંગાવ્યાનું કબુલાત આપી છે. પોલીસે ટ્રકના માલીક, દારૂનો જથ્થો મોકલનાર અને ડ્રાઈવર સહિત શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. રાજકોટ રેન્જ દ્વારા પાડવામાં આવેલા દરોડાથી બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

### કોંગ્રેસ...

જીજ્ઞેશભાઈ મેવાણી, કાંતીભાઈ ખરાડી, કિરીટભાઈ પટેલ, ગુલાબસિંહ ચૌહાણ, દિનેશ ઠાકોર, અમૃત ઠાકોર, વિમલ ચુડાસમા, ઈમરાન ખડેવાલા અને અનંત પટેલ, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, કબીર પીરજાદા, લલીત કગથરા, સાંસદ ગેનીબેન ઠાકોર, લાલજીભાઈ દેસાઈ, ઋત્વીક મકવાણા, ગ્યાસુદિન શૈખ, ડો. પ્રભાબેન તવિયાડ હિંમતસિંહ પટેલ, વિક્રમભાઈ માડમ, લલીતભાઈ વસોયા, જેનીબેન ઠુમ્મર, પગાતી આહિર, ગીતાબેન પટેલ, પ્રવિણભાઈ વાણોસ અને નરેન્દ્રભાઈ સોલંકીનો સમાવેશ કરાયો છે.

ભાજપ દ્વારા આગામી બે થી ત્રણ દિવસમાં સ્ટાર પ્રચારકોના નામની યાદીની જાહેરાત કરાશે.

### ડ્રાઈવીંગ લાઈસન્સ...

નોંધણી કેન્સલ કરાવવા ૩૦ દિવસની મુદત કરાય છે. વીમા વગરનું વાહન : પ્રથમ વાર પકડાવા પર રૂ. ૫,૦૦૦ અને બીજી વાર રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. સજા નહીં, સુધારણાનો સરકારનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

ભૂતપૂર્વ આરટીઓ જે.એન. બારેવાડિયાએ કહ્યું કે, જણાવ્યું કે, નવા સુધારા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ટ્રાફિકના નિયમો પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. સજાના કડક વલણને બદલે વહીવટી પ્રક્રિયાને વધુ સરળ બનાવી લોકોને નિયમ પાલન માટે સમય અને તક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# દુઃખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** રાજકોટ નિવાસી સ્વ. તરૂણાબેન કિશોરભાઈ મહેતા (ઉ.વ.૭૮) તે કિશોરભાઈ છબીલદાસ મહેતાના પત્ની તથા આશાબેન ધીરેન્દ્રભાઈ મહેતાના દેરાણી અને દેવલ પરાગ દોશી, સેજલ તુષાર શાહ અને સપના પરાગ શાહના માતા અને સ્વ. જયવંતલાલ જગજીવનદાસ મીઠાણીના પુત્રી તેમજ સી.એ. ભરત મીઠાણી અને મિલન મીઠાણીના બહેનનું તા. ૧૫ના રોજ બુધવારે અવસાન થયેલ છે.

**ગોંડલ:** સ્વ.ભાલચંદ્રભાઈ બાબુલાલ પારેખ નાં પુત્ર જીતેન્દ્રભાઈ (ઉ.૫૬) તે બિપીનચંન્દ્ર, સુરેશચંદ્ર નાં ભત્રીજા, લતાબેન કકુભાઈ ગાંધી નાં ભાઈ, સ્વ.શાંતિલાલ મહેતા,દિલીપભાઈ મહેતા, ચંદ્રકાંતભાઈ મહેતાનાં ભાણેજ નું તા.૧૫ નાં રોજ અવસાન થયુ છે. સદગત ઉઠમણું તા.૧૮ સવારે ૧૦ કલાકે દાદા ડુંગર ઉપાશ્રય નાનીબજાર ખાતે તથા પ્રાર્થના સભા સવારે ૧૧ કલાકે બેનાણીવાડી,વચલી શેરી ગોંડલ ખાતે રાખેલ છે.

**જામનગર:** સ્વ. બાલમુકુન્દ વિનોદચંદ્ર સારડા (ઉ.વ.૭૪) તે રશ્મિબેનના પતિ, ચિતન, ચાંદની સારડાના પિતા, ચંદ્રેશ, અંકિતા સારડાના સસરાનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૭ ના રોજ સાંજે ૫.૩૦ થી ૬ દરમિયાન હેમેશ્વર મહાદેવ મંદિર, પંચેશ્વર ટાવર પાસે, જામનગર ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગુડ ફ્રાઈડે: શેરબજાર ગ્રીન ઝોનમાં, રોકાણકારોના હૈયે ટાઢક

## સેન્સેક્સમાં ૩૨૫થી વધુ અને નિફ્ટીમાં ૧૧૦ પોઈન્ટથી વધુનો ઉછાળો, બુલિયન બજારમાં મિશ્ર માહોલ: ડોલર સામે રૂપિયો ૩૮ પૈસા મજબુત બન્યો

**અબતક, રાજકોટ**

ઈરાન-અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલું યુધ્ધ હવે પૂર્ણ થઈ જાય તેવા સંકેતો મળવા માડ્યા છે. જેના કારણે ભારતીય શેરબજારમાં નવેસરથી તેજીનો સંચાર થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. આજે સપ્તાહના અંતિમ ટ્રેડિંગ સેશનમાં મુંબઈ શેરબજારના બન્ને આગેવાન ઈન્ડેક્સ ગ્રીન ઝોનમાં કામકાજ કરતા નજરે પડ્યા હતા. બુલિયન બજારમાં મિશ્ર માહોલ રહેવા પામ્યો હતો. ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો હતો. જ્યારે સોનાના ભાવમાં ઉછાળો રહ્યો હતો. અમેરિકી ડોલર સામે આજે ભારતીય રૂપિયો ૩૮ પૈસા જેટલો મજબુત બન્યો હતો.

આજે સવારે શેરબજાર તેજી સાથે ખુલ્યું હતું ડોલર સામે રૂપિયાની મજબુતાઈના કારણે બજારમાં તેજીને બળ મળ્યું હતું. સેન્સેક્સે આજે ફરી એકવાર ૭૮ હજારની સપાટી ઓળંગવામાં સફળતા મેળવી હતી. આજની સેન્સેક્સની ઉપલી સપાટી ૭૮,૪૧૫.૮૨ રહેવા પામી હતી. જ્યારે નિચલી સપાટી ૭૭,૭૨૬.૨૩ રહી હતી. નિફ્ટીની આજે દિવસ દરમિયાન ઉપલી સપાટી ૨૪,૩૨૩.૨૦ હતી જ્યારે નિચલી સપાટી ૨૪,૦૯૬.૦૫ રહેવા પામી હતી. બેન્ક નિફ્ટીમાં ૩૫૦ પોઈન્ટથી વધુનો ઉછાળો રહ્યો હતો. જ્યારે નિફ્ટી મિડકેપ-૧૦૦ ૬૪૦ પોઈન્ટથી વધુ ઉંચકાયો હતો. આજની તેજીમાં એન્જલ-૧, કોલગેટ, સુઝલોન એનર્જી, પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, એજ્યુએલ્ફ, એચડીએફસી બેન્ક, બીએસસી લીમીટેડ, રિલાયન્સ, વોડાફોન આઈડીયા, યસ બેંક સહિતની કંપનીઓના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે કલ્યાણ જવેલર્સ, વિપ્રો, એચડીએફસી લાઈફ, અશોક લેલન, સ્વીગી, આઈસીઆઈસીઆઈ બેન્ક સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઘટાડો રહ્યો હતો. આજે બુલિયન બજારમાં મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. એમસીએક્સ પર ચાંદીની કિંમતમાં ઘટાડો નોંધાયો હતો.

જ્યારે સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. અમેરિકી ડોલર સામે રૂપિયો આજે ૩૮ પૈસા મજબુત બની ૯૨.૮૩ સુધી આવ્યો હતો. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૩૪૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૮,૩૩૪ અને નિફ્ટી ૧૧૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪,૩૦૭ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. જો યુધ્ધ વિરામ થઈ જશે તો ભારતીય શેરબજાર આગામી દિવસોમાં તેજીનો ટ્રેક પકડી લેશે તેવું મનાઈ રહ્યું છે.

# ઉમરેઠ વિધાનસભા બેઠકની ચૂંટણી સંદર્ભે ૨૩મીએ રજા જાહેર કરાય

## મતદારો અવરોધ વગર લોકશાહીના પર્વમાં સહભાગી થઈ શકે તે માટે સામાન્ય વહીવટ વિભાગનો મહત્વનો નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૧૧-ઉમરેઠ વિધાનસભા બેઠકની આગામી તા. ૨૩ એપ્રિલના રોજ પેટા-ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીને ધ્યાને રાખીને ઉમરેઠ મતવિસ્તારના કર્મચારીઓ કોઈપણ અવરોધ વગર લોકશાહીના પર્વમાં સહભાગી થઈ મતદાન કરી શકે તે માટે મતદાનના દિવસ એટલે કે, ૨૩ એપ્રિલના રોજ રજા જાહેર કરવામાં આવી છે તેમ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે. વધુમાં મતવિભાગમાં રહેતા અને મતાધિકાર ધરાવતા મતદારોની કચેરી અથવા કામનું સ્થળ તે વિસ્તારની બહાર હોય તેવા કિસ્સામાં આ જાહેર રજા તેમને સીધી રીતે લાગુ પડતી નથી. આથી, દરેક મતદાર પોતાના મતાધિકારનો પવિત્ર ઉપયોગ કરી શકે તે હેતુથી સરકાર દ્વારા ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે.

જે સરકારી, પંચાયત અથવા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના કર્મચારીઓ ઉમરેઠ મતવિભાગમાં મતાધિકાર ધરાવે છે પરંતુ તેમની કચેરી વિસ્તારની બહાર છે, તેઓ લેખિતમાં માંગણી કરે તો તેમને કચેરીમાં મોડા આવવાની અથવા વહેલા કચેરી છોડી જવાની પરવાનગી આપવા જણાવવામાં આવ્યું છે.


જો કોઈ સંજોગોમાં આ વિકલ્પ શક્ય ન હોય, તો આવા કર્મચારીઓને મતદાન માટે અડધા દિવસની ખાસ પરચૂરણ રજા મંજૂર કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

# નરેન્દ્ર મોદી અને અમિત શાહ મતદાન માટે ગુજરાત આવશે

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં ૨૬મીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ રાણીપની નિશાન સ્કૂલમાં જ્યારે કેન્દ્રીય ગ્રુહ મંત્રી અમિત શાહ નારણપુરામાં કરશે મતદાન

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણી માટે આગામી ૨૬મી એપ્રિલના રોજ મતદાન યોજાવાનું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગ્રુહ મંત્રી અમિતભાઈ શાહ મતદાન કરવા માટે ૨૬મીએ ગુજરાતની મુલાકાતે આવશે તે લગભગ નિશ્ચિત મનાઈ રહ્યું છે.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાણીપમાં આવેલી નિશાન સ્કૂલ ખાતે મતદાન કરશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મતદાન પ્રત્યે ખુબ જ જાગૃત છે તેઓ દરેક ચૂંટણી વખતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે અવશ્ય ગુજરાત આવે છે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય કે, વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય તેઓ અચુક મતદાન કરતા હોય છે. અગાઉ એવી ચર્ચાઓ શરૂ થઈ હતી કે, આ વખતે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વડાપ્રધાન મતદાન માટે આવી શકશે નહીં દરમિયાન આજે સત્તાવાર ઘોષણા થઈ ગઈ છે કે નરેન્દ્રભાઈ અને અમિતભાઈ બન્ને આગામી ૨૬મી એપ્રિલના રોજ મતદાન માટે ગુજરાત આવી રહ્યા છે. જો કે, હજુ સુધી સમય ફાઈનલ થયો નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈનું મતદાન મથક રાણીપ સ્થિત નિશાન સ્કૂલ ખાતે આવેલું છે. તેઓ વીઆઈપી મતદારની શ્રેણીમાં આવતા હોવા છતાં એક સામાન્ય મતદારની માફક લાઈનમાં ઉભા રહીને દર વખતે મતદાન કરતા હોય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહનું વોટિંગ બુથ અમદાવાદના નારણપુરા ખાતે આવેલું છે. જ્યાં તેઓ મતાધિકારનો ઉપયોગ કરશે આ બન્ને ટોચના નેતાઓ આગામી ૨૬મીએ મતદાન માટે ગુજરાત આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સેન્ટર ઓફ એક્સલન્સની ૨૧૪ બેઠક પૈકી કેટ આધારિત એમબીએની ૯૮ બેઠક ખાલી

## પ્રવેશ સમિતિએ બે રાઉન્ડ પછી ખાલી પડેલી ૯૮ બેઠકો માટે હવે ત્રીજો રાઉન્ડ કરવો પડે તેવી સ્થિતિ

**અબતક, રાજકોટ**

રાજ્યની ચાર સેન્ટર ઓફ એક્સલન્સ સીઓઇ સંસ્થાઓની ૨૫ ટકા પ્રમાણે એમબીએની કુલ ૨૧૪ બેઠકો કેટથી ભરવા માટે પ્રવેશ સમિતિ દ્વારા અત્યાર સુધીમાં બે રાઉન્ડ પૂરા કરી દેવામાં આવ્યા છે. બે રાઉન્ડના અંતે જુદા જુદા કોલેજોની ૯૮ બેઠકો ખાલી પડી છે. આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડતાં હવે આગામી દિવસોમાં ત્રીજો રાઉન્ડ કરવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.રાજ્યની એમબીએ-એમસીએ કોલેજમાં પ્રવેશ માટે સીમેટ એટલે કે કોમન મેનેજમેન્ટ એડમિશન ટેસ્ટ લેવામાં આવે છે. મોટાભાગની એમબીએ કોલેજો આ ટેસ્ટના આધારે પ્રવેશ ફાળવતી હોય છે. સેન્ટર ઓફ એક્સલન્સનો દરજ્જો મેળવનારી ચાર સંસ્થાઓએ પોતાની એમબીએ કોર્સની કુલ બેઠકો પૈકી ૨૫ ટકા બેઠકો કેટ એટલે કે આઈઆઈએમ સહિતની સંસ્થાઓમાં પ્રવેશ માટે લેવાતી કેટના માધ્યમથી ભરવાની જાહેરાત કરી હતી. પ્રવેશ સમિતિ દ્વારા આ ચાર કોલેજની ૨૫ ટકા પ્રમાણે ૨૧૪ બેઠકો કેટથી ભરવા માટે જાહેરાત આપવામાં આવી હતી. આ બેઠકો પર પ્રવેશ માટે ૮૪૭ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ. એડમિશન કમિટી દ્વારા આ વિદ્યાર્થીઓના ગ્રુપ ડીસ્કશન અને પર્સનલ ઈન્ટરવ્યૂ સહિતની પ્રક્રિયાાં ૭૦૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૭૦૬ વિદ્યાર્થીઓનો મેરિટ લિસ્ટમાં સમાવેશ કરાયો હતો. અત્યાર સુધીમાં પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશના બે રાઉન્ડ પૂરા કરી દેવામાં આવ્યા છે. બીજા રાઉન્ડમાં તા.૧૩મીના રોજ દરખાસ્ત કરનારા તમામ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. ફી ભરવા માટે ૧૪મી સુધીની મુદત આપવામાં આવી હતી. બીજા રાઉન્ડમાં અંદાજે ૯૮ બેઠકો ખાલી પડી છે. ચાર સેન્ટર ઓફ એક્સલન્સ પૈકી દરેકમાં બેઠકો ખાલી પડી છે. આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી હોવાથી હવે આગામી દિવસોમાં ત્રીજો રાઉન્ડ કરવો પડે તેવી સ્થિતિ છે. મહત્વની વાત એ કે, પ્રવેશ સમિતિ દ્વારા હવે ખાલી પડેલી બેઠકોની વિગતો સાથે સરકારમાં રજૂઆત કર્યા બાદ મંજુરી આપવામાં આવે તો આગામી દિવસોમાં કેટ મેરિટમાં નીચે આવતાં વિદ્યાર્થીઓને પણ ખાલી પડેલી બેઠકો ઓફર કરવામાં આવશે. જોકે, ત્રીજો રાઉન્ડ ક્યારે થશે તે અંગે પ્રવેશ સમિતિ દ્વારા હજુસુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. હાલમાં કઈ સંસ્થામાં કેટ લિ બેઠકો ખાલી પડી છે તેની વિગતો જાહેર કરી દેવામાં આવી છે.

# સીબીએસઈ ધો.૧૦ની બીજી પરીક્ષાનો કાયક્રમ જાહેર

## મે મહિનામાં વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા આપી માર્ક્સ સુધારી શકશે

**અબતક, રાજકોટ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને વર્ષ ૨૦૨૬ની શૈક્ષણિક વ્યવસ્થામાં ક્રાંતિકારી ફેરફાર કરતા 'ટુ બોર્ડ એક્ઝામ સ્કીમ' (બે બોર્ડ પરીક્ષાની પદ્ધતિ)નો અમલ શરૂ કરી દીધો છે. આ નવી વ્યવસ્થા હેઠળ જે વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષામાં નબળું પ્રદર્શન કરી શક્યા છે, તેમને મે-૨૦૨૬ માં યોજાનારી બીજી બોર્ડ પરીક્ષામાં પોતાના માર્કસ સુધારવાની સુવર્ણ તક મળશે. બોર્ડ દ્વારા આ માટે લિસ્ટ ઓફ કેન્ડિડેટ્સ ફોર્મ ભરવાની સત્તાવાર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

બીજી બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ મૂંઝવણમાં ન રહે તે માટે સીબીએસઈ એ સ્પષ્ટ કર્યું છે કે, મે મહિનાની પરીક્ષાનો સિલેબસ અને પેટર્ન એ જ રહેશે જે મુખ્ય પરીક્ષામાં હતો. આનાથી મૂલ્યાંકનમાં સમાનતા રહેશે અને વિદ્યાર્થીઓએ નવા ટોપિક્સ તૈયાર કરવાની જરૂર પડશે નહીં. વિદ્યાર્થીઓ વધુમાં વધુ ૩ વિષયોમાં પોતાનો સ્કોર સુધારી શકશે. બોર્ડે ખાનગી વિદ્યાર્થીઓ માટે ખાસ ગાઈડલાઈન જાહેર કરી છે. જે વિદ્યાર્થીઓ શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫માં (પૂરક) શ્રેણીમાં આવ્યા હતા. એવા વિદ્યાર્થીઓ જે ૨૦૨૪-૨૫માં પૂરક પરીક્ષામાં હતા, પરંતુ ૨૦૨૬ની મુખ્ય પરીક્ષામાં હાજર રહી શક્યા નહોતા. આ તમામ વિદ્યાર્થીઓને 'થર્ડ ચાન્સ કમ્પાઉન્ડમેન્ટ કેટેગરી' હેઠળ પરીક્ષા આપવાની તક આપવામાં આવશે.

# જે ભગવાન ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવમાં પાંચ દીકરીઓ પ્રભુતામાં પગલાં માંડશે

## ૧૧૫ વસ્તુ ભેટ આપીને દીકરીઓને સાસરે વળાવાશે

**અબતક, રાજકોટ**



સામાજિક સેવાના ક્ષેત્રમાં અગ્રેસર 'જે ભગવાન ટ્રસ્ટ' દ્વારા આગામી તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬, રવિવારના રોજ શાપર-વેરાવળ ખાતે પાંચ દીકરીઓના બીજા ભવ્ય સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વેરાવળ (શાપર) ના સર્વોદય સોસાયટી શેરી નં. ૨૪, પિતૃકૃપા હોટલની પાછળ આવેલા કોમન પ્લોટ ખાતે આ માંગલિક પ્રસંગ યોજાશે.

આ મંગલ મહોત્સવનો પ્રારંભ ૧૮મી એપ્રિલ, શનિવારે સવારે ૭:૦૦ કલાકે મંડપારોપણ સાથે થશે અને એ જ રાત્રે ૯:૦૦ કલાકે ભવ્ય દાંડિયા રાસની રમઝટ જામશે. ૧૯મી એપ્રિલ, રવિવારે સવારે ૭:૦૦ કલાકે જાનનું આગમન થશે, ત્યારબાદ ૮:૦૦ કલાકે સ્વાગત વિધિ અને ૯:૩૦ કલાકે પધારેલા સંતો-મહંતોનું ભવ્ય સામૈયું કરવામાં આવશે. સવારે ૧૦:૦૦ કલાકે હસ્તમેળાપ અને ૧૧:૩૦ કલાકે ભોજન સમારંભ યોજાશે. આ પ્રસંગે દાતાઓના સહયોગથી નવદંપતીઓને કરિયાવરમાં ૧૧૫ જેટલી ઘરવખરીની વસ્તુઓ

છેલ્લા ૭ વર્ષથી કાર્યરત જે ભગવાન ટ્રસ્ટ દ્વારા સમુહ લગ્ન ઉપરાંત અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. જેમાં પગપાળા યાત્રાળુઓ માટે અન્નક્ષેત્ર, આરામગૃહ, પક્ષીઓ માટે ચણ, તેમજ જરૂરિયાતમંદો માટે વિનામૂલ્યે ઘોડીયા અને સાયકલ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

આયોજકોની જહેમત આ સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા માટે અરવિંદબાપુ માકડીયા, હંસાબેન માકડીયા, જયાબેન વાઘ, જેન્તીભાઈ પરમાર અને માધવભાઈ સિંધવ સહિતના અગ્રણીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# બેન્ક ખાતાં ફ્રોડ જાહેર કરવા સામેની અનિલ અંબાણીની અપીલ ફગાવતી સુપ્રીમ કોર્ટ

## અનિલ અંબાણીએ ત્રણ બેન્કોને કાર્યવાહીની મંજૂરી આપતાં બોમ્બે હાઈકોર્ટના આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકાર્યો હતો

**અબતક, રાજકોટ**

ઉદ્યોગપતિ અનિલ અંબાણી તથા રિલાયન્સ કમ્યુનિકેશન્સ લિમિટેડના બેન્ક ખાતાંઓને ફ્રોડની શ્રેણીમાં યથાવત રાખવા બેન્કોએ શરૂ કરેલી કાર્યવાહી આગળ ધપાવવાની મંજૂરી આપતાં બોમ્બે હાઈકોર્ટના આદેશને પડકારતી અનિલ અંબાણીની અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત તથા જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે, અનિલ અંબાણીને બેન્કો સામેની તેમની આ અરજી હાઈકોર્ટમાં સિંગલ જજની બેન્ચ સમક્ષ કરવાની મંજૂરી આપી હતી. આ સાથે જ, સુપ્રીમ કોર્ટની બેન્ચે હાઈકોર્ટની સિંગલ જજ બેન્ચને ત્રણ બેન્કો દ્વારા આ મામલે જારી કરાયેલી કારણ દર્શાવો નોટિસને પડકારતી અનિલ અંબાણીની અરજીની ઝડપી સુનાવણી કરવા પણ અપીલ કરી હતી. અનિલ અંબાણી દ્વારા હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ દ્વારા ગત ૨૩ ફેબ્રુઆરીના રોજ કરાયેલાં આદેશને પડકારતી ત્રણ અરજીની સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે આ આદેશ જારી કર્યો હતો.

રિલાયન્સ કમ્યુનિકેશન્સ તથા અનિલ અંબાણીના બેન્ક ખાતાં ફ્રોડ જાહેર કરવાના સિંગલ જજ બેન્ચના વચગાળાના આદેશને ડિવિઝન બેન્ચે રદ કરી દીધો હતો. જાહેર ક્ષેત્રની ત્રણ બેન્કો તથા ઓડિટર કંપની બીડીઓ ઈન્ડિયા એલએલપીએ સિંગલ બેન્ચ દ્વારા ડિસેમ્બર, ૨૦૨૫માં કરાયેલા આદેશને પડકારતી અપીલને ડિવિઝન બેન્ચે ગ્રાહ્ય રાખી હતી. સિંગલ જજની બેન્ચે તેના આદેશમાં ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, આઈડીબીઆઈ બેન્ક તથા બેન્ક ઓફ બરોડાને વર્તમાન તથા ભવિષ્યમાં કોઈ પણ કાર્યવાહી કરવા સામે મનાઈ ફરમાવતાં જણાવ્યું હતું કે, બેન્કોની કાર્યવાહી કાનૂની રીતે ખામીયુક્ત ફોરેન્સિક ઓડિટ પર આધારિત છે અને તે રિઝર્વ બેન્કની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરે છે.

# સદભાવના વૃદ્ધાશ્રમના સેવાયજ્ઞથી પ્રેરાઈ વેકરીયા પરિવાર દ્વારા પર્યાવરણ જાળવણીનો સંદેશ ફેલાવાયો

## પર્યાવરણપ્રેમી પરસોત્તમ વેકરીયા પરિવાર દ્વારા પૌત્રી વામિકાના જન્મદિને 'વામિકા વન' અને ચેકડેમનું ખાતમુહૂર્ત

**અબતક, રાજકોટ**

પર્યાવરણ પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા અને જાણીતા સમાજસેવી શિક્ષક પરસોતમભાઈ વેકરીયા પરિવારે પોતાની પૌત્રી વામિકાના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી સમાજને પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મોંઘીદાટ પાર્ટીઓ કે કેક કાપવાને બદલે, પરિવારે પરંપરાગત રીતે યજ્ઞ કરી 'વામિકા વન' (ધારવાળે) ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. આ સાથે જ જળસંચયના ઉમદા હેતુથી બોરીબંધ 'વામિકા સરોવર' (ચેકડેમ)નું ખાતમુહૂર્ત કરી પ્રકૃતિનું ઋણ અદા કરવાનો પ્રયાસ કર્યો હતો. ખેડૂત પરિવારમાં ઉછરેલા પરસોતમભાઈ અને તેમના પરિવારના સભ્યો વર્ષોથી સદભાવના વૃદ્ધાશ્રમની વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.

ગામ ખામટા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં આર્યસમાજના સત્યેન્દ્ર શાસ્ત્રીજીએ પર્યાવરણ શુદ્ધિ અને જળનું મહત્વ સમજાવ્યું હતું. વામિકાના જન્મદિન નિમિત્તે મીણબત્તી ઠારવાને બદલે દીપ પ્રગટાવીને ભારતીય સંસ્કૃતિ મુજબ ઉજવણી કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ મહેમાનોએ વામિકા વનમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જાળવણી અને જળસંગ્રહ માટેના શપથ લીધા હતા. આ માંગલિક પ્રસંગે ગોકુલ હોસ્પિટલના ડો. હાર્દિક વેકરીયા, ડો. નિધીબેન વેકરીયા, આર્કિટેક નિર્મલભાઈ અને એકતાબેન વેકરીયા સહિત પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સામાજિક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ જેવા કે ભરતભાઈ ગાજીપરા (ગીરગંગા ટ્રસ્ટ), પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ કાંતાબેન મેંદપરા, સરપંચ કુસુમબેન જાડેજા, અગ્રણી વકીલ અમિતભાઈ વેકરીયા તથા ઉદ્યોગપતિઓ અને ખામટા ગામના વેકરીયા પરિવારના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી ચિ. વામિકાને આશીર્વાદ પાઠવ્યા હતા.

# છેતરપિંડી કરી ધાક-ધમકી આપતા ઠગ ચેતન વાછાણી વિરૂદ્ધ કડક કાર્યવાહીની માગ

**અબતક, રાજકોટ**

છેલ્લા ૧૦ વર્ષથી સૌરાષ્ટ્રના તાલુકા-ગ્રામ્ય વિસ્તારોમાં નામાંકિત સોશ્યલ ગ્રૂપમાં પ્રવેશ કરી જુદી જુદી કંપનીમાં રોકાણ કરવાથી મહિને આર્થિક લાભ, સ્કીમ, વળતર, સબસીડી, લોનની વાત કરી નિર્દોષ લોકો સાથે છેતરપિંડી કરતાં ચેતન વાછાણીની કરતૂતોને લઈ પોલીસ કમિશ્નરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. રોકાણકારો સાથે છેતરપિંડી કરી હોવા છતાં ધાક-ધમકી આપતા આખરે કાનુની કાર્યવાહીનો આશરો લેવામાં આવ્યો હતો.બનાવની વિગત પ્રમાણે સૌરાષ્ટ્રમા છેલ્લા ૧૦ વર્ષથી ગ્રામ્ય વિસ્તારો અને પોતાના સમાજના લોકોમાં વિશ્વાસ ઉભો કરી શીફતપૂર્વક છેતરપિંડી કરનાર મૂળ જુનાગઢ જિલ્લાના માણાવદર વિસ્તારનો ચેતન વલ્લભભાઈ વાછાણી પોતાની વાકચાતુંયથી પ્રભાવિત કરી કંપનીમા નાણા રોકવામાં લાભો, દર મહિને કમિશન, સબસીડી, લોન, ફિકસ ડિપોઝીટ વિગેરેના પ્રલોભન આપી નાણા મેળવી અંગત ઉપયોગની જાણ થવાથી રોકાણકારો હતપ્રત થઈ ગયા હતા.ભોગ બનેલા વિજય મુળજીભાઈ ગઢીયા, સાગર રવજીભાઈ, સંજય કળથીયા, ભાવેશ સેલડીયા અને ભોગ બનેલાઓએ પોલીસ કમિશ્નરને આવેદન પત્ર પાઠવી તપાસના અંતે કસુરવાન સામે કાનુની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.

બંધ પડેલી કંપની, ફડચામાં ગયેલી, ફરિયાદો થયેલી કંપનીમાં નાણા રોકવાથી ફાયદાની વાત કરી રોકાણકારો સાથે છેતરપિંડી કરતો હતો. ભોગ બનેલાના નાણા, કંપનીની પહોંચ, આધાર-પુરાવા માગવાથી ધમકી આપતો હતો. પોતાને રાજકીય ઓળખાણ, પોલીસ ફરિયાદ કરવા જાવ સામેથી ડરાવતો હતો. ભોગ બનેલા ફરિયાદ કરવાનું ટાળતા હોય અત્યાર સુધી માયાજાળ ફેલાયેલી હતી. ભોગ બનેલાઓએ કાયમી બીજા છેતરાય નહિ તે માટે કટિબદ્ધ થઈ રજૂઆત કરવામાં આવી હતી.

## ભોગ બનેલા વિજય ગઢિયા, સંજય કળથિયા સહિતનાઓનું પોલિસ કમિશનરને આવેદન

# આશરો છીનવાઈ જતા પ્રોઢે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## આગથી પોતાનું ઘર બળી જતાં આઘાતમાં સરી પડેલા શ્રમિકે બિમારીની ટીકડીઓ ગળી આપઘાત કર્યો: ૪ સંતાનો પિતા વિહોણા બન્યા

**અબતક, રાજકોટ**

ઉપલેટાના રસુલપરા વિસ્તારમાં ૪૫ વર્ષીય પ્રોઢે પોતાનું રહેણાંકનું ઝૂંપડું સળગી જતાં મનમાં લાગી આવતા ઝેરી દવા પીને આપઘાત કરી લીધો છે. માનસિક બીમારીથી પીડાતા અને છૂટક મજૂરી કરતા શ્રમિકના મોતથી ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ, ઉપલેટાના રસુલપરામાં રહેતા રાજુભાઈ મધુભાઈ મકવાણા (ઉ.વ. ૪૫) ગત રાત્રિના સમયે પોતાના ઘરે હતા. તે દરમિયાન અગમ્ય કારણોસર તેમનું ઝૂંપડું સળગી ગયું હતું. આ ઘટના અંગે પરિવારજનો જ્યારે પોલીસ ચોકીએ નોંધ કરાવવા ગયા હતા, ત્યારે પાછળથી રાજુભાઈએ બિમારીની વધુ પડતી ટીકડીઓ ખાઈ લીધી હતી. પરિવાર જ્યારે પોલીસ મથકેથી પરત ફર્યા ત્યારે રાજુભાઈ બેભાન હાલતમાં મળી આવ્યા હતા. રાજુભાઈને તાત્કાલિક પ્રથમ ઉપલેટા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રાજુભાઈ સાત ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા હતા. તેઓને સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ છે. છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા રાજુભાઈને માનસિક બીમારીની સારવાર પણ ચાલી રહી હતી. પરિવારના જણાવ્યા અનુસાર, પોતાનું આશરો ગણાતું ઝૂંપડું સળગી જતાં તેમને આઘાત લાગ્યો હતો જેને લઈ તેમણે આ પગલું ભર્યું હોવાની આશંકા છે. હાલ પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# મહિલા અનામત-સીમાંકન બિલ પર સંસદમાં મતદાન

## ઈન્ડિયા બ્લોકના સાંસદોની કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ચેમ્બરમાં ગૃહના ફ્લોર માટે રણનીતિ માટે બેઠક

**અબતક, રાજકોટ**

મહિલા અનામત અને સીમાંકન સંબંધિત ત્રણ બિલ પર આજે લોકસભામાં બીજા દિવસે ચર્ચા થશે. અમિત શાહ આ અંગે જવાબ આપશે. તેમણે કહ્યું હતું કે સીમાંકનને લઈને વિપક્ષના જેટલા પણ પ્રશ્નો છે, તેઓ કેજીના બાળકોની જેમ તેમને સમજાવશે. સાંજે ૪ વાગ્યે ત્રણેય બિલ પર મતદાન કરાવવામાં આવશે.આજે સાંજે ચાર વાગ્યે મહિલા આરક્ષણ પર મતદાન પણ થવાનું છે.

આ દરમિયાન સંસદમાં મહિલાઓને ૩૩ ટકા આરક્ષણ આપતો મહિલા આરક્ષણ અધિનિયમ-૨૦૨૩ ગુરુવારથી લાગુ થઈ ગયો છે.

આ અંગે કેન્દ્રીય કાયદા મંત્રાલયે નોટિફિકેશન જાહેર કર્યું છે.જો કે આ સ્પષ્ટ નથી કે સંસદમાં આ જ કાયદામાં સુધારા અંગેની ચર્ચા વચ્ચે તેને ૧૬ એપ્રિલથી



લાગુ કરવાની સૂચના શા માટે આપવામાં આવી. અધિનિયમ લાગુ થયા છતાં વર્તમાન લોકસભામાં મહિલાઓને તેનો તાત્કાલિક લાભ મળશે નહીં. અધિકારીના જણાવ્યા અનુસાર, મહિલાઓ માટે આરક્ષણ આગામી જનગણના આધારિત પરિસીમન (ડિલિમિટેશન) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ લાગુ કરવામાં આવશે.

લોકસભા સ્પીકરે બિલ પર ચર્ચા માટે ૧૫ કલાકનો સમય નક્કી કર્યો. ગુરુવારે લગભગ ૧૨ કલાક સુધી પક્ષ અને વિપક્ષના સાંસદોએ પોતાની વાત રજૂ કરી. કોંગ્રેસ તરફથી પ્રિયંકા ગાંધી, ગૌરવ ગોગોઈ, વેણુગોપાલે બિલના વિરોધમાં પોતાની વાત કહી. પ્રિયંકાએ કહ્યું કે આસામની જેમ દેશભરની બેઠકો કાપવામાં આવશે.

પીએમએ પણ લગભગ ૩૫ મિનિટનું ભાષણ આપ્યું. તેમણે કહ્યું કે સીમાંકનમાં કોઈપણ રાજ્ય સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. આ મોદીની ગેરંટી છે અને વચન છે. વિપક્ષ આનો શ્રેય લઈ શકે છે.

### મહિલા અનામત પર વિપક્ષ ક્રેડિટ લેઃ પીએમ મોદી

પીએમ મોદીએ વિપક્ષને આડે હાથ લેતા જણાવ્યું કે, ''આ અવસર રાજકીય ત્રાજવે તોલવાનો નથી પણ વિકસિત ભારત બનાવવા માટે સાથે મળીને ચાલવાનો છે. દેશની નારી શક્તિ આપણા નિર્ણયની સાથે આપણી નીયત પણ જોઈ રહી છે, જો નીયતમાં ખોટ હશે તો દેશની મહિલાઓ ક્યારેય માફ નહીં કરે.

# રાજકોટમાં ૬ જિલ્લાના ખેલાડીઓ માટે 'ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ' યોજનાની ઝોન કક્ષાની ટ્રાયલ્સ

## જુડો, આર્ચરી અને બાસ્કેટ બોલના ખેલાડીઓની ૨૨ થી ૨૪ એપ્રિલ દરમિયાન લેવાશે પ્રાથમિક કસોટીઃ પસંદગી પામેલા રમતવીરોને રાજ્ય કક્ષાએ મોકલાશે

**અબતક રાજકોટ**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઉભરતા ખેલાડીઓની પસંદગી કરવા રાજકોટ ખાતે ઝોન કક્ષાની પી.ટી. ટ્રાયલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રાયલ્સમાં રાજકોટ સહિત જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, કચ્છ અને મોરબી જિલ્લાના ખેલાડીઓ પોતાની પ્રતિભા સાબિત કરશે.

આ યોજના અંતર્ગત જે ખેલાડીઓનો જન્મ ૧ જાન્યુઆરી ૨૦૧૧ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ વચ્ચે થયો હોય અને જિલ્લા કે રાજ્ય કક્ષાએ સિદ્ધિ મેળવી હોય તેઓ ભાગ લઈ શકશે. કાર્યક્રમની વિગતો મુજબ, ૨૨ એપ્રિલે જુડોની ટ્રાયલ્સ વિમલનગર મેઈન રોડ સ્થિત SAG સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાશે. ૨૩ એપ્રિલે આર્ચરી માટે ૧૫૦ ફીટ રીંગ રોડ પર આવેલી જી. કે. ધોળકિયા સ્કૂલ ખાતે અને ૨૪ એપ્રિલે બાસ્કેટ બોલની સ્પર્ધા ફરી SAG કોમ્પ્લેક્સ ખાતે યોજાશે. તમામ ખેલાડીઓએ સવારે ૦૭:૦૦ કલાકે રિપોર્ટિંગ કરવાનું રહેશે. ખેલાડીઓએ પોતાની સાથે ઓરીજીનલ પ્રમાણપત્રો, આધાર કાર્ડ, જન્મનો દાખલો અને બેંક વિગતો લાવવી અનિવાર્ય છે. સ્પર્ધા માટે જરૂરી સ્પોર્ટ્સ કીટ ખેલાડીએ સ્વયં લાવવાની રહેશે, જ્યારે દૂરથી આવતા ખેલાડીઓ માટે રોકાણ અને ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. ઝોન કક્ષાએથી પસંદગી પામનાર રમતવીરોને રાજ્ય કક્ષાની ટ્રાયલ્સમાં મોકલવામાં આવશે, જેના આધારે તેમને સ્પોર્ટ્સ સ્કૂલમાં પ્રવેશ મળશે. વધુ માહિતી માટે જે તે રમતના નિર્ધારિત કોચ અથવા જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### યે હે મોસ્ટ વોન્ટેડ ''ગુંડા''

# દાઉદ અને છોટા રાજનની જેમ અનેક જિલ્લાઓમાં વર્ષોથી ગુનેગારોને પકડવાના બાકી

## છોટા રાજન ૨૦૧૫થી જેલમાં સજા કાપી રહ્યો હોવા છતાં, અમદાવાદ અને સુરત પોલીસ તેને હજુ પણ 'વોન્ટેડ' ગણાવે છે

**અબતક, અમદાવાદ**

જેમના નામ સાંભળીને કયારેક આખું શહેર થરથર કાંપતું હતું, જેમના ડરની ધાક સરહદો ઓળંગી ગઈ હતી અને જેમને પકડવા માટે દેશની ટોચની એજન્સીઓ દિવસ-રાત એક કરી રહી છે, તેવા 'મોસ્ટ વોન્ટેડ' ગુનેગારો પોલીસના ચોપડે હંમેશા સર્વોપરી હોય છે. આ એવા ચહેરાઓ છે જે કાયદાની નજરમાંથી બચવા દુનિયાના ખૂણે ખૂણે છુપાયા છે. પરંતુ, જ્યારે કાયદાના રક્ષકો જ આ ખતરનાક ચહેરાઓની ઓળખમાં થાપ ખાઈ જાય, ત્યારે સવાલ માત્ર સુરક્ષાનો નહીં પણ તંત્રની ગંભીરતાનો પણ ઊભો થાય છે. ગુજરાત પોલીસની 'મોસ્ટ વોન્ટેડ' લિસ્ટમાં ગંભીર છબરડાઓ સામે આવ્યા છે. આ યાદીમાં એવા ગુનેગારોના નામ છે જેઓ વર્ષોથી જેલમાં સજા કાપી રહ્યા છે અથવા જેમના નામની જોડણીમાં જબરદસ્ત ભૂલો છે.

### કયા જિલ્લામાં કેટલા 'મોસ્ટ વોન્ટેડ'?

| જિલ્લો | વોન્ટેડની સંખ્યા | ખાસ નોંધ |
|---|---|---|
| અમરેલી | ૪૫ | સૌથી વધુ વોન્ટેડ આરોપીઓ |
| અમદાવાદં | ૨૦ | દાઉદ અને છોટા રાજન હજુ પણ વોન્ટેડ લિસ્ટમાં |
| સુરત | ૨૦ | દાઉદ અને છોટા રાજનનો લિસ્ટમાં સમાવેશ |
| જામનગર | ૧૨ | ૧૯૯૩ બ્લાસ્ટના આરોપીઓ (દાઉદ, છોટા શકીલ) શામેલ |
| અમદાવાદ | ૧૧ | સ્થાનિક ગુનેગારોની શોધખોળ ચાલુ |
| રાજકોટ | ૧૦ | - |

અંડરવર્લ્ડ ડોન છોટા રાજન ૨૦૧૫થી ભારતની જેલમાં છે અને તેને આજીવન કેદની સજા પણ થઈ ગઈ છે. આમ છતાં, અમદાવાદ અને સુરત પોલીસની યાદીમાં તે હજુ પણ 'વોન્ટેડ' (ફરાર) તરીકે દર્શાવવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય આતંકવાદી દાઉદ ઈબ્રાહિમનું સાચું નામ 'દાઉદ ઈબ્રાહિમ કાસ્કર' છે. પરંતુ ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં તેના નામ અલગ જ નોંધાયેલા છે, અમદાવાદમાં દાઉદ ઈબ્રાહિમ મેમણ , જામનગર અને સુરતમાં દાઉદ ઈબ્રાહિમ શેખ , મહેસાણામાં દાઉદ ઈબ્રાહિમ મેમણ. મહેસાણાના એક લિસ્ટમાં તો હદ થઈ ગઈ છે! ત્યાં એક મહિલા આરોપીના નામની જગ્યાએ તેને માત્ર બીજા આરોપીની 'રખેલ' તરીકે ઓળખાવવામાં આવી છે, તેનું નામ પણ લખવાની તસ્દી લેવાઈ નથી.

# બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને જાનથી મારવાની ધમકી આપનાર આરોપી સાણંદથી ઝડપાયો

## ગુજરાત અને બિહાર પોલીસનું સંયુક્ત ઓપરેશન ટેકનિકલ સર્વેલન્સની મદદથી શેખર યાદવની ધરપકડ કરી બિહાર પોલીસને સોંપાયો

**અબતક, રાજકોટ**

બિહારના નવનિયુક્ત મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને ફોન પર જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે ગુજરાત પોલીસને મહત્વની સફળતા મળી છે. સાણંદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી શેખર યાદવ નામના શખ્સની ધરપકડ કરી છે.

આ આરોપીએ મુખ્યમંત્રીના પર્સનલ આસિસ્ટન્ટને ફોન કરીને ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી, જેના પગલે બિહાર અને ગુજરાતની સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ હતી.અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટના





માર્ગદર્શન હેઠળ સાણંદ પોલીસે એક વિશેષ ઓપરેશન હાથ ધર્યું હતું. પોલીસને માહિતી મળી હતી કે આરોપી શેખર યાદવ સાણંદ-કડી રોડ પર છુપાયેલો છે, જેના આધારે વોચ ગોઠવીને તેને ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલો આરોપી મૂળ બિહારના બાંકા જિલ્લાનો વતની છે અને હાલ સાણંદના નિધરાડ ગામ પાસે આવેલી એક ડ્રાયપોર્ટ કંપનીમાં મજૂરી કામ કરતો હતો.મુખ્યમંત્રીને ધમકી આપવાના આ કેસ સંદર્ભે બિહારના મુંગેર જિલ્લામાં વિધિવત પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

બિહાર પોલીસ સતત ગુજરાત પોલીસના સંપર્કમાં રહીને આરોપીનું લોકેશન ટ્રેસ કરી રહી હતી. સાણંદ પોલીસે આરોપીને દબોચી લીધા બાદ હાથ ધરેલી પ્રાથમિક પૂછપરછમાં તેણે પોતાનો ગુનો કબૂલી લીધો છે. જોકે, તેણે કયા હેતુથી કે કોના ઈશારે આ ધમકી આપી હતી તે દિશામાં હવે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.સાણંદ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ ગંભીર કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી છે. હાલ આરોપીને રાઉન્ડ-અપ કરવામાં આવ્યો છેઅને તેને વધુ તપાસ માટે બિહાર પોલીસની ટ્રાન્ઝિટ રિમાન્ડ પર સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ સફળ ઓપરેશને ફરી એકવાર સાબિત કર્યું છે કે આજના ડિજિટલ યુગમાં ગુનેગાર ભલે ગમે તેટલા દૂરના રાજ્યમાં છુપાયો હોય, ટેકનોલોજીની મદદથી પોલીસના હાથથી બચવું અશક્ય છે.

# પ.બંગાળમાં ટ્રિબ્યુનલે બે દિવસ પહેલાં મંજૂર રાખેલા મતદારો પણ મત આપી શકશેઃ સુપ્રીમ

## પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં ૨૩ અને ૨૯ એપ્રિલે ચૂંટણી યોજવામાં આવશે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં મતાધિકાર સંદર્ભે સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. એપલેટ ટ્રિબ્યુનલે ચૂંટણીના બે દિવસ પહેલા પણ મતદાર યાદીમાં સમાવેશ માટે મંજૂર રાખ્યા હોય તેવા મતદારો મત આપી શકશે. પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. ૨૩ અને ૨૯ એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે અનુક્રમે ૨૧ અને ૨૭ એપ્રિલે નામ મંજૂર થયા હોય તેવા લોકો પણ મત આપી શકશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ ચુકાદા પ્રત્યે ખુશી વ્યક્ત કરી હતી. પશ્ચિમ બંગાળમાં હાથ ધરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (સર)ની કવાયતને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન બંધારણની કલમ ૧૪૨ અન્વયે મળેલી સત્તા મુજબ, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જોય માલ્યા બાગચીની બેન્ચે પશ્ચિમ બંગાળમાં મતાધિકાર સંદર્ભે આ ચુકાદો આપ્યો હતો. સરના કારણે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાંથી મોટા પાયે નામ કમી થયેલા છે, જેના કારણે ચૂંટણી પંચ તથા પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે વિવાદ સર્જાયો છે અને મામલ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશથી જ પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડમાં સરની કવાયત માટે જ્યુડિશિયલ અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચ અને પશ્ચિમ બંગાળ સરકારે પરસ્પર અવિશ્વાસ વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરીના રોજ આપેલા હુકમ અન્વયે ડિસ્ટ્રિક્ટ જજ અને એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજને સરની કામગીરીમાં જવાબદારી સોંપવામાં આવી હતી. ૯૦૦ જેટલા જ્યુડિશિયલ અધિકારી આ પ્રક્રિયામાં જોડાયા હતા.

# રાજકોટ ફરી સળગ્યુંઃ મહત્તમ તાપમાન ૪૧.૯ ડિગ્રીએ આંબ્યું

## એક દિવસની રાહત બાદ તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારોઃ હજી બે દિવસ પારો ઉંચો રહેશે

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ફરી મહત્તમ તાપમાનનો પારો ઉંચકાયો છે. બુધવારે એક દિવસ તાપમાનનો પારો થોડો નીચો રહ્યા બાદ ગુરૂવારે ફરી શહેરમાં અગનવર્ષા થવા પામી હતી. ગઈકાલે ચાર શહેરોનું તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવા પામ્યું હતું. આગામી બે દિવસ હજી તાપમાનનો પારો થોડો ઉંચો રહેશે. આગામી રવિવાર અને સોમવારે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. રાજકોટ સતત છઠ્ઠા દિવસે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. મે માસમાં હજી આકરી ગરમી પડશે.

રાજ્યવાસીઓને આગામી બે દિવસ ગરમીમાં કોઈ જ રાહત મળે તેવી શક્યતા નથી. આજે સવારે રાજકોટના આકાશમાં વાદળો છવાયા હતા. બફારાનો અનુભવ થઈ રહ્યો છે. રાજકોટમાં ગુરૂવારે એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. ૪૧.૯ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. રાજ્યના ચાર શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું.

અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૩ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૯.૯ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, દમણ ૩૩.૮ ડિગ્રી, ભુજનું તાપમાન ૩૯.૭ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ ૩૭.૫ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૪.૩ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૧.૯ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૨ ડિગ્રી, દિવનું તાપમાન ૩૨.૭ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૧ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૩.૨ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૮ ડિગ્રી નોંધાયું હતું. આગામી બે દિવસ હજી તાપમાનનો પારો ઉંચો રહેશે. રવિવાર અને સોમવારે રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.

કાળઝાળ ગરમીમાં જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. રાજ્યભરમાં આજે સવારે વાદળછાંયુ વાતાવરણ જોવા મળ્યું હતું. સવારના સમયે બફારાનો અનુભવ થઈ રહ્યો હતો.

# આરટીઈના ફોર્મ ભરવાનો આજે છેલ્લો દિવસઃ અવધિ વધારવા માંગ

## અત્યાર સુધીમાં ૨.૦૬ લાખ ફોર્મ ભરાયાઃ ચૂંટણીના કારણે ડોક્યુમેન્ટ એકત્રિત કરવામાં તકલીફ ઉભી થઇ હોલ મુદત વધારો

**અબતક, રાજકોટ**

આર્થિક હિત નબળા પરિવારના બાળકોને શ્રેષ્ઠ શાળામાં અભ્યાસ કરવાની તક મળે તે માટે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાઈટ ટુ એજયુકેશન હેઠળ બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે ગત ૪ એપ્રિલથી આરટીઈના અરજી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત આજે પૂર્ણ થઈ રહી છે. ચૂંટણીના કારણે ફોર્મ ભરવા માટેના જરુરી દસ્તાવેજ એકત્રિત કરવાની કામગીરી સામે અડચણ ઉભી થવા પામી હતી. જેના કારણે મુદતમાં વધારો કરવાની વાલીઓમાંથી માંગણી ઉઠી રહી છે.

રાજયભરમાં ગત ૪ એપ્રિલથી આરટીઈ હેઠળ શાળામાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન અરજી સ્વીકારવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જેની મુદત આજે રાત્રે પૂર્ણ થઈ રહી છે. અત્યાર સુધીમાં રાજયભરમાંથી ૨.૦૬ લાખ આરટીઈ ફોર્મ ભરાયા છે. રાજ્યમાં હાલ સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો ધમધમાટ ચાલી રહ્યો છે. જેના કારણે આરટીઈના ફોર્મ ભરવા માટે જરુરી સરકારી દસ્તાવેજો એકત્રિત કરવા માટે વાલીઓએ થોડી મુશ્કેલી નડી હતી. જેના કારણે હજી હજારો વાલીઓ ફોર્મ ભરી શકયા નથી. આવામાં મુદતમાં એક સપ્તાહનો વધારો કરવાની માંગણી વાલીઓમાંથી ઉઠી રહી છે.

# એમક્યોર ફાર્મા દ્વારા વજન ઘટાડવાના ઈન્જેક્શનોનો ભાવ અડધો-અડધ

## એમક્યોર ફાર્માના પોવીઝટ્રાનો માસિક ડોઝ ૩,૯૯૯ના દરે થશે ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

મેદસ્વીતા સામે સમાજમાં વધતી-જતી જાગૃતિ વચ્ચે વેઈટ લોસ માટેના ડોઝ બનાવતી એમક્યોર ફાર્માએ વધુમાં વધુ દર્દીઓને સમાવવા અને દવાના ઉપયોગને વધુ વ્યાપક બનાવવા પોવીઝટ્રાના પ્રાથમિક ડોઝની કિંમતમાં ૫૫% ભાવ ઘટાડવાની જાહેરાત કરવામાં આવી છે.

એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે ભારતભરમાં તેની વેઈટ મેનેજમેન્ટ ડ્રગ પોવીજટ્રા (સેમાગ્લુટાઇડ ઈન્જેક્શન)ની કિંમતમાં ઘટાડો જાહેર કર્યો છે. ઘટાડેલી કિંમત મુજબ રૂ.૩,૯૯૯/- પ્રતિ મહિને (અઠવાડિયે ૪ ડોઝ) થી શરૂ થશે. ઈનોવેટર સેમાગ્લુટાઇડ અઠવાડિયામાં એક વખત લેવાતા પેન ડિવાઈસમાં ૦.૨૫ મિલિગ્રામ, ૦.૫ મિલિગ્રામ, ૧.૦ મિલિગ્રામ, ૧.૭ મિલિગ્રામ અને ૨.૪ મિલિગ્રામના મેઈન્ટેનન્સ ડોઝની પાંચ માત્રામાં ઉપલબ્ધ છે. તે એક અત્યાધુનિક પેન ડિવાઈસમાં આવે છે, જે સરળ રીતે દવા આપવાની સુવિધા અને ચોક્કસ ડોઝિંગ સુનિશ્ચિત કરે છે.

સ્થૂળતા માટે નોવો નોર્ડિસ્કના સેમાગ્લુટાઇડ ઈન્જેકશનની બીજી બ્રાન્ડ પોવીજટ્રાનું એક્સક્લુઝિવલી ડિસ્ટ્રિબ્યુશન અને કોમર્શિયલાઈઝ કરનારી પ્રથમ ભારતીય કંપની તરીકે, એમક્યોરનો ઉદ્દેશ્ય વધુ દર્દીઓ સુધી પહોંચ વધારવાનો અને ઘટાડેલી કિંમતે આ પુરવાર થયેલી સારવારનો લાભ વધુને વધુ દર્દીઓને આપવાનો છે.

આ ભાવ ઘટાડો ૩ એપ્રિલ ૨૦૨૬થી લાગુ થશે અને તેના દ્વારા મજબૂત ક્લિનિકલ અને વાસ્તવિક ઉપયોગના પુરાવાઓથી સમર્થિત ઈનોવેટર મોલેક્યુલ હવે દેશભરમાં નોંધપાત્ર રીતે મોટાપાયે દર્દીઓ માટે વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે. આ નિર્ણય એવા સમયે લેવાયો છે જ્યારે ભારતમાં સ્થૂળતા અને વજન સંબંધિત આરોગ્ય સમસ્યાઓ ઝડપથી વધી રહેલા જાહેર આરોગ્યના ગંભીર પડકાર તરીકે ઉભરી રહી છે.

ઈનોવેટર બાયોલોજિક ઉગઅ સેમાગ્લૂટાઈડ મોલેક્યુલ લગભગ એક દાયકાથી બજારમાં ઉપલબ્ધ છે. વૈશ્વિક સ્તરે સૌથી વધુ જેના પર અભ્યાસ થયો છે અને ઉપયોગમાં લેવાય છે તે સેમાગ્લૂટાઈડ ૪૯ મિલિયનથી વધુ દર્દી-વર્ષોના સમકક્ષ ઉપયોગનો અનુભવ ધરાવે છે. વિવિધ ક્લિનિકલ પરિસ્થિતિઓમાં થયેલા લગભગ ૫૦ ક્લિનિકલ ટ્રાયલ્સ દ્વારા તે સમર્થિત છે અને વિશ્વભરમાં લાખો દર્દીઓ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

| ડોઝ (મિલીગ્રામમાં) | જુના ભાવ | નવા ઘટાડેલા ભાવ |
|---|---|---|
| પોવીઝટ્રા ૦.૨૫ | ૮,૭૯૦ | ૩,૯૯૯ |
| પોવીઝટ્રા ૦.૫ | ૧૧,૨૦૦ | ૪,૯૯૯ |
| પોવીઝટ્રા ૧ | ૧૧,૨૦૦ | ૫,૯૯૯ |
| પોવીઝટ્રા ૧.૭ | ૧૩,૦૦૦ | ૭,૯૯૯ |
| પોવીઝટ્રા ૨.૪ | ૧૫,૦૦૦ | ૮,૯૯૯ |

એમક્યોર ફાર્માના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર સતીશ મહેતાએ જણાવ્યું હતું કે, પોવીઝટ્રા ઘટાડેલા ભાવો વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત વેઈટ મેનેજમેન્ટ થેરાપીને વ્યાપક પ્રમાણમાં દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવવા અને સસ્તી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. ભારતમાં સ્થૂળતાનો વધી રહેલો રોગચાળો ગંભીર ચિંતા બની રહ્યો છે. દેશમાં લગભગ ૨૫૪ મિલિયન લોકો સામાન્ય સ્થૂળતા સાથે જીવી રહ્યા છે અને ૩૫૧ મિલિયન લોકો પેટની સ્થૂલતા ધરાવે છે. વૈશ્વિક સ્તરે સ્થાપિત સેમાગ્લૂટાઈડ જેવા મોલેક્યુલ સુધી પહોંચ સુધારવી આ જાહેર આરોગ્ય પડકારને મોટા પાયે ઉકેલવા માટે જરૂરી છે.

સ્થૂળતા ૨૩૦થી વધુ આરોગ્ય સંબંધિત જટિલતાઓ સાથે જોડાયેલી છે, જેમાં હૃદયસંબંધિત રોગો, ટાઈપ ૨ ડાયાબિટીસ, હાઈપરટેન્શન, ફેટી લિવર, ની ઓસ્ટિઓઆર્થ્રાઈટિસ, પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ, કિડની રોગ અને અલ્ઝાઈમર રોગનો સમાવેશ થાય છે. આ ભાવ ઘટાડા સાથે એમક્યોર ફાર્મા દર્દીઓ માટે સારવાર સુધી પહોંચ વધારવા, આરોગ્ય પરિણામો સુધારવા અને ભારતમાં વધતા સ્થૂળતાના ભારને પહોંચી વળવા નવીન સારવારને સમર્થન આપવાની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવે છે.

# યુવાધનને નશાના ખપ્પરમાં હોમનારા તત્વોની ખેર નથી, માહિતી શેર કરી પોલીસના મદદગાર બનો

## પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ: એક માસમાં રૂ.૧૧.૬૦ લાખથી વધુની કિંમતનો ગાંજો તેમજ મેફેડ્રોન ડ્રગ્સ પકડાયા, ૪ આરોપી વિરૂદ્ધ કામગીરી



**અબતક, રાજકોટ**

પોલીસ કમિશનરબ્રજેશ કુમાર ઝાની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરએ શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ નાર્કોટિસ ડ્રગ્સ સહીત નશાકારક પદાર્થનું વેચાણ થતું હોવાની સંભાવનાને ધ્યાને લેતા વેચાણકર્તાની માહિતી છાત્રાઓ કે શિક્ષકો મારફતે પોલીસ વિભાગને આપવા ખાસ અપીલ કરી હતી.

બ્રજેશ કુમારે સોશિયલ મીડિયા સહીતના વિવિધ માધ્યમ દ્વારા યુવાઓમાં જાગૃતિ અર્થે વધુને વધુ અવેરનેસ કાર્યક્રમો હાથ ધરવા વિવિધ વિભાગના અધિકારીઓને જણાવ્યું હતું. ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બંગરવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઈન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી. જેમાં એક માસમાં રૂ. ૧૧.૬૦ લાખથી વધુની કિંમતનો ૨૦ કિલોગ્રામ જેટલો ગાંજો તેમજ ૪૦.૪૨ ગ્રામ મેફેડ્રોન ઝડપી કુલ ત્રણ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

જ્યારે શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૨૩૦ કેસમાં રૂ. ૪૬,૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું બંગરવાએ ઉમેર્યું હતું.

બેઠકમાં મહાનગરપાલિકા, ફૂડ એન્ડ ડ્રગ્સ, આરોગ્ય વગેરે વિભાગો દ્વારા કરાયેલ સર્ચની કામગીરીની વિગત પુરી પાડવામાં આવી હતી.

રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, ભારત સરકારના કસ્ટમ્સ વિભાગ દ્વારા નશાકારક ડ્રગ્સ અંગે કરવામાં આવેલા જાગૃતિ કાર્યક્રમ અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી. એન્કોર્ડ બેઠકમાં ડી.સી.પી. ઝોન -૧ હેતલ પટેલ, ઝોન - ૨ રાકેશ દેસાઈ, એ.સી.પી. ભરત બસિયા, એસ.ઓ.જી ના પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ, કૃષિ અને વન વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, કસ્ટમ, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક વિભાગ સહીત વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુવિર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# ‘શાસન ટેક સંગમ’ અને ‘હિંસા મુક્ત વિશ્વ’ કાર્યક્રમમાં 5 હાઈટેક AI પ્લેટફોર્મ લોન્ચ

## જૈન વિઝન 2047: વોટ્સએપ આધારિત ’જૈન યુવા બોટ’ અને ’ગ્રંથ AI’ દ્વારા ધર્મ અને જ્ઞાન હવે આંગળીના ટેરવે ઉપલબ્ધ



તસ્વીર: શૈલેષ વાડોલીયા



**અબતક રાજકોટ**

રજવાડી શહેર રાજકોટના આંગણે ગત શુક્રવાર, ૧૭ એપ્રિલના રોજ આધ્યાત્મિકતા અને આધુનિક વિજ્ઞાનનો એક અદ્ભુત સમન્વય જોવા મળ્યો હતો. પૂજ્ય આચાર્ય યશોવિજયસૂરી મહારાજ સાહેબના માંગલિક આશીર્વચન અને વિશાળ જૈન સંઘની ઉપસ્થિતિમાં ‘હિંસા મુક્ત વિશ્વ’ અને ‘શાસન તકનીકી સંગમ’ કાર્યક્રમનું અદકેરું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ‘જૈન દ્રષ્ટિકોણ ૨૦૪૭’ના લક્ષ્યને હાંસલ કરવા તરફ એક મક્કમ ડગલું સાબિત થયો છે, જેમાં કૃત્રિમ બુદ્ધિ (AI) પર આધારિત પાંચ ક્રાંતિકારી ડિજિટલ મંચ ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યત્વે યુવા પેઢીને ધર્મ સાથે જોડવા માટે વોટ્સએપ આધારિત ‘જૈન યુવા બોટ’ લોન્ચ કરવામાં આવ્યો છે, જેના દ્વારા કોઈપણ યુવાન પોતાના ધાર્મિક પ્રશ્નોના શાસ્ત્રાધારિત જવાબો ત્વરિત મેળવી શકશે. આ સાથે જ સંશોધકો અને જિજ્ઞાસુઓ માટે ‘ગ્રંથ એઆઈ’ મંચ તૈયાર કરાયો છે, જે પ્રાચીન હસ્તપ્રતો અને વિશાળ સાહિત્ય ભંડારમાંથી માહિતી શોધવાનું કાર્ય અત્યંત સરળ બનાવશે.

જૈન સંઘોના સંચાલનને વધુ સુદ્રઢ બનાવવા ‘જૈન સંઘ સંચાલન મંચ’ અને જૈન સાહિત્યને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટ ઓળખ આપવા માટે ‘જૈન પ્રમાણિત પુસ્તક ક્રમાંક’ (JSBN) પ્લેટફોર્મની જાહેરાત કરવામાં આવી હતી. આ સમગ્ર ડિજિટલ અભિયાન પાછળ નિખિલભાઈ શાહ અને તેમની ટુકડી સાધુ ભગવંતોના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવી રહી છે.

આચાર્ય હેમચંદ્રસૂરિ મહારાજની પ્રેરણાથી કાર્યરત ‘હિંસા મુક્ત વિશ્વ’ પહેલ દ્વારા જીવનના દરેક ક્ષેત્રમાં કરુણા અને અહિંસાના મૂલ્યો સ્થાપિત કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. આ અભિયાન અત્યાર સુધીમાં સેંકડો શાળાઓ અને સંસ્થાઓ સુધી પહોંચી લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી ચૂક્યું છે. જૈન જ્ઞાનને આધુનિક સમય સાથે સુસંગત બનાવી વૈશ્વિક ફલક પર મૂકવાનો આ પ્રયાસ સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બન્યો છે. વધુ માહિતી માટે શાસન તકનીકી સંગમ અને હિંસા મુક્ત વિશ્વના સંપર્ક સૂત્રો પર માહિતી ઉપલબ્ધ છે.

આ કાર્યક્રમ માત્ર પ્લેટફોર્મ લોન્ચ કરવા પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ જૈન શાસનના પ્રાચીન જ્ઞાનને ૨૧મી સદીની ભાષામાં રજૂ કરવાનો એક સ્તુત્ય પ્રયાસ બની રહ્યો. ઉપસ્થિત રહેલા નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, જે રીતે સમય બદલાઈ રહ્યો છે, તે જોતા ધાર્મિક મૂલ્યોને સુરક્ષિત રાખવા માટે આધુનિક વિજ્ઞાનનો ઉપયોગ અનિવાર્ય છે. ‘જૈન યુવા બોટ’ એ માત્ર એક સોફ્ટવેર નથી, પણ યુવાનો માટે ૨૪ કલાક ઉપલબ્ધ એવો ‘ડિજિટલ માર્ગદર્શક’ છે જે અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી એમ ત્રણેય ભાષાઓમાં તર્કબદ્ધ માધ્યમથી ધર્મ સમજાવશે.

‘જૈન સંઘ સંચાલન મંચ’ દ્વારા દેશ-વિદેશના વિવિધ જૈન સંઘોને એક તાંતણે બાંધવાની યોજના છે. આ પ્લેટફોર્મથી સંઘોની દૈનિક પ્રવૃત્તિઓ, સભ્યોની નોંધણી અને સૂચનાઓનું આદાન-પ્રદાન અત્યંત સુરક્ષિત અને ઝડપી બનશે. આ ડિજિટલ પહેલથી શાસનની પ્રભાવના વધવાની સાથે સાથે વહીવટી પારદર્શિતામાં પણ ધરખમ સુધારો જોવા મળશે.

કાર્યક્રમના અંતમાં ‘હિંસા મુક્ત વિશ્વ’ અભિયાન હેઠળ એક સંકલ્પ લેવામાં આવ્યો હતો કે, અહિંસા માત્ર ધાર્મિક ક્રિયા પૂરતી સીમિત ન રહેતા, લોકોની જીવનશૈલી બને. આગામી સમયમાં આ અભિયાનને ડિજિટલ માધ્યમથી વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડવા માટે ખાસ વેબિનાર અને ઓનલાઈન પ્રદર્શનોનું આયોજન પણ કરવામાં આવશે.

# માર્કેટીંગ યાર્ડ ૧.૩૦ લાખ મણ ઘઉં, ૧ લાખ મણ ચણાથી ઉભરાયું

## 1350થી વધુ વાહનોની આવક : ચેરમેન જયેશભાઈ બોઘરાના માર્ગદર્શન હેઠળ ઉતરાઈની સુચારૂ વ્યવસ્થા ગોઠવાઈ





**અબતક રાજકોટ**

સૌરાષ્ટ્રના વેપારના હાર્દ સમાન રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે ૧૭ એપ્રિલના રોજ ખેતપેદાશોની મબલખ આવક નોંધાઈ છે.

વહેલી સવારથી જ ખેડૂતો પોતાની જણસીઓ લઈને ઉમટી પડતા યાર્ડમાં અંદાજે ૧૩૫૦થી વધુ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. આજના દિવસે સૌથી વધુ આવક ઘઉં અને ચણાની થઈ છે, જેમાં ૧,૩૦,૦૦૦ મણ ઘઉં અને ૧,૦૦,૦૦૦ મણ ચણાની આવક સાથે યાર્ડમાં જણસીના પહાડ જેવા ઢગલા ખડકાયા હતા.

રવિ પાકની સીઝન પૂરબહારમાં ખીલી હોય તેમ અન્ય જણસીઓની પણ નોંધપાત્ર આવક થઈ હતી. જેમાં મેથી ૧૧,૦૦૦ મણ, તુવેર ૭,૨૦૦ મણ, વટાણા ૬,૩૦૦ મણ, ધાણા ૫,૦૦૦ મણ તેમજ રાય-રાયડો ૪,૫૦૦ મણની આવક નોંધાઈ હતી. આ ઉપરાંત કલોંજી, મગફળી અને કપાસ જેવી જણસીઓ પણ પ્રત્યેક ૪,૦૦૦ મણથી વધુ પ્રમાણમાં યાર્ડમાં ઠલવાઈ હતી. સફેદ તલ, વરિયાળી, જીરું, એરંડા અને લસણ ભરેલા વાહનોને પણ ક્રમવાર પ્રવેશ આપી હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. યાર્ડમાં વાહનોના ભારે ધસારાને પહોંચી વળવા માટે રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, વાઈસ ચેરમેન તથા ડિરેક્ટરઓ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. તમામ સ્ટાફને ખડેપગે રાખીને ખેડૂતોને હાલાકી ન પડે તે રીતે માલની ઉતરાઈ કરાવવામાં આવી હતી. ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળે અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે યાર્ડનું વહીવટી તંત્ર સતત કાર્યરત રહ્યું હતું.

# અક્ષય તૃતીયા રવિવારે: વણજોયા મુહૂર્ત સાથે સોનાની ખરીદી અને શુભ કાર્યો માટે સર્વોત્તમ દિવસ

## તિથિના ગણિત મુજબ સોમવારને બદલે રવિવારે જ અખાત્રીજ મનાવવી શાસ્ત્રસંમત: જપ-તપ અને દાનથી પ્રાપ્ત થશે અખંડ પૂણ્ય

**અબતક રાજકોટ**

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં વર્ષના ચાર સૌથી શ્રેષ્ઠ અને વણજોયા મુહૂર્તોમાં જેની ગણના થાય છે તેવું ’અક્ષય તૃતીયા’ એટલે કે અખાત્રીજનું મહાપર્વ આ વર્ષે રવિવારના રોજ મનાવવામાં આવશે. જ્યોતિષ અને પંચાંગના નિયમો અનુસાર, સોમવારે સવારે ૦૭:૨૭ કલાકે જ ત્રીજ તિથિ પૂર્ણ થઈ જતી હોવાથી અને સૂર્યોદયથી છ ઘડી સુધી તિથિ રહેતી ન હોવાથી રવિવારનો આખો દિવસ આ પવિત્ર પર્વ માટે શ્રેષ્ઠ ઠરે છે. સોમવારે ચોથ તિથિનો ક્ષય હોવાથી તે દિવસે ગણેશ ચોથની ઉજવણી કરવામાં આવશે.

અખાત્રીજનો દિવસ સ્વયંસિદ્ધ મુહૂર્ત ગણાય છે. આ દિવસે લગ્ન, સગાઈ, વાસ્તુ, નવચંડી હવન, ખાતમુહૂર્ત કે નવી દુકાન અને વ્યાપારના શ્રીગણેશ કરવા માટે ચંદ્રબળ કે ગ્રહબળ જોવાની આવશ્યકતા રહેતી નથી. આ દિવસે કરેલા કોઈપણ શુભ કાર્યનું ફળ ’અક્ષય’ એટલે કે જેનો ક્યારેય નાશ ન થાય તેવું રહે છે. ખાસ કરીને સોના-ચાંદીના દાગીના, નવા વાહન, જમીન-મકાન કે જીવનજરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે આ દિવસ અત્યંત ફળદાયી માનવામાં આવે છે.

### અખાત્રીજના દિવસના શુભમુહૂર્તની યાદી

**દિવસના શુભ ચોઘડિયા**

| | |
|---|---|
| ચલ | ૮.૦૦ થી ૯.૩૬ |
| લાભ | ૯.૩૬.થી ૧૧.૧૧ |
| અમૃત | ૧૧.૧૧થી ૧૨.૪૬ બોપોર |
| શુભ | ૨.૨૧ થી ૩.૫૭ બપોરે |

**અભિજીત મુહૂર્ત**

૧૨.૨૧ થી ૧.૧૨ બપોરે



**રાત્રિના શુભ ચોઘડિયા**

| | |
|---|---|
| શુભ | ૦૭.૦૭ થી ૮.૩૨ |
| અમૃત | ૮.૩૨ થી ૯.૫૬ |
| ચલ | ૯.૫૬ થી ૧૧.૨૧ |

**સાંજે પ્રર્દોષ કાળનો શુભ સમય**

૭.૦૭ થી. ૯.૨૦

સંકલન: શાસ્ત્રી રાજદીપ જોશી

### ભગવાન પરશુરામ પ્રાગટ્ય અને ચારધામ યાત્રાનો પ્રારંભ

આ પવિત્ર દિવસે ભગવાન વિષ્ણુના અવતાર અને સપ્ત ચિરંજીવી પૈકીના એક એવા ભગવાન પરશુરામજીનું પ્રાગટ્ય થયું હતું, તેથી પરશુરામ પૂજનનું વિશેષ મહત્વ છે. આ સાથે જ આજથી પવિત્ર ચારધામ યાત્રાનો પ્રારંભ પણ થાય છે. શાસ્ત્રોક્ત માન્યતા મુજબ આ દિવસે જ ત્રેતાયુગનો પ્રારંભ થયો હતો. ભગવાન વિષ્ણુ અને શાલીગ્રામનું જળથી પૂજન તેમજ સત્યનારાયણની કથા કરવાથી જીવનમાં સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે.

### સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ અને દાનનો મહિમા

આર્થિક સમૃદ્ધિ માટે અખાત્રીજના દિવસે શ્રી યંત્ર ઉપર સાકરવાળા દૂધથી ‘ૐ મહાલક્ષ્મી નમઃ’ મંત્ર અથવા શ્રી સૂક્તના પાઠ સાથે અભિષેક કરવો ઉત્તમ માનવામાં આવે છે. દાનનો મહિમા વર્ણવતા જ્યોતિષીઓએ જણાવ્યું છે કે, આ દિવસે પાણી ભરેલા ઘડાનું દાન કરવું અને ગાયોને ઘાસચારો નાખવો એ આજીવન પુણ્ય અપાવનારું કાર્ય છે. આ દિવસે કરવામાં આવેલા જપ અને દાન ક્યારેય વ્યર્થ જતાં નથી.

સ્પોર્ટ્સ અબતક

પંજાબના ''શેરો'' ટોચ પર

# મુંબઈ ઈન્ડિયન્સ સામે પંજાબનો ''કિંગ્સ'' સાઈઝ વિજય

## ક્વિન્ટન ડી કોકની સદી છતાં મુંબઈનો સાત વિકેટે કારમો પરાજય, પ્રભસિમરન અને કેપ્ટન શ્રેયસ ઐયરની શાનદાર બેટિંગ



અબતક, રાજકોટ

ઓપનર ક્વિન્ટન ડી કોકે શાનદાર સદી ફટકારી હોવા છતાં બાકીના બેટર્સની નિષ્ફળતા અને ખ્યાતનામ બોલર્સની દિશાહીન બોલિંગ સાથેની નિષ્ફળતાને પરિણામે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સને ફરી એક વાર પરાજયનો સામનો કરવો પડ્યો હતો. પંજાબ કિંગ્સ સામેની લીગ મેચમાં તેનો સાત વિકેટે શરમજનક પરાજય થયો હતો. આમ પંજાબે આ સફળતા સાથે આ સિઝનમાં તેની વિજયકૂચ જાળવી રાખી હતી તો મુંબઈનો આ ચોથો પરાજય હતો.પંજાબ કિંગ્સ માટે ઓપનર પ્રભસિમરન સિંઘ અને કેપ્ટન શ્રેયસ ઐયરે મજબૂત બેટિંગ કરીને ટીમનો વિજય આસાન બનાવી દીધો હતો.

અહીંના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૫ રનનો નોંધપાત્ર સ્કોર રજૂ કર્યો હતો પરંતુ તેની બોલિંગની નબળાઈ આ વખતે પણ છતી થઈ ગઈ હતી કેમ કે પંજાબ કિંગ્સે માત્ર ૧૬.૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. આ સાથે પંજાબ પોઈન્ટ ટેબલમાં નવ પોઈન્ટ સાથે મોખરે પહોંચી ગયું હતું. ૧૯૬ રનના ટારગેટ સામે રમતાં પંજાબ કિંગ્સે પ્રિયાંશ આર્યા (૧૫) અને કૂપર કોનોલી (૧૭)ની વિકેટ શરૂઆતમાં જ ગુમાવી દીધી હતી પરંતુ પ્રભસિમરન અને શ્રેયસ ઐયરે મળીને ત્રીજી વિકેટ માટે ૬૬ બોલમાં ૧૩૯ રનની ભાગીદારી નોંધાવીને ટીમને આસાનીથી ટારગેટની નજીક પહોંચાડી દીધી હતી. પ્રભસિમરન ૩૯ બોલમાં બે સિક્સર અને ૧૧ ચોગ્ગા સાથે અણનમ ૮૦ રન ફટકાર્યા હતા.કેપ્ટન શ્રેયસ ઐયરે ૩૫ બોલમાં ચાર સિક્સર અને પાંચ ચોગ્ગા સાથે ૬૬ રન ફટકાર્યા હતા. તેની વિકેટ પડી ત્યારે પંજાબનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો.

મુબઈ માટે આ મેચમાં પણ જસપ્રિત બુમરાહ એકેય વિકેટ લઈ શક્યો ન હતો.અગાઉ ક્વિન્ટન ડી કોકની શાનદાર સદી અને નમન ધીર સાથેની તેની સદીની ભાગીદારીથી મુંબઈ ઈન્ડિયન્સે પડકારજનક સ્કોર રજૂ કર્યો હતો. પ્રારંભમાં જ ૧૨ રનમાં બે વિકેટ ગુમાવી દીધા બાદ ડી કોક અને નમને મળીને ત્રીજી વિકેટ માટે ૬૮ બોલમાં ૧૨૨ રનની ભાગીદારી નોંધાવી હતી.

જેણે મુંબઈની ઈનિંગ્સને મજબૂતી પ્રદાન કરી હતી. સિઝનમાં અત્યાર સુધી પ્લેઈંગ ઈલેવનમાં પણ સ્થાન નહીં મેળવી શકનારા ક્વિન્ટન ડી કોકને ઓપનર રોહિત શર્મા ઘાયલ થતાં ટીમમાં સામેલ કરાયો હતો જેનો તેણે ભરપુર ફાયદો ઉઠાવ્યો હતો. તેણે માત્ર ૬૦ બોલમાં આઠ ચોગ્ગા અને સાત સિક્સર સાથે અણનમ ૧૧૨ રન ફટકાર્યા હતા તો નન ધીરે પણ એવી જ શાનદાર બેટિંગ કરીને ૩૧ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગાનો સમાવેશ થતો હતો.

ક્વિન્ટન ડી કોક માટે ૨૦૨૨ બાદ આઈપીએલમાં આ પ્રથમ સદી હતી.

### હું કઈ જાજું કેવા માંગતો નથી: હાર્દિક પંડ્યા


મુંબઈ ઈન્ડિયન્સની હાલત આ સીઝનમાં દયાજનક બની ગઈ છે. પંજાબ કિંગ્સ સામેની શરમજનક હાર બાદ કેપ્ટન હાર્દિક પંડ્યાનો પિત્તો ગયો છે. પંડ્યાએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે હવે ટીમમાં 'નામ' જોઈને નહીં પણ 'કામ' જોઈને જગ્યા મળશે અને નિષ્ફળ ગયેલા દિગ્ગજોને બહારનો રસ્તો દેખાડવામાં આવશે.મેચ બાદ હાર્દિક પંડ્યાએ પોતાની નારાજગી છુપાવી નહોતી. તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, અમારે જોવું પડશે કે શું હવે કઠિન નિર્ણયો લેવાની જરૂર છે કે પછી અમે આમ જ ચાલતા રહીશું. આ સવાલોના જવાબ અમારે જ આપવા પડશે અને જવાબદારી પણ લેવી પડશે. પંડ્યાએ સ્વીકાર્યું કે પંજાબે દરેક વિભાગમાં મુંબઈને પછાડ્યું છે.

### શ્રેયસના અદભુત કેચે રોહિત સૂર્યાનું મોં ખુલ્લું રાખી દીધું



શ્રેયસ ઐયરે તેના સાથી ઝેવિયર બાર્ટલેટ સાથે મળીને બાઉન્ડ્રી લાઈન પર એક અદ્ભુત કેચ પકડ્યો. બાઉન્ડ્રી પર શ્રેયસ ઐયર દ્વારા બતાવેલ ચપળતા જોઈને મુંબઈ ઈન્ડિયન્સના ડગઆઉટમાં હાજર રોહિત શર્મા પણ આશ્ચર્યચકિત થઈ ગયો. રોહિતે આપેલી પ્રતિક્રિયા વાયરલ થઈ રહી છે.આ કેચથી વાનખેડે સ્ટેડિયમમાં શાંતિ છવાઈ ગઈ. મુંબઈ ઈન્ડિયન્સના ડગઆઉટમાં બેઠેલા સૂર્યકુમાર યાદવ અને રોહિત શર્માની પ્રતિક્રિયાઓ પરથી જાણવા મળ્યું કે તેઓ પણ ઐયરની ફિલ્ડિંગથી આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સૂર્યા અને રોહિત આ શાનદાર ફિલ્ડિંગથી દંગ રહી ગયા.આઉટ થયા પછી હાર્દિક પંડ્યા પોતે પણ આશ્ચર્યચકિત થઈ ગયો. ૧૪ રનની ઈનિંગ રમીને તેને પાછો ફરવો પડ્યો. કેચ પૂર્ણ કર્યા પછી શ્રેયસ ઐયર ઉભા થયો, ભીડ તરફ ઈશારો કર્યો અને ખૂબ જ ઉત્સાહથી કેચની ઉજવણી કરી.

### બુમરાહની ''બૂમ'' પડી પાંચ મેચ છતાં ઝીરો વિકેટ



ભારતીય ક્રિકેટના સ્ટાર પેસર જસપ્રીત બુમરાહ માટે આઈપીએલ ૨૦૨૬ની શરૂઆત અપેક્ષા કરતાં ઘણી અલગ અને પડકારજનક રહી છે. જેવા વિશ્વકક્ષાના બોલર માટે અસાધારણ ઘટના છે. આ તેમની આઈપીએલ કરિયરની સૌથી લાંબી વિકેટવિહોણી સિરીઝ બની ગઈ છે.બુમરાહે આઈપીએલની આ સીઝનમાં કુલ મળીને છેલ્લા ૧૨૨ બોલમાં બુમરાહને એક પણ વિકેટ મળી નથી, જે તેમની આઈપીએલ કરિયરમાં અત્યાર સુધીનો સૌથી લાંબો ડ્રાય સ્પેલ છે. પહેલાં ૨૦૧૪માં તેમણે ચાર મેચમાં વિકેટ વિનાનું પ્રદર્શન કર્યું હતું.બુમરાહ હજુ પણ રન આપવામાં નિયંત્રણ રાખી રહ્યા છે. આઈપીએલના હાઈ-સ્કોરિંગ વાતાવરણમાં ૮ રન પ્રતિ ઓવરની આસપાસની ઈકોનોમી ઘણા બોલરો માટે સારી ગણાય. ડેલ સ્ટેઈન જેવા પૂર્વ ફાસ્ટ બોલરે પણ કહ્યું કે આવા આંકડા સામે તમે દરરોજ આવા ફિગર્સ લેવા તૈયાર થઈ જાઓ. છતાં વિકેટ ન મળવું મુંબઈ ઈન્ડિયન્સની બોલિંગ અને ટીમના પર્ફોર્મન્સને અસર કરી રહ્યું છે. મુંબઈ અત્યારે પોઈન્ટ્સ ટેબલમાં નીચેના ક્રમે છે અને તેમની છેલ્લી કેટલીક મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

### મુંબઈ પોઈન્ટ ટેબલમાં નવમાં સ્થાને પહોંચ્યું!

લગાતાર હારને કારણે મુંબઈ હવે પોઈન્ટ ટેબલમાં નવમા નંબરે છે. જો હવે પછીની એક-બે મેચમાં કમબેક નહીં થાય, તો પ્લેઓફની રેસમાંથી બહાર થવું લગભગ નક્કી છે. પંડ્યા હવે 'ડ્રોઈંગ બોર્ડ' પર જઈને આખી પ્લાનિંગ બદલવાની તૈયારીમાં છે.

# વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા જય શાહની 'યંગ ગ્લોબલ લીડર ૨૦૨૬' તરીકે વરણી

## વિશ્વના ૫૫ દેશના ૧૧૮ યુવા નેતાઓમાં જય શાહ સામેલ થયા

અબતક, રાજકોટ

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ના ચેરમેન જય શાહનો પ્રતિષ્ઠિત 'યંગ ગ્લોબલ લીડર્સ ક્લાસ ઓફ ૨૦૨૬' માં સમાવેશ કરવામાં આવ્યો છે. વૈશ્વિક ક્રિકેટના ભવિષ્યને નવો ઓપ આપવા અને રમતના વ્યાપને વધારવામાં તેમની મહત્વની ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ સન્માન આપવામાં આવ્યું છે.આઈસીસીના ચેરમેન બનતા અગાઉ જય શાહે ક્રિકેટના સંચાલનમાં નોંધપાત્ર કામગીરી કરી હતી. જય શાહે બીસીસીઆઈના સૌથી નાની વયના સેક્રેટરી તરીકે તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત આઈપીએલના સંચાલન અને મીડિયા અધિકારોના ઐતિહાસિક સોદાઓમાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. ભારતમાં મહિલા ક્રિકેટના વિકાસ અને તેને વ્યવસાયિક સ્તરે લઈ જવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે.



૨૦૨૮ની લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટના સમાવેશ પાછળ પણ જય શાહ એક મહત્વના સૂત્રધાર રહ્યા છે. એક અખબારી નિવેદન મુજબ શાહની આ પસંદગી આંતરરાષ્ટ્રીય રમતગમત વહીવટમાં તેમના વધતા પ્રભાવને સાબિત કરે છે.

આઈસીસીના ચેરમેન તરીકે તેમનું ધ્યાન મુખ્યત્વે ક્રિકેટનો વૈશ્વિક વ્યાપ વધારવો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી મજબૂત કરવા જેવી બાબતો અને ઉભરતા બજારોમાં ક્રિકેટના લાંબા ગાળાના વિકાસ માટે મજબૂત પાયો તૈયાર કરવા અંગેની રહી છે. 'યંગ ગ્લોબલ લીડર્સ' સમુદાયમાં દેશના ૪૦ વર્ષથી ઓછી વયના ૧૧૮ નેતાઓનો સમાવેશ થાય છે. આ વૈવિધ્યસભર જૂથમાં જાહેર સેવા, વિજ્ઞાન, વ્યવસાય અને સંસ્કૃતિ જેવા ક્ષેત્રોના અગ્રણીઓ સામેલ છે. આ વર્ષની યાદીમાં નોર્ડ સિક્યુરિટીના ટોમાસ ઓકમાનસ,ના જેનિફર ઝાંગ અને પ્રોફેસર સેલી નુઆમા જેવા વૈશ્વિક ચહેરાઓનો પણ સમાવેશ કરાયો છે.આસન્માન દ્વારા જય શાહ વિશ્વના એવા પ્રભાવશાળી નેતાઓના નેટવર્કમાં જોડાયા છે જેઓ વિવિધ ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન લાવી રહ્યા છે જે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની મજબૂત હાજરીને પણ દર્શાવે છે.

# માહી આવતા સપ્તાહથી ચેન્નાઈ સાથે જોડાશે

## ફાસ્ટ બોલર ખલીલ અહમદ સ્નાયુઓમાં ખેંચાણને કારણે આઈપીએલ ટુર્નામેન્ટમાંથી બહાર



### પેટ કમિન્સને મળી લીલીઝંડી, ટૂંક સમયમાં હૈદરાબાદની ટીમ સાથે જોડાશે

સનરાઈઝર્સ હૈદરાબાદે પેટ કમિન્સને તેમના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. પરંતુ કમરની સમસ્યાને કારણે તે હજુ સુધી કોઈ મેચ રમી શક્યો નથી. હવે એવું બહાર આવ્યું છે કે તે સ્વસ્થ થઈ ગયો છે અને ભારત પાછા ફરવાની તૈયારી કરી રહ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ પેટ કમિન્સ બોલિંગ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. એવું કહેવામાં આવ્યું છે કે તે આજે ભારત આવશે અને ટીમમાં જોડાશે. પરંતુ તે હજુ પણ કોઈ મેચ રમશે નહીં. મીડિયા રિપોર્ટ મુજબ બુધવારે સિડનીમાં કરવામાં આવેલા સ્કેનથી જાણવા મળ્યું છે કે તે તેની કમરની સમસ્યામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયો છે.

અબતક, રાજકોટ


ચેન્નાઈ સુપર કિંગ્સના ચાહકો માટે એક સારા સમાચાર આવ્યા છે. આઈપીએલ ૨૦૨૬માં અત્યાર સુધી ઈજાને કારણે મેદાનથી દૂર રહેલા મહેન્દ્રસિંહ ધોની આવતા અઠવાડિયે ફરીથી એક્શનમાં જોવા મળી શકે છે. સૂત્રો અનુસાર, ધોનીની રિહેબિલિટેશન પ્રક્રિયા સારી રીતે આગળ વધી રહી છે અને તેઓ ૨૩ એપ્રિલે મુંબઈ ઈન્ડિયન્સ સામે અથવા ૨૬ એપ્રિલે ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં ઉપલબ્ધ થઈ શકે છે.

આઈપીએલની શરૂઆત પહેલાં પ્રેક્ટિસ દરમિયાન ધોનીને મસલ (પગની પિંડી)માં ઈજા થઈ હતી. આ ઈજાને કારણે તેઓ સીઝનના પ્રથમ ત્રણ અઠવાડિયા માટે બહાર રહ્યા હતા. સીએસકેએ આગળ જણાવ્યું હતું કે ધોનીની ફિટનેસને લઈને કોઈ જોખમ લેવામાં આવશે નહીં. તેઓ હાલમાં રિહેબ કરી રહ્યા છે અને નેટ્સમાં બેટિંગની પ્રેક્ટિસ પણ કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી પૂરેપૂરી મેચ ફિટનેસ મેળવી નથી.

બીજીબાજુ ચેન્નાઈ સુપર કિંગ્સના ફાસ્ટ બોલર ખલીલ અહમદ સ્નાયુઓમાં ખેંચાણને કારણે આઈપીએલ સીઝનની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે.ચેન્નાઈ તેના અભિયાનને પાટા પર લાવવાનો પ્રયાસ કરી રહી છે અને ખલીલ અહમદની ગેરહાજરી ફ્રેન્ચાઈઝ માટે મોટો ઝટકો છે. ટીમે અત્યાર સુધી તેની પાંચ મેચોમાંથી બે જીતી છે અને ત્રણ હારી છે.

# કોલકતા માટે દરેક મેચ ''કરો યા મરો'': સાંજે ગુજરાત ટાઈટન્સ સામે ટક્કર

## ગુજરાતની ટીમ પ્રથમ બે મેચ હાર્યા બાદ સળંગ બે મેચ જીતી ચૂકી છે ત્યારે આજે પોતાના હોમગ્રાઉન્ડ પર વિજયની હેટ્રિક માટે રમશે



અબતક, રાજકોટ

ઈન્ડિયન પ્રીમિયર લીગ ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ મેદાનમાં ઉતરશે ત્યારે તેમનો એક માત્ર લક્ષ્ય સતત થઈ રહેલા પરાજયના સિલસિલાને તોડીને પોતાની સ્થિતિ મજબૂત કરવાનો હશે. જોકે તેમની સામે પડકાર આસાન નથી કેમ કે તેમની ટક્કર ફોર્મમાં પરત ફરેલી અને આત્મવિશ્વાસથી છલોછલ ગુજરાત ટાઈટન્સ સામે થનારી છે. સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે.ગુજરાતની ટીમ પ્રથમ બે મેચ હાર્યા બાદ સળંગ બે મેચ જીતી ચૂકી છે આમ તે શુક્રવારે પોતાના હોમગ્રાઉન્ડ પર વિજયની હેટ્રિક માટે રમશે. બીજી તરફ કોલકાતાની ટીમ હજી સુધી એકેય મેચ જીતી શકી નથી. આમ તે હવે વર્તમાન સિઝનમાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે રમશે. આ બંને ટીમની પરિસ્થિતિ અલગ અલગ છે પરંતુ ઈરાદો એક જ છે આ મેચ જીતવાનો અને આ માટે બેમાંથી એકેય ટીમ મચક આપવા તૈયાર હશે નહીં જેને કારણે મુકાબલો રોમાંચક બની શકે છે.કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણે અને કોચ અભિષેક નાયરના માર્ગદર્શન હેઠળ ટીમ હાલમાં દિશાહીન જણાય છે. છેલ્લી પાંચમાંથી ચાર મેચમાં પરાજયનો હારનો સામનો કરનારી કોલકાતા હજી પણ સિઝનની પ્રથમ જીતની શોધમાં છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ હર્ષિત રાણા અને આકાશ દીપની ઈજા તેમજ બીસીસીઆઈની સૂચનાથી મુસ્તફિઝુર રહેમાનને રીલીઝ કરવાને કારણે ટીમનું બોલિંગ આક્રમણ નબળું પડી ગયું છે.જોકે સૌથી ચિંતાજનક બાબત સ્પિન જોડી સુનીલ નારાયણ અને વરુણ ચક્રવર્તીનું ખરાબ ફોર્મ છે. ખાસ કરીને વરુણ ચક્રવર્તી હજી પણ સંઘર્ષ કરી રહ્યો છે અને આ સિઝનમાં તેને એક પણ વિકેટ મળી નથી.નાઈટ રાઈડર્સની મુશ્કેલીઓમાં તેના મેનેજમેન્ટની ખોટી રણનીતિએ વધારો કર્યો છે. ટીમ મેનેજમેન્ટે રચિન રવિન્દ્ર અને ટિમ સેફર્ટ જેવા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનની બહાર રાખતા અનેક સવાલો ઉભા થયા છે. તે સિવાય ટોસ જીત્યા પછીના નિર્ણયો પણ આશ્ચર્યજનક રહ્યા છે. પંજાબ કિંગ્સ સામે વરસાદી વાતાવરણમાં પ્રથમ બેટિંગ પસંદ કરી હતી તો ચેન્નાઈ સુપર કિંગ્સ સામે બોલરોને મદદરૂપ પિચ પર પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો ત્યારે વરસાદ વિલન બની ગયો હતો. રેકોર્ડબ્રેક ₹૨૫.૨૦ કરોડમાં આન્દ્રે રસેલની ખોટ પૂરવા માટે ખરીદવામાં આવેલો કેમરૂન ગ્રીન હજી સુધી પોતાની કિંમત વસૂલ થાય કેવું પ્રદર્શન કરી શક્યો નથી. પાંચ ઈનિંગ્સમાં માત્ર ૫૬ રન અને બોલિંગમાં નહિવત પ્રભાવને કારણે ટીમની મધ્યમ ક્રમની ચિંતા વધી છે. મનીષ પાંડે અને રાહુલ ત્રિપાઠી જેવા અનુભવી ભારતીય બેટ્સમેનો હજી પણ બેન્ચ પર બેઠા છે. તેમને એકેય મેચમાં તક આપવામાં આવી નથી.બીજી તરફ ગુજરાત ટાઈટન્સની ટીમ અત્યારે ખૂબ જ સંતુલિત દેખાઈ રહી છે.કોલકાતા માટે હવે દરેક મેચ 'કરો અથવા મરો' જેવી છે. તેમને ૨૦૧૫માં મુંબઈ ઈન્ડિયન્સે જે રીતે પ્રથમ છમાંથી પાંચ મેચ હાર્યા બાદ ટાઈટલ જીત્યું હતું તેવા જ કોઈ ચમત્કારની જરૂર છે.



# જેતપુરના બળદેવધારમાં ધાર્મિક પ્રસંગમાં બે મહિલાના સોનાના ચેઈનની ચોરી

## પ્રસંગ દરમિયાન ૨૦૦૦થી વધુ લોકો એકત્ર થયા હતાં: જેતપુરની મહિલાના ત્રણ લાખના, ધોરાજીની મહિલાના ૧ લાખના ચેન ચોરાયા

**અબતક, રાજકોટ**

જેતપુરના બળદેવધારમાં ધાર્મિક પ્રસંગ દરમિયાન ભીડનો લાભ લઈ બે મહિલાના સોનાના ચેન કિં.રૂ ૪ લાખ કોઈ સેરવી ગયા અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.


જેતપુરમાં ચામુંડા ચોક પાસે ભાદરના સામાકાંઠે રહેતા રાજીબેન રાજશીભાઈ ઓડેદરા (ઉ.વ. ૫૦) નામના મહિલાએ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૩/૪ ના તેઓ બળદેવધારમાં આવેલ રામાપીરના મંદિરના બે જોડિયા સ્તંભ ઉભા કરવાનુ આયોજન બળદેવધારમાં પીરબાપાની દરગાહ પાસે આવેલ ખેતરમાં કરવામાં આવ્યું હતું. ત્યાં મહિલા તેના પતિ, પુત્ર અને પુત્રવધુ તથા પૌત્રી સહિતના અલગ અલગ બે વાહનમાં સવારના ૭:૩૦ વાગ્યા આસપાસ ગયા હતા.

અહીં રામાપીરનો સ્તંભ ઉભો કરેલ હોય ત્યાં ખેતરમાં આશરે ૨૦૦૦ જેટલા માણસો ભેગા થયા હતા. મહિલા તેની પુત્રવધુ અને પૌત્રી ત્રણેય સ્તંભને સવારના આઠેક વાગ્યે પગે લાગી પરિવારના સભ્યો ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે મહિલાએ ગળામાં જોતા તેમણે પહેરેલ સોનાનો ચેન જે આશરે ૩૦ ગ્રામનો હોય તે જોવા મળ્યો ન હતો. જેથી આ બાબતે તુરંત પુત્ર અને પુત્રવધુને તથા પતિને વાત કરી હતી જેથી અહીં આસપાસ તેઓ ચેન શોધવા લાગ્યા હતા. પરંતુ ચેન મળ્યો ન હતો.

મહિલા અને તેના પરિવારજનો ચેન શોધતા હતા તેવામાં અન્ય એક મહિલા પણ કહેતા હતા કે મારો ચેન પણ કોઈ કાઢી ગયું છે જેથી તેમને પૂછતા તેણે કહ્યું હતું કે હું સવારના ૭:૩૦ વાગ્યે અહીં આવી હતી અને સ્તંભને પગે લાગીને બહાર નીકળતી હતી. ત્યારે ગળામાં જોતા મેં પહેલ રૂપિયા એક લાખની કિંમતનું ચેન કોઈ કાઢી ગયું છે આ મહિલાનું નામ સુમિતાબેન અતુલભાઈ વાઘીયા (રહે. ધોરાજી) હોવાનુ માલુમ પડ્યું હતું.આમ જેતપુરના બળદેવધારમાં ધાર્મિક પ્રસંગ દરમિયાન ફરિયાદીનો રૂ. ૩ લાખની કિંમતનો ચેન તથા ધોરાજીના મહિલા સુમિતાબેનનો રૂ. ૧ લાખની કિંમતનો ચેન કોઈ શખસો ભીડનો લાભ સેરવી ગયા હતા. જે અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# રૂ.૨૬.૫૦ કરોડની ઉચાપતમાં બેંક કર્મચારી સહિત બેના જામીન રદ

## મહિલાના સ્વાંગમાં સોશિયલ મીડિયામાં સંપર્ક કરી રોકાણથી બે કરોડ નફો થયો હોવાનું કહી વધુ નફો મેળવવા મ્યુલ એકાઉન્ટ દ્વારા રકમ ટ્રાન્સફર કરી



સરકારી વકીલ સંજયભાઈ વોરા

**અબતક, રાજકોટ**

મહિલાના સ્વાંગમાં સોશિયલ મીડિયામાં સંપર્ક કરી ધંધામાં રોકાણથી રૂપિયા બે કરોડ નફો થયો હોવાની અને વધુ નફો મેળવવા જુદા જુદા સમયે કુલ ૨૬.૫૦ કરોડ જમા કરાવી જુદા જુદા મ્યુલ એકાઉન્ટ દ્વારા ટ્રાન્સફર કરી ઉચાપત કરી જવામાં જેલહવાલે થયેલા એચડીએફસી બેંક કર્મચારી અને તેના એજન્ટની ચાર્જશીટ પછીની જામીન અરજીઓ અદાલતે ફગાવી દીધી છે.

આ અંગેની હકિકત એવા પ્રકારની છે કે, બીઝનેસમેન જીતેન્દ્રભાઈ મુળજીભાઈ અકબરી સાથે મેઘના ગુપ્તા નામધારી મહિલાએ ફેસબુકથી સંપર્ક કરી લિંક મોકલી રૂા.૪૩,૫૦૦/- ની રકમ ‘‘વર્ચ્યુલ વોલેટ‘‘ માં બતાવી તેની ઉપર નફાની રકમ ચડાવી આ રકમ વિથડ્રો કરવા માટે અલગ અલગ ચાર્જિસ ડિપોઝીટ કરાવેલ. ત્યારબાદ આ રકમ ઉપર જીતેન્દ્રભાઈને થતા નફાની રકમ ૨ (બે) કરોડ બતાવી આ રકમ વિથડ્રો કરવા માટે જુદી જુદી રીતે કુલ સાડા ચોવીસ કરોડ જીતેન્દ્રભાઈ પાસે જમા કરાવેલ. આ રીતે કુલ સાડા છવીસ કરોડની રકમ ફરીયાદી પાસે જમા કરાવ્યા બાદ નફા ઉપર થતા ઈન્કમટેક્ષની રકમ પણ જમા કરાવડાવેલ. ત્યારબાદ બાદ એક પણ પાઈ જીતેન્દ્રભાઈ અકબરીને ન મળતા તેમણે સી.આઈ.ડી. સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરી હતી. આ ફરીયાદની તપાસ દરમ્યાન ધ્યાનમાં આવેલ કે, મેઘના ગુપ્તા નામધારી મહિલાએ અનેક લોકોને ઉંચા વ્યાજ અને નફાની લાલચો આપી કરોડો રૂપિયા ડિપોઝીટ કરાવ્યા હોવાનું અને આવી કરોડો રૂપિયાની રકમ ૨૫થી વધુ વ્યકિતઓના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થાય છે. આ ખાતાધારકની પુછપરછ કરતા તપાસનીશ અમલદારને જાણવા મળેલ કે એચડીએફસી બેન્કના કર્મચારી આસીફ અમીનભાઈ થઈમ અને હિરેન રમેશભાઈ પિત્રોડાના નામ પોતાના ઓળખીતા મિત્રોના નામે વિવિધ બેંકોમાં ખાતાઓ ખોલાવી સાઈબર ક્રાઈમની આવી કરોડોની રકમ આ ખાતાઓમાં ટ્રાન્સફર કરી આ રકમો વિથડ્રો કરી લે છે. આવી રીતે રકમ વિથડ્રો કર્યા બાદ તેઓ પોતાના માલિકોને આ રકમ મોકલી લાખો રૂપિયાનું કમિશન મેળવે છે. સીઆઈડી ક્રાઈમ પોલીસે બંનેની ધરપકડ બાદ ધોરણસરની કાર્યવાહી બાદ જેલ હવાલે થયા હતા. આસિફ થઈમ અને હિરેન પિત્રોડાએ જામીનઅરજી કરી હતી, જેના સમર્થનમાં રજુઆત કરેલ હતી કે, ફરીયાદમાં આરોપીઓના નામ નથી તેમજ તેઓએ કમિશન પેટે કોઈ રકમ મેળવેલ હોય તેવો સ્પષ્ટ પુરાવો નથી, તેથી ચાર્જશીટ બાદ બંને આરોપીઓને જામીન મુકત કરવા જોઈએ. જે સામે સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતું કે, બેંકના કર્મચારી તરીકે કોઈના નામના બેંક ખાતા ખોલાવી તેમાં રહેલ રકમ અલગ અલગ વ્યક્તિઓ મારફત વિથડ્રો કરાવવાની કાર્યવાહી દેખીતી રીતે ગુનાહીત જણાય છે. અનેક વ્યકિતઓના કરોડો રૂપિયાની ઉચાપત થયેલ હોય ત્યારે ફરીયાદમાં નામ ન હોવાનું કોઈ મહત્વ નથી. સાઈબર ક્રાઈમમાં કૌભાંડકારોના કયારેય નામ નથી હોતા. આ તમામ રજુઆતોને ધ્યાનમાં લઈ બંને આરોપીઓ બેંક કર્મચારી આસીફ અમીનભાઈ થઈમ અને એજન્ટ હિરેન રમેશભાઈ પિત્રોડાની ચાર્જશીટ બાદની જામીન અરજી અધિક સેશન્સ જજ પી. જે. કાયસ્થે ફગાવી દીધી છે. આ કામમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# લીલીયાના સનાળીયા ગામે બાઈકના હપ્તાની ઉઘરાણીના મામલે નવાણીયાની હત્યા

## મૃતકના પિતરાઈએ આરોપી અજયના ડોક્યુમેન્ટથી બાઈક ખરીદી કરેલ જેમાં મૃતક સાહેદ તરીકે હોય અને યુવરાજએ આપેલ પૈસા આરોપી જમા ન કરતો હોવાનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના સનારીયા ગામે રહેતા મહેન્દ્રભાઈ ધનસુખભાઈ ધીમેચા ઉંમર વર્ષ ૨૪ વર્ષીય યુવાન પર પૈસાની લેતી દેતી બાબતે છ શખ્સો દ્વારા કુહાડી, ધોકા, લાકડા દ્વારા હિચકારો હુમલો કરતા ઈજાગ્રસ્તને સારવાર અર્થે લીલીયા અમરેલી થી રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. જેનું ગઈકાલે સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યા માં પલટાતા ઘટના સ્થળે લીલીયા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લાના સનાળીયા ગામે રહેતો અને દવાની કંપનીમાં સેલ્સમેન તરીકે કામ કરતો મહેન્દ્રભાઈ ધનસુખભાઈ ધીમેચા ઉંમર વર્ષ ૨૪ વર્ષે યુવાન ના મોટાબાપુ ના દીકરા યુવરાજભાઈ ભરતભાઈ ધિમેંચા એ પોતાનું મોટરસાયકલ સનાળીયા ગામે રહેતા અજય ભાઈ ભીખાભાઈ મકવાણા નામે લીધેલ હોય અને સાક્ષી તરીકે મહેન્દ્ર ધીમેચા રાખેલ હોય જે બાબતે યુવરાજ દ્વારા અજય મકવાણા દર મહિને હપ્તો મોકલતો હોય અને અજય મકવાણા તે પૈસા વાપરી નાખતા હોવાના આક્ષેપ બાબતે સામાન્ય ઝઘડો થયો



હતો ગત ૧૨ ના રોજ સનારીયા ગામમાં રહેતા આરોપી સાગર ભીખા મકવાણા, પ્રકાશ ખોડા મકવાણા, મિલન બાલા મકવાણા, હરેશ ખોડા મકવાણા, વિશાલ

### ૬ શખ્સો સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી તમામની ધરપકડ

ખોળા મકવાણા, અજય ભીખા મકવાણા એ ભેગા થઈ અને મહેન્દ્ર ધીમેચાના ઘરે ૬ શખ્શો એ કુહાડી, ધોકા, લાકડા વડે હિચકારો હુમલો કરતા મહેન્દ્ર ને માથાના ભાગે ગંભીર જાઓ પહોંચતા સારવાર અર્થે લીલીયા બાદ અમરેલી અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન ગઈ કાલે મહેન્દ્ર ધીમેચા એ દમ તોડતા લીલીયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક મહેન્દ્રભાઈ ના મોટા બાપુ ના દિકરા યુવરાજે આરોપી અજય ભીખા મકવાણા ડોક્યુમેન્ટ આપી બાઈક લીધું હતું અને હપ્તા ન ભરવા બાબતે ઝઘડા થતો હતો અને બનાવ હત્યામાં પલટાયો હતો આ અંગે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમડી સાનુકે તપાસ ચલાવી રહ્યા છે.

# રૂ.૧૬.૬૭ લાખના સાયબર ફ્રોડના ગુનામાં મહારાષ્ટ્રના શખ્સના જામીન મંજૂર

## શેર બજારમાં વધુ નફો કમાવવાની લાલચ આપી પોસ્ટ મુકી ડાઉનલોડ કરાવી ઠગાઈ કરી

**અબતક, રાજકોટ**

શેર બજારમાં વધુ નફો કમાવવાની ઈન્સ્ટાગ્રામમાં પોસ્ટ મુકી પ્લેસ્ટોરમાંથી બનાવટી એપ ડાઉનલોડ કરાવી ઠગાઈ કર્યાની સાયબરક્રાઈમના ગુનામાં સંડોવાયેલા આરોપીની જામીન અરજી અદાલત દ્વારા મંજુર કરવામાં આવી છે.આ કેસની હકીકત મુજબ ફરીયાદી રણજીતભાઈ સોલંકીએ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં અજાણ્યા એકાઉન્ટ ધારકો વિરૂધ્ધ એ મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, ઠગાઈ કરવાના ઈરાદે ઈન્સ્ટાગ્રામમાં લીંક મોકલી પ્લેસ્ટોરમાંથી બનાવટી અને ખોટી એપ ડાઉનલોડ કરાવી લાલચ આપી અલગ-અલગ બેંક એકાઉન્ટમાં પોતાની તેમજ પોતાના પત્નીના ખાતામાંથી કટકે-કટકે કુલ રૂા.૧૬.૬૭ લાખની છેતરપીંડી કર્યા અંગેની ફરીયાદ નોંધાવી હતી. જે ગુનામાં પોલીસે આરોપી ગૌરવ નકુલ સોનવણે (રહે. સેંદવીક કોલોની, ડીઘી રોડ, પુણે, મહારાષ્ટ્ર) ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ આરોપીએ પોતાના એડવોકેટ મારફત સેશન્સ અદાલતમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલી જતા કોર્ટે બંને પક્ષની રજુઆત બાદ બચાવ પક્ષની દલીલો ધ્યાને લઈ જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આરોપી વતી યુવા ધારાશાસ્ત્રી અમિત જનાણી તેમજ આસીસ્ટન્ટ તરીકે અકરમ સુમરા, ખુશી પટેલ તેમજ તેજલ ગઢવી રોકાયેલ હતા.

# વિસ્ફોટક પદાર્થના ગુનામાં રમેશ ખોજીરજીના જામીન મંજૂર

## વાંકાનેર તાલુકા પોલીસે દરોડો પાડો એકપ્લોઝીવનો જથ્થો ઝડપી પાડ્યો તો

**અબતક, રાજકોટ**

વાંકાનેર તાલુકા સ્ટેશનમાં એકપ્લોઝીવના ગુન્હામાં પકડાયેલ રાજકોટનો રમેશ ખોજીરજીની જામીન અરજી અદાલત દ્વારા મંજૂર કરવામાં આવી છે.વધુ વિગત એવી છે કે વાંકાનેર તાલુકા પોલીસે રાજકોટ શહેરના આજીવસાહત ખોડીયારનગરમા રહેતો રમેશભાઈ ગોરધનદાસ ખોજીરજીની વિસ્ફોટક પદાર્થના જથ્થા સાથે ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવેલ હતો. બાદ આરોપીએ મોરબીના સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ વકીલ મનિષ પી. ઓઝા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલિત તેમજ સુપ્રીમ તથા હાઈકોર્ટના ચુકાદાઓ રજુ કરીને ધારદાર દલીલ કરી હતી જેને ધ્યાને લઈને જજ કે.આર.પંડયા આરોપી રમેશ ખોજીરજીને શરતોને આધીન રેગ્યુલર જામીન મંજૂર કરેલ છે. આરોપી રમેશ ખોજીરજીના વકીલ મનિષ પી. ઓઝા (ગોપાલભાઈ) અને કુ. મેનાઝ એ.પરમાર રોકાયેલા હતા.

# આડા સંબંધની શંકાએ યુવાનની કરપીણ હત્યા

## આયુષ્માન કાર્ડ કઢાવવા ભચાઉ ગયેલા યુવાનને ‘મામાના ઘરે જવું છે’ તેમ કહી બોલાવી રહેંસી નંખાયો, બે સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ભચાઉમાં જૂની અદાવત અને આડા સંબંધની શંકાના આધારે એક ૨૩ વર્ષીય યુવાન સાગર વજુભાઈ હુડીયા (વાઘરી) ને બે શખ્સોએ વિશ્વાસમાં લઈ, ઘરે બોલાવી લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે નિર્મમ માર મારતા તેનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો છે. આ મામલે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે મૃતકના પિતાએ ભાવેશ ચતુર અને અજય ચતુર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.મૃતકના પિતા વજુભાઈ મગનભાઈ હુડીયાની નોંધાવેલ ફરિયાદ મુજબ, ભચાઉના વતની અને હાલ રાજકોટમાં રહેતો મારો દીકરો સાગરભાઈ વજુભાઈ હુડીયાની (ઉ ૨૩) ગત તારીખ ૦૮ એપ્રિલના રોજ આયુષ્યમાન કાર્ડ કઢાવવા અને આધાર-પાન લિંક કરાવવા ભચાઉ ગયો હતો. બીજા દિવસે એટલે કે ૦૯ એપ્રિલના રોજ બપોરે ૨:૦૦ વાગ્યાના અરસામાં આરોપીઓ ભાવેશ ચતુર અને અજય ચતુરે સાગરને તેના મામાના ઘરે લઈ જવાનું કહી મદિનાનગર પાસે બોલાવ્યો હતો.

આરોપીઓને શંકા હતી કે સાગરને તેમના ઘરની સ્ત્રી સાથે આડા સંબંધ છે. આ વહેમ રાખીને બંનેએ સાગરને લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે આખા શરીરે, પેટના ભાગે અને સાથળમાં જીવલેણ માર માર્યો હતો. મારા સંબંધી દીપકભાઈ વેજુભાઈ દેવીપુજકનો ફોન આવ્યો હતો. દીપકભાઈએ મને જાણકારી આપી હતી કે, ‘‘તમારા દીકરા સાગરને ભાવેશ ચતુર અને અજય ચતુર તેમના મામાના ઘરે લઈ જવાનું કહીને મદિનાનગર લઈ ગયા છે અને ત્યાં અગાઉની બાબતનું મનદુઃખ રાખી તેને ઢોર માર માર્યો છે.‘‘ આ સમાચાર મળતા જ હું તાત્કાલિક રાજકોટથી ભચાઉ પહોંચ્યા હતા અને સાગરના મોટા ભાઈ અનિલ પણ ધાંગધ્રાથી ભચાઉ દોડી આવ્યા હતા. હું ભચાઉ બસ સ્ટેન્ડ પહોચ્યો ત્યારે મારા સંબંધી સુરેશભાઈ સાગરને લઈને ત્યાં હાજર હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સાગરને પ્રથમ ભચાઉ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં ખસેડવામાં આવ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા સાગરે આખરે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. યુવાનનું મોત થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક સાગરના પિતાની ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમો અને જી.પી. એક્ટ-૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આરોપીઓએ કલેકટરના જાહેરનામાનો ભંગ કરી એક બીજાની મદદગારીથી આ કૃત્ય આચર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. ભચાઉ પોલીસે આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# અંજારમાં સરાજાહેર યુવાનની ઘાતકી હત્યા

## પોલીસે ભેદ ઉકેલી હત્યારાને સકંજામાં લીધો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારના ગંગાનાકા વિસ્તારમાં અજાણ્યા શખ્સે મુસ્તાક જુમા મન્સુરી (ઉ.વ.૩૨)નામના યુવાનને તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નીપજાવી હતી. આ બનાવને લઈને પોલીસબેડામાં દોડધામ મચી હતી. જાણવા મળતી વિગતો અનુસાર ગંગાનાકા વિસ્તારમાં બી.એમ. પેટ્રોલપંપમાં ગતરોજ સાંજે છ વાગ્યાના



અરસામાં હત્યાનો આ બનાવ બન્યો હતો. પોલીસે પ્રાથમિક વિગતો આપતાં જણાવ્યું હતું કે, નવાનગર વિસ્તારમાં રહેતા અને માલ પરિવહનના વાહનચાલક મુસ્તાકભાઈની આ પેટ્રોલપંપ પાસે રોજિંદી બેઠક હતી. આ યુવાન બનાવ સ્થળે ઊભા હતા તે સમયે અજાણ્યા શખ્સે તેના ઉપર છરી વડે હુમલો કર્યો હતો, જેના કારણે તેમને શરીરના જુદા-જુદા બે ભાગે ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા આ યુવાનને સારવાર કારગત નીવડે તે પહેલાં તેમણે આંખો મીંચી લીધી હતી. હત્યાના બનાવ અંગે સ્થાનિક પોલીસે વધુ છાનબીન આરંભી ગુનામાં સામેલ આરોપીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કરી વધુ તપાસ આરંભી છે. હાલમાં પોલીસ વિધિવત રીતે ગુનો નોંધવા સહિતની કાર્યવાહીમાં પરોવાયેલી હોવાથી વધુ વિગતો સપાટી ઉપર આવી ન હતી.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૯૬૦ | ૧૫૫૧ | ૧૭૮૦ |
| ઘઉં લોકવન | ૬૦૦૦ | ૪૩૨ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૧૬૦૦૦ | ૪૪૦ | ૬૧૫ |
| જુવાર સફેદ | ૨૦૦ | ૮૨૫ | ૯૫૬ |
| જુવાર લાલ | ૫ | ૯૬૦ | ૧૦૫૦ |
| જુવાર પીળી | ૪૦ | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૧૦૦ | ૩૬૦ | ૪૭૦ |
| તુવેર | ૧૪૪૦ | ૧૩૩૦ | ૧૫૪૦ |
| ચણા પીળા | ૧૩૦૦૦ | ૯૨૧ | ૧૦૫૮ |
| ચણા સફેદ | ૯૦૦૦ | ૧૧૫૧ | ૧૭૫૦ |
| અડદ | ૧૧૬ | ૧૩૦૦ | ૧૫૮૪ |
| મગ | ૨૫૦ | ૧૧૦૦ | ૧૭૫૦ |
| વાલ દેશી | ૧૬૦ | ૮૮૦ | ૧૨૩૦ |
| ચોળી | ૧૪ | ૧૨૩૭ | ૧૨૩૭ |
| વટાણા | ૧૩૦૦ | ૬૫૦ | ૧૧૧૨ |
| રાજમા | ૨૬૦ | ૬૫૦ | ૧૮૪૦ |
| સીંગદાણા | ૮ | ૧૮૨૦ | ૧૯૪૦ |
| મગફળી જાડી | ૪૦૦ | ૧૩૧૦ | ૧૫૨૦ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૩૫૦ | ૧૬૮૪ |
| અળશી | ૭ | ૧૧૫૦ | ૧૪૭૦ |
| તલી | ૩૪૦ | ૧૮૦૦ | ૨૦૫૦ |
| સુરજમુખી | ૫ | ૯૨૫ | ૧૦૫૦ |
| એરંડા | ૦ | ૧૧૯૧ | ૧૨૪૪ |
| અજમો | ૧૬ | ૧૫૦૦ | ૨૫૫૦ |
| સુવા | ૭૦ | ૧૩૦૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૧૬૦ | ૮૫૦ | ૧૦૭૦ |
| સીંગફાડા | ૨૦૦ | ૧૨૮૦ | ૧૮૮૯ |
| કાળા તલ | ૧૯૦ | ૨૧૦૦ | ૩૮૦૦ |
| લસણ | ૦ | ૭૩૦ | ૧૫૩૦ |
| ધાણા | ૭૦૦ | ૨૨૦૦ | ૨૫૨૫ |
| મરચા સુકા | ૨૦૦ | ૨૦૦૦ | ૬૨૦૦ |
| ધાણી | ૫૦૦ | ૨૨૭૫ | ૨૬૫૦ |
| વરીયાળી | ૧૦૮૦ | ૧૪૫૦ | ૨૩૩૫ |
| જીરૂ | ૦ | ૩૫૫૦ | ૪૦૭૫ |
| રાય | ૫૦૦ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| મેથી | ૨૨૦૦ | ૧૧૩૦ | ૧૭૦૦ |
| ઈસબગુલ | ૨૬ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| અશેરીયો | ૭ | ૧૦૨૫ | ૧૧૫૦ |
| કલોંજી | ૮૪૦ | ૨૫૦૦ | ૩૨૩૦ |
| રાયડો | ૪૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦ |

# ધનના ઢગલા: ઉત્તર ગુજરાત પોસ્ટ વિભાગની આવકનો આંક રૂ.૨૪૬ કરોડને પાર



## ડાક સેવા જન સેવા સૂત્ર સાથે કાર્યરત પોસ્ટલ વિભાગ નું લોકોમાં વધતું આકર્ષણ આર્થિક ક્રાંતિના પગરણ સમાન બન્યું: કૃષ્ણકુમાર યાદવ

**અબતક, રાજકોટ**

ડાકિયા ડાક લાયા ખુશી કા પેગામ લાયા... ટપાલી અને ટપાલ સેવા માત્ર પત્ર પુરતીમર્યાદિત નથી હવે ડાક વિભાગની સેવા સમગ્ર દેશના દૈનિક વ્યવહારથી લઈ બચત થી સમૃદ્ધિ સુધીની મંઝિલ બનવા જઈ રહી છે ,પોસ્ટ માસ્તર જનરલ કૃષ્ણકુમાર યાદવ એ જણાવ્યું હતું કે ડાક સેવા જન સેવાના સૂત્ર સાથે લોકોમાં વધુ આકર્ષક અને આર્થિક ક્રાંતિ નો પાયો બની રહ્યો છે

અમદાવાદ ઉત્તર ગુજરાત પોસ્ટલ પરિક્ષેત્રે પોતાના ઉત્તમ કાર્યોથી બહુઆયામી ઉપલબ્ધિઓનો નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવના નેતૃત્વ હેઠળ ‘ડાક સેવા, જન સેવા’ના મૂળ મંત્રને સાર્થક બનાવતાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ રૂ. ૨૪૬.૭૯ કરોડની રેવેન્યુ પ્રાપ્ત કરવામાં આવી, જે ગયા નાણાકીય વર્ષ કરતાં ૨૫.૦૭%ની પ્રભાવશાળી વૃદ્ધિ દર્શાવે છે. ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે યોજાયેલી સમીક્ષા બેઠક દરમિયાન જાણ કરવામાં આવી કે ડાક નિદેશાલય દ્વારા નિર્ધારિત તમામ ૭ વર્ટીકલ માં નોંધપાત્ર કામગીરી નોંધાઈ છે. આ દરમિયાન પોસ્ટ ઓફિસ બચત બેંકમાં રૂ૧૦૧ કરોડની આવક પ્રાપ્ત થઈ, જે ગયા વર્ષની તુલનામાં ૩.૦૬% વધુ છે. ડાક જીવન વીમામાં રૂ ૯.૮૬ કરોડ અને ગ્રામિણ ડાક જીવન વીમામાં રૂ૬.૫૭ કરોડની રેવેન્યુ પ્રાપ્ત થઈ, જેમાં અનુક્રમે ૨૮.૬૮% અને ૧૫.૭૮%નો વધારો નોંધાયો છે. મેલ ઓપરેશન અને પાર્સલમાં અનુક્રમે ₹૫૯.૦૪ કરોડ અને રૂ૪૮.૨૦ કરોડની રેવેન્યુ પ્રાપ્ત થઈ, જે ગયા વર્ષની તુલનામાં અનુક્રમે ૨૧.૧૭% અને ૧૯૦.૧૨%ની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય મેલમાં રૂ ૮.૫૫ કરોડની રેવેન્યુ પ્રાપ્ત થઈ, જે વૈશ્વિક સ્તરે પોસ્ટલ સેવાઓના વિસ્તરણ અને વધતી માંગને પ્રતિબિંબિત કરે છે. નાગરિક-કેન્દ્રિત સેવાઓમાં રૂ ૧૩.૪૭ કરોડની રેવેન્યુ પ્રાપ્ત થઈ, જે ગયા વર્ષની તુલનામાં ૨૩.૭૪%ની વૃદ્ધિ દર્શાવે છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવના નેતૃત્વ હેઠળ ગયા વર્ષે ‘પોસ્ટલ વોરિયર્સ’ અભિયાન ચલાવી પોસ્ટ ઓફિસ દ્વારા નાણાકીય સમાવેશ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પરિણામે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં ૮.૮૪ લાખ નવા પોસ્ટ ઓફિસ બચત બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા, અને સાથે જ કુલ બચત બેંક ખાતાઓની સંખ્યા ૪૩ લાખને પાર પહોંચી ગઈ. પ્રથમ વખત પોસ્ટ ઓફિસ બચત બેંકની આવક રૂ ૧૦૦ કરોડને પાર કરીને રૂ ૧૦૧ કરોડ સુધી પહોંચી ગઈ છે. અમદાવાદ શહેર મંડળે ઉત્તમ કામગીરી કરતાં સમગ્ર ગુજરાતમાં ગયા વર્ષે સર્વાધિક ૨.૯૪ લાખ નવા ખાતાઓ ખોલીને અગ્રણી સ્થાન મેળવ્યું છે. ૨૬ હજારથી વધુ લોકોએ ડાક જીવન વીમા અને ગ્રામિણ ડાક જીવન વીમાની પોલિસીઓ લીધી છે.

ઈન્ડિયા પોસ્ટ દ્વારા નાગરિક-કેન્દ્રિત સેવાઓના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે. પોસ્ટ ઓફિસ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉત્તર ગુજરાતમાં ૪.૧૯ લાખ લોકોને આધાર સેવાઓનો લાભ આપવામાં આવ્યો, જેમાંથી ૩.૩૧ લાખ લોકોએ પોસ્ટ ઓફિસ કાઉન્ટર પરથી અને ૮૮ હજાર લોકોએ સીઈએલસી મારફતે ડોરસ્ટેપ આધાર સેવાઓ પ્રાપ્ત કરી. આ ઉપરાંત, પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો દ્વારા કુલ ૬૮,૭૦૨ પાસપોર્ટ અરજીઓ પ્રોસેસ કરવામાં આવી. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રની આ ઉપલબ્ધિઓ પોસ્ટ વિભાગની સેવા ગુણવત્તા, પારદર્શિતા, નવીનતા અને જનસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે, જે સમાજના તમામ વર્ગોને સશક્ત બનાવવા માટે સતત કાર્યરત છે.

સહાયક નિદેશક શ્રી અલ્પેશ શાહે જણાવ્યું કે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના નેતૃત્વ હેઠળ ‘પોસ્ટલ વોરિયર્સ’ અભિયાન અંતર્ગત ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના તમામ ૧૯૦૫ બ્રાંચ પોસ્ટ ઓફિસને સિલ્વર પોસ્ટલ વોરિયર, ૧૭૦૪ બ્રાંચ પોસ્ટઓફિસને ગોલ્ડ વોરિયર, ૧૯૦ બ્રાંચ પોસ્ટઓફિસને ડાયમંડ વોરિયર અને ૪૮ બ્રાંચ પોસ્ટઓફિસને પ્લેટિનમ વોરિયર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપલબ્ધિ પરિક્ષેત્રના તમામ મંડલાધીક્ષકો, ઉપમંડલાધીક્ષકો, પોસ્ટમાસ્ટરો, બ્રાંચ પોસ્ટમાસ્ટરો તેમજ ફિલ્ડ સ્ટાફના સંયુક્ત પ્રયાસો, ઉત્તમ સમન્વય અને મજબૂત ટીમ ભાવનાનું પ્રતિફળ છે.

# ભાણવડના ચના દેવાનો સવા કરોડનો દારૂ ચોટીલા પાસેથી ઝડપી લેતી રેન્જ સ્કોડ

## રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.સી. મિયાત્રાની ટીમનો દરોડોઃ ૧૦,૭૪૦ બોટલ દારૂ, ટ્રક અને મોબાઈલ મળી રૂા. ૧.૪૬ કરોડનો મુદ્દામાલ કબ્જે, સાહિદ સંધીની ધરપકડ : બુટલેગર સહિત ચારની શોધખોળ





**અબતક, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ પર આવેલા ચોટીલા નજીક રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. જેમાં ભાણવડના ચના દેવાનો દોઢ કરોડનો દારૂનું કટિંગ થાય તે પૂર્વે જ પીએસઆઈ બી.સી. મિયાત્રાની ટીમ ત્રાંટકી ૧૦,૭૪૦ બોટલ દારૂ, ટ્રક અને મોબાઈલ મળી રૂા. ૧.૪૬ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે સાહિદ સંધીની ધરપકડ કરી પ્રાથમિક પુછપરછમાં આ દારૂનો જથ્થો મંગાવનાર ચના દેવા રબારી સહિત ચાર શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

લોધીકા નજીક ફાર્મહાઉસમાં એસએમસીએ પાડેલા દરોડા બાદ રેન્જ આઈજી નિર્લિપ્તરાયે પોલીસ પર કરેલી તવાઈને પગલે પોલીસ સ્ટાફ હરકતમાં આવ્યો છે.

વધુ વિગત મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે બુટલેગરો દ્વારા મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાની રાજકોટ રેન્જના વડા નિર્લિપ્તરાયને ધ્યાને આવતા રેન્જના તમામ જિલ્લાના પોલીસવડાને સઘન પેટ્રોલીંગ અને વાહન ચેકીંગ હાથ ધરવા સુચના આપી હતી. તેમજ રાજકોટ રેન્જની ટીમને પણ પેટ્રોલીંગ હાથ ધરવા આપેલા આદેશને પગલે પીએસઆઈ બીસી મિયાત્રા સહિતના સ્ટાફે સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમાન ઝાલાવાડ પંથકમાં પેટ્રોલીંગ હાથ ધર્યુ હતું. ત્યારે વિદેશી દારૂનો જથ્થો ભરીને ટ્રક આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે ચોટીલા પાસે જાનીવડલા પાસે ગાત્રાળ હોટલ પાસે વોચ ગોઠવી હતી. ત્યારે પુરપાટ ઝડપે આવતા ટ્રકને અટકાવી તલાશી લેતા જેમાંથી રૂા.

(અનુ. આઠમા પાને)

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે

# કોંગ્રેસે ૪૦ સ્ટાર પ્રચારકોના નામની યાદી કરી જાહેર

## ભાજપની યાદી ચૂંટણી પંચ પાસે મુકી દેવાયઃ નામ જાહેર કરવાની બાકી



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા ૪૦ સ્ટાર પ્રછારકોના નામની યાદી જાહેર કરવામાં આવી છે. ભાજપની યાદી ચૂંટણી પંચ સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરી દેવામાં આવી છે. હવે મંજુરી મળ્યા બાદ જાહેર કરવામાં આવશે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ, સંગઠન મહામંત્રી, મહામંત્રીઓ, અને સાંસદ-ધારાસભ્યો સહિત ૬૨ ટોચના નેતાઓને પ્રચારક તરીકે જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ આદમી પાર્ટીએ સ્ટાર પ્રચારકોના નામ જાહેર કરી દીધા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે કોંગ્રેસ દ્વારા જે ૪૦ નેતાઓની સ્ટાર પ્રચારની યાદી જાહેર કરવામાં આવી છે. તેમાં મુકુલ વાસનિક, અમિત ચાવડા, ડો. તુષાર ચૌધરી, ભરતસિંહ સોલંકી, શક્તિસિંહ ગોહિલ, જગદીશ ઠાકોર, સિદ્ધાર્થ પટેલ, સુખરામ રાઠવા, પરેશ ધાનાણી, રામકૃષ્ણ ઓઝા, શૂભાસીની યાદવ, દેવેન્દ્ર યાદવ, શ્રીનિવાસ બી.વી., ડો. અમિબેન યાજ્ઞિક, ધારાસભ્ય શૈલેષ પરમાર,

(અનુ. આઠમા પાને)

# ડ્રાઈવીંગ લાઈસન્સ એક્સપાયર થયા પછી પણ એક મહિનો માન્ય રહેશે

## વાહનનું રજીસ્ટ્રેશન રદ કરવાની મુદત ૧૪ દિવસથી વધારી 30 દિવસ કરાયઃ વીમો ટ્રાન્સફર કરવા માટે 30 દિવસ મળશે

**અબતક, રાજકોટ**

ડ્રાઈવિંગ લાઈસન્સ એક્સપાયર થયા બાદ પણ ૧ મહિના સુધી માન્ય ગણાશે "મોટર વાહન વ્યવહાર વિભાગે ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહન ઈન્શ્યોરન્સ મુદ્દે નવા નિયમ બહાર પાડ્યા છે. ઈવિંગ લાઈસન્સ એક્સપાયર થયા પછી તેની મુદતમાં એક મહિનાનો વધારો કર્યો છે. અગાઉ લાઈસન્સની મુદત પૂરી થાય એટલે રદ થઈ જતું હતું."

"વાહન રજિસ્ટ્રેશન રદ કરવાના સમયગાળો ૧૪થી વધારી 30 દિવસ કરાયો છે. વાહનમાં નામ ટ્રાન્સફર કેસમાં ઈન્સ્યોરન્સમાં નામ ટ્રાન્સફર ૧ મહિના સુધી કરી શકાશે. કેન્દ્રે મોટર વ્હિકલ એક્ટમાં સુધારો કરી જનવિશ્વાસ બિલ મુક્યું છે. અકસ્માત થાય ત્યારથી માંડી ૧ વર્ષ સુધી વળતર માટે અરજી કરી શકાશે. અગાઉ ૬ મહિના સુધી થતી હતી. નવા સુધારા અંગે આરટીઓ અધિકારીને ખ્યાલ નથી. પરિવહન પોર્ટલમાં સુધારો થયા પછી તેમને નવા સુધારાની જાણ થશે."

વાહનનું રજિસ્ટ્રેશન રદ સહિતના નિયમમાં સુધારા કરાયા છે જેમાં ડ્રાઈવિંગ લાઈસન્સ : એક્સપાયરી ડેટ પછી હવે ૧ માસ સુધી માન્ય રહેશે. ઈન્શ્યોરન્સ ટ્રાન્સફર : વીમો ટ્રાન્સફર કરવા માટે 30 દિવસ મળશે.

રજિસ્ટ્રેશન રદ : વાહનની

(અનુ. આઠમા પાને)

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# માહોલ બનતો નથીઃ રાજકીય પક્ષો - ઉમેદવારોના 'બીપી' વધ્યાં

## મતદાનના આડે હવે એક સપ્તાહ જ બાકી છતાં મતદારો પોતાનું મન હળવા દેતા નથીઃ કાળઝાળ ગરમી – ઉમેદવારો સામેની નારાજગી જેવા અનેક પરિબળોના કારણે પ્રચારમાં પણ ચૂંટણી જેવું લાગતું નથી

**અબતક, રાજકોટ**

રાજયમાં આગામી ૨૬મી એપ્રિલના રોજ ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગર પાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતોની ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. હવે મતદાનના આડે માત્ર એક સપ્તાહનો સમય બાકી રહ્યો છે. છતાં બરાબર માહોલ બનતો નથી જેના કારણે ચૂંટણી લડી રહેલા ઉમેદવારો અને રાજકીય પક્ષોની ચિંતા વધી રહી છે. કાળઝાળ ગરમીમાં લોક સંપર્કમાં પણ કાર્યકરો કે સામાન્ય જનતા જોડાતી નથી. આ વખતે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની તારીખ જાહેર કર્યા બાદ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૯ દિવસમાં આટોપી લેવાની ઘોષણા કરી છે. માત્ર ૨૫ દિવસ બાદ મતદાન યોજાવાની જાહેરાત કરાય હતી. રાજકીય પક્ષોએ પણ મોડા મોડા ઉમેદવારોના નામ જાહેર કર્યા હોવાના પ્રચાર માટે આમ પણ ઓછો સમય મળ્યો છે. આવામાં કાળઝાળ ગરમીના કારણે ચૂંટણી પ્રચારમાં બરાબર માહોલ દેખાતો નથી. અનેક જગ્યાઓએ ઉમેદવારોની પસંદગી, ટિકીટ ફાળવણી સામે પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચારના ભુંગળા શાંત કરી દેવા પડે છે. આવામાં હવે પ્રચાર માટે માત્ર એક સપ્તાહ બાકી રહ્યો છે. છતાં ગ્રામ્ય કે શહેરી વિસ્તારમાં કાંક ચૂંટણી જેવું દેખાતું નથી. અનેક સ્થળોએ ઉમેદવારો પણ લોક રોષનો ભોગ બનવું પડે છે. ગામે ગામથી પ્રાથમિક સુવિધાના પ્રશ્ને મતદાનના બહિષ્કાર કરવાની ચિમકીઓ પણ ઉચ્ચારવામાં આવી રહી છે. લોક સંપર્ક દરમિયાન ચૂંટણી લડતા ઉમેદવારો કે રાજકીય પક્ષોના નેતાએ ભારે લોક રોષનો સામનો કરવો પડી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકિય પક્ષોમાં ટિકીટ ફાળવણીને લઈ કાર્યકરો અને આગેવાનોમાં વધતા ઓછા પ્રમાણમાં નારાજગી જોવા મળી રહી છે. ડેમેજ કન્ટ્રોલ થતું નથી. જેની અસર પણ પ્રચાર દરમિયાન જોવા મળી રહી છે. કાર્યકરો ખંતથી પ્રચારમાં જોડાતા નથી. કાળઝાળ તડકાના કારણે સવારે બે થી ત્રણ કલાક અને બપોર બાદ બે થી ત્રણ કલાક પ્રચાર માટે મળે છે. બાકી તમામ વ્યવસ્થા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયે બેસીને ગોઠવવી પડે છે. હવે જો મતદાનના દિવસે એટલે કે જો ૨૬મી એપ્રિલના રોજ ગરમી વધુ હશે તો તેની માઠી અસર પણ મતદાન પર પડી શકે છે. સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં હાર જીતનું અંતર ખુબ જ ઓછું રહેતું હોય છે

### પક્ષ વિરોધી પ્રવૃતિ કરનારાઓને ભાજપે દરવાજા દેખાડવાનું શરૂ કર્યુ

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં પક્ષમાં રહીને પક્ષ વિરોધી પ્રવૃતિઓ કરનારાઓ સામે ભાજપે દરવાજા દેખાડવાનું શરુ કર્યુ છે. વડોદરામાં ભાજપે ૧૧ કાર્યકરોને સસ્પેન્ડ કરી દીધા છે. કેટલીક જગ્યાએ ચૂંટણીના પરિણામો આવી ગયા બાદ કેટલાક સ્થળોએ પક્ષ વિરોધીઓ સામે આકરા પગલા લેવામાં આવશે.


પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક ® સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

**યોજના નં. ૧**

લવાજમ રૂ.૧૧૧૧/-





બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ

**યોજના નં. ૨**

લવાજમ રૂ.૧૨૨૫/-





પ્રીમીયમ ૧ કિલો ચા

**વિશેષ નોંધઃ**

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234